# કલાપૂર્ણ સ્વાધ્યાય

## ૩૫

**ઉત્તરાધ્યયન સૂત્ર**
**અર્થ સહિત ભાગ-૪**
**(૩૨ થી ૩૬ અધ્યયન)**

: દિવ્યાશિષદાતા :

પ.પૂ. આચાર્ય ભગવંત
શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.

: શુભાશિષદાતા :

પ.પૂ. મધુરભાષી આચાર્ય ભગવંત
શ્રી કલાપ્રભસૂરીશ્વરજી મ.સા.

: પ્રેરક :

પ.પૂ. મુનિ શ્રી અમિતયશ વિજયજી મ.સા.

# ધન્ય ભક્તિ - ધન્ય દાતા

પ.પૂ. આચાર્યદેવ શ્રી વિજય
**શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.** ના
શિષ્યરત્ન પૂ. મુનિ
**શ્રી અમિતયશવિજયજી મ.સા.** ની
શુભ પ્રેરણાથી ૭૫મી ઓળીના પારણા
પ્રસંગે આ પુસ્તકનો સંપૂર્ણ લાભ લેનાર
**શ્રી શેફાલી શ્વેતામ્બર મૂર્તિપૂજક**
**જૈન સંઘ** ના
જ્ઞાન ખાતામાંથી આ પુસ્તક
પ્રકાશનનો લાભ લેવામાં આવેલ છે.

: પ્રકાશક :
શ્રી કલાપૂર્ણ જૈન આરાધક મંડળ, મદ્રાસ

॥ શ્રી શત્રુંજય મહાતીર્થાય નમઃ ॥

શ્રી પદ્મજીત-હીર-કનક-દેવેન્દ્ર-કંચન-કલાપૂર્ણસૂરી સદ્‌ગુરુભ્યો નમઃ

# કલાપૂર્ણ સ્વાધ્યાય

## ૩૫

# ઉત્તરાધ્યયન સૂત્રમ્

## અર્થ સહિત ભાગ - ચોથો

## (૩૨ થી ૩૬ અધ્યયન)


● સંપાદક ●

**પૂ. પંન્યાસ પૂર્ણચન્દ્રવિજયજી મ.સા.**

● પ્રેરક ●

**મુનિ અમિતયશવિજયજી મ.સા.**



● પ્રકાશક ●

શ્રી કલાપૂર્ણ જૈન આરાધક મંડળ, મદ્રાસ

પુસ્તક : ઉત્તરાધ્યયન સૂત્રમ્

સંપાદક : પૂ. પંન્યાસ પૂર્ણચન્દ્રવિજયજી મ.સા.

પ્રેરક : મુનિ અમિતયશવિજયજી મ.સા.

નકલ : ૧૦૦૦

આવૃત્તિ : પ્રથમ, વિ. સં. ૨૦૬૪, સન્ ૨૦૦૮

કિંમત : રૂા. ૨૦-૦૦

પ્રકાશક : શ્રી કલાપૂર્ણ જૈન આરાધક મંડળ, મદ્રાસ
શ્રી શંખેશ્વર કલા ભક્તિ જૈન મંડળ,
શંખેશ્વર

મુદ્રક : વિરલ ટ્રેડર્સ
૧૦, ન્યુ ફલાવરકુંજ સોસા., ફતેપુરા,
પાલડી ભઠ્ઠા, અમદાવાદ-૩૮૦ ૦૦૭
મો. : ૯૮૨૪૮ ૯૪૯૩૩

# પ્રસ્તાવના

ઉત્તરાધ્યયન સૂત્ર ૪૫ આગમન પૈકી એક મૂલસૂત્ર છે. જેના ૩૬ અધ્યયનની પ્રત્યેક ગાથામાં ભાવ સભર રહસ્યનું ઝરણું પ્રવાહિત છે. ત્રિલોકીનાથ પ્રભુ મહાવીરની અંતિમ દેશનામાંથી સૂત્રરૂપે નિબદ્ધ આ ગ્રન્થ સંવેગ-વૈરાગ્ય આદિથી ભરપૂર છે. સાધુ-સાધ્વીજી ભગવંતો દીક્ષા પશ્ચાત્ અમુક વર્ષ પછી આ સૂત્રના યોગોદ્વહન કરે છે. તથા તેની યોગ્યતા પ્રાપ્ત કરે છે. સાધુ - સાધ્વી આ ગ્રન્થને મુખપાઠ અને અર્થ સહિત સ્વાધ્યાય કરે તે શુભ હેતુથી આ ગ્રન્થ સંપાદિત કરવામાં આવેલ છે. અન્ય પુસ્તકોમાંથી (પૂ. આ. ભુવનતિલકસૂરિ શિષ્ય પૂ. આ. ભદ્રંકરસૂરિ કૃત) આ ગ્રન્થનો અનુવાદ લેવામાં આવેલ છે. મુનિશ્રી અમિતયશવિજયજીના પ્રયત્નથી છપાઈ રહેલ કલાપૂર્ણ સ્વાધ્યાય સેટ અન્તર્ગત આ ૩૫મા પુસ્તકમાં ઉત્તરાધ્યયન સૂત્રના ૩૨ થી ૩૬ અધ્યયન અહીં સાર્થ આપવામાં આવેલ છે. જેના સ્વાધ્યાયથી આત્માર્થીગણ સ્વ-પર કલ્યાણને સાધે એ જ અભ્યર્થના.

સં. ૨૦૬૪, પોષ વદ - ૧૨ — પંન્યાસ પૂર્ણચન્દ્રવિજયજી

ગોંડલ — આધોઈ-ગિરનાર સિધ્ધાચલ છ'રીપાલક યાત્રા સંઘ

## પ્રાપ્તિ સ્થાન

**મહાવીર જૈન ઉપકરણ ભંડાર**
**દિનેશભાઈ મણીયાર**
યાત્રિક ભવન ધર્મશાળા પાસે, શંખેશ્વર.

— — — — — — — — — —

**પાર્શ્વનાથ પુસ્તક ભંડાર**
**ગીરીશભાઈ પી. કોઠારી**
ભોજન શાળાની બાજુમાં,
શંખેશ્વર.

— — — — — — — — — —

**પાર્શ્વનાથ પુસ્તક ભંડાર**
**મહેન્દ્રભાઈ કોઠારી**
તળેટી રોડ, પાલીતાણા.

— — — — — — — — — —

**નવનીતભાઈ મહેતા**
૧૦, ન્યુ ફ્લાવરકુંજ સોસા., ફતેપુરા,
પાલડી, અમદાવાદ.

# ૩૨ શ્રી પ્રમાદસ્થાનીય અધ્યયન

**અચ્ચન્તકાલસ્સ સમૂલગ્ગસ,**
**સવ્વસ્સ દુક્ખસ્સ ઉ જો પમોક્ખો;**
**તં ભાસઓ મે પડિપુણ્ણચિત્તા !**
**સુણેહ એગન્તહિયં હિયત્થં.** ૧

**અર્થ :** અનાદિકાળવાળા, કષાય-અવિરતિ રૂપ મૂલવાળા અને સર્વને દુઃખ કરનાર સંસારથી મુક્તિ રૂપ કહેવાતા મોક્ષતત્ત્વને, એકાન્ત હિતકારી મોક્ષ ખાતર, અખંડિત ચિત્તવાળા બની તમે સાંભળો. (૧-૧૨૨૧)

**નાણસ્સ સવ્વસ્સ પગાસણાએ,**
**અન્નાણ-મોહસ્સં વિવજ્જણાએ;**
**રાગસ્સ દોસસ્સ ય સંખએણં,**
**એગન્તસોક્ખં સમુવેઇ મોક્ખં.** ૨

**અર્થ :** મતિજ્ઞાનાદિ સર્વ જ્ઞાનને નિર્મલ કરવા દ્વારા, મતિઅજ્ઞાન આદિરૂપ અજ્ઞાન અને દર્શનમોહનીય રૂપ મોહ - એ બન્નેની, મિથ્યાશ્રુતના

શ્રવણના ત્યાગ અને કુદષ્ટિસંગના ત્યાગ દ્વારા વિવર્જનાથી, રાગ અને દ્વેષના વિનાશથી અર્થાત્ જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ મોક્ષમાર્ગથી એકાન્ત સુખવાળા મોક્ષને આત્મા પામે છે. જ્ઞાનાદિથી દુઃખપ્રમોક્ષ ભલે હો, પણ જ્ઞાનાદિની પ્રાપ્તિનો હેતુ ક્યો છે ? તે કહે છે. (૨-૧૨૨૨)

**તસ્સેસ મગ્ગો ગુરુ-વિદ્ધસેવા,**
**વિવજ્જણા બાલજણસ્સ દૂરા;**
**સજ્ઝાય એગન્તનિસેવણા ય,**
**સુત્તત્થ સંચિંતણયા ધિઈથ ય. 3**

**અર્થ** : યથાર્થ શાસ્ત્રકથક ગુરૂઓની અને શ્રુતપર્યાય વગેરેથી સ્થવિર એવા વૃદ્ધોની સેવા, પાર્શ્વસ્થ વગેરેનો દૂરથી ત્યાગ (કેમ કે - તેઓનો સ્વલ્પ પણ સંગ મહા દોષ છે), એકાન્તથી સ્વાધ્યાયનું સેવન, સૂત્રાર્થનો વિચાર, મનની સ્વસ્થતા રૂપ ધૃતિ-આ બધા કારણો-ઉપાયો જ્ઞાન-દર્શન-ચાત્રિ રૂપ મોક્ષમાર્ગના છે - એમ સમજવું. (૩-૧૨૨૩)

**આહારમિચ્છે મિતમેસણિજ્જં,**
**સહાયમિચ્છે નિઉણટ્ઠબુદ્ધિં;**
**નિકેયમિચ્છેજ્જ વિવેગજોગ્ગં,**
**સમાહિકામે સમણે તવસ્સી. ૪.**

**અર્થ :** મિત અને એષણીય આહારને ઈચ્છે પણ એનાથી ઉલટાને ન ઈચ્છે, જીવાદિ પદાર્થ વિષયક નિપુણ જ્ઞાનવાળાને સહાયક તરીકે ઈચ્છે અને સ્ત્રી આદિના સંસર્ગરહિત-ઉચિત આશ્રયને ઈચ્છે. સમાધિની કામનાવાળો શ્રમણ તપસ્વી, ઉપરોક્ત આહાર, સહાયક અને આશ્રયને ઈચ્છે પણ એનાથી વિપરીતની ઈચ્છા ન કરે. (૪-૧૨૨૪)

**ન વા લભેજ્જા નિઉણં સહાયં,**
**ગુણાહિયં વા ગુણઓ સમં વા;**
**એક્કો વિ પાવાઇં વિવજ્જયન્તો,**
**વિહરેજ્જ કામેસુ અસજ્જમાણો. ૫**

**અર્થ :** જો કદાચ જ્ઞાનાદિથી અધિક કે સમાન નિપુણ સાથીદાર-સહાયક ન મળે, તો કામભોગોમાં

આસક્તિને નહિ કરતો અને પાપના હેતુભૂત અનુષ્ઠાનોનો ત્યાગ કરતો, ગીતાર્થ બનેલો એકલો પણ વિહાર કરે ! હવે જ્ઞાનાદિના અવરોધક અને દુઃખહેતુભૂત મોહાદિનો જે પ્રકારે ઉત્પાદ, જે પ્રકારે ક્ષય અને જે પ્રકારે તેના ક્ષયમાં દુઃખનો ક્ષય છે, એ વિષય કહે છે. (૫-૧૨૨૫)

**જહા ય અંડપ્પભવા બલાગા,**
**અંડં બલાગપ્પભવં જહા ય;**
**એમેવ મોહાયતણં ખુ તણ્હં,**
**મોહં ચ તણ્હાયતણં વયન્તિ.** ૬

**રાગો ય દોસો વિ ય કમ્મબીયં,**
**કમ્મં ચ મોહપ્પભવં વદન્તિ;**
**કમ્મં ચ જાઈ-મરણસ્સ મૂલં,**
**દુક્ખં ચ જાઈ-મરણં વયન્તિ.** ૭

**દુક્ખં હયં જસ્સ ન હોઇ મોહો,**
**મોહો હઓ જસ્સ ન હોઇ તણ્હા;**
**તણ્હા હયા જસ્સ ન હોઇ લોહો,**
**લોહો હઓ જસ્સ ન કિંચણાઇં.** ૮

**અર્થ :** જે પ્રકારે ઇંડાથી પેદા થનારી બગલી-કુકડી છે અને ઇંડું બગલી-કુકડીથી પેદા થનાર છે, તે જ પ્રકારે અજ્ઞાન અને મિથ્યાદર્શન રૂપ મોહના ઉત્પત્તિસ્થાનવાળી તૃષ્ણા છે. અર્થાત્ મોહ તૃષ્ણાથી પેદા થયો અને તૃષ્ણાની ઉત્પત્તિસ્થાન-વાળો મોહ છે, યાને મોહથી રાગ-દ્વેષ રૂપી તૃષ્ણા પેદા થાય છે. અહીં તૃષ્ણા અને મોહનો પરસ્પર કાર્ય - કારણભાવ-જન્ય-જનકભાવ છે. રાગ અને દ્વેષ જ્ઞાનાવરણાદિ કર્મનું બીજ-કારણ છે અને કર્મ રાગ-દ્વેષ રૂપ મોહનું કારણ છે. અહીં કર્મ અને રાગ-દ્વેષ રૂપ મોહનો પરસ્પર કાર્ય - કારણભાવ છે. જન્મ-મરણનું મૂળ કારણ કર્મ છે અને જન્મ-મરણ દુઃખનું કારણ છે. જેની પાસે દુઃખમૂલ મોહ નથી, તેનું દુઃખ હતપ્રહત થયું. જેને મોહહણ્યો તેને રાગ-દ્વેષ રૂપ તૃષ્ણા હોતી નથી. જેણે તૃષ્ણા હણી, તેણે લોભ હણ્યો જ. જેનો લોભ હણાયો, તેની પાસે કાંઈ દ્રવ્યો હોતાં નથી અર્થાત્ અકિંચન બને છે. જો દ્રવ્યો હોય તો પ્રાયઃ અભિલાષા થાય. દ્રવ્યાભાવ, નિરીહ-

અકિંચન બનાવે છે. (૬ થી ૮ - ૧૨૨૬ થી ૧૨૨૮)

**રાગં ચ દોસં ચ તહેવ મોહં,**
**ઉદ્ધત્તુકામેણ સમૂલજાલં;**
**જે જે ઉવાયા પડિવજ્જિયવ્વા,**
**તે કિત્તયિસ્સામિ અહાણુપુવ્વિં.** ૯

**અર્થ** : તીવ્ર કષાય વગેરે અને વિષય વગેરે મૂલોની જાલ સહિત, રાગ, દ્વેષ અને મોહનું ઉન્મૂલન કરવાની ઈચ્છાવાળાએ, જે જે ઉપાયો સ્વીકારવા યોગ્ય છે, તે તે ઉપાયોને હું ક્રમસર કહીશ. (૯-૧૨૨૯)

**રસા પગામં ન નિસેવિયવ્વા,**
**પાયં રસા દિત્તિકરા નરાણં;**
**દિત્તં ચ કામા સમભિદ્દવન્તિ,**
**દુમં જહા સાદુફલં વ પક્ખી.** ૧૦

**જહા દવગ્ગી પઉરિન્ધણે વણે,**
**સમારુઓ નોવસમં ઉવેઇ;**
**એવિન્દિયગ્ગી વિ પગામભોઇણો,**
**ન બમ્ભચારિસ્સ હિયાય કસ્સઈ.** ૧૧

વિવિત્તસેજ્જાસણ જન્તિયાણં,
ઓમાસણાણં દમિઇન્દિયાણં;
ન રાગસત્તૂ ધરિસેઇ ચિત્તં,
પરાઇઓ વાહિરિ વોસહેહિં. ૧૨

જહા વિરાલાવસહસ્સ મૂલે,
ન મૂસગાણં વસહી પસત્થા;
એમેવ ઇત્થીનિલયસ્સ મજ્ઝે,
ન બમ્ભચારિસ્સ ખમો નિવાસો. ૧૩

અર્થ : દૂધ વગેરે વિગઈઓ રૂપ રસો અત્યંત વાપરવા નહિ, કેમ કે - બહુધા રસો નર-નારીઓને ધાતુઓનો ઉદ્રેક કરનારા છે. દપ્ત મનુષ્યને કામો-વિષયો ઘેરે છે - વળગે છે. જેમ સ્વાદુ ફળવાળા વૃક્ષને પંખીઓ આક્રમણ કરે છે, તેમ ધાતુઓની અત્યંત વૃદ્ધિવાળાને કાંમ આક્રમણ કરે છે. જેમ પ્રચુર ઈંધનવાળા વનમાં વાયુ સહિત દાવાનળ શાન્ત થતો નથી, તેમ ધર્મવૃક્ષનો દાહક હોઈ ઈન્દ્રિયજનિત રાગની અગ્નિ અત્યંત આહારી ગમે તેવા સુસ્થિત બ્રહ્મચારીને

હિત માટે થતો નથી. જેમ ગડૂચી આદિ ઔષધોથી પરાભૂત કુષ્ઠાદિ વ્યાધિ દેહને નુકશાન કરતો નથી, તેમ સ્ત્રી વગેરેથી રહિત વસતિમાં રહેલા અલ્પભોજી જિતેન્દ્રિયોના ચિત્તને રાગ રૂપી શત્રુ પરાભવ કરતો નથી. જેમ બિલાડાના સ્થાનની નજીકમાં ઉંદરોનું રહેવું પ્રશસ્ત નથી, કેમ કે - તેથી તેને અવશ્ય હાનિનો સંભવ છે, તેમ સ્ત્રીઓના નિવાસ મધ્યે બ્રહ્મચારીનો નિવાસ યુક્ત નથી, કેમ કે ત્યાં બ્રહ્મચર્યની બાધાનો સંભવ છે. (૧૦ થી ૧૩-૧૨૩૦ થી ૧૨૩૩)

**ન રૂવ-લાવણ્ણ-વિલાસ-હાસં,**
**ન જંપિયંઇંગિય પેહિયં વા;**
**ઇત્થીણ ચિત્તંસિ નિવેસઇત્તા,**
**દટ્ઠું વવસ્સે સમણે તવસ્સી.** ૧૪

**અદંસણં ચેવ અપત્થણં ચ,**
**અચિન્તણં ચેવ અકિત્તણં ચ;**
**ઇત્થીજણસ્સારિયઝાણ જોગ્ગં,**
**હિયં સયા બમ્ભચેરે રયાણં.** ૧૫

કામં તુ દેવીહિં વિ ભૂસિયાહિં,
ન ચાઇયા ખોભઇતું તિગુત્તા;
તહા વિ એગન્તહિયં તિ નચ્ચા,
વિવિત્તવાસો મુણિણં પસત્થો. ૧૬

મોક્ખાભિકંખિસ્સ વિ માણવસ્સ,
સંસારભીરુસ્સ ઠિયસ્સ ધમ્મે;
નેયારિસં દુત્તરમત્થિ લોએ,
જહિત્થિઓ બાલમણોહરાઓ. ૧૭

**અર્થ** : શ્રમણ તપસ્વી, સ્ત્રીઓ સંબંધી સારી આકૃતિવાળું રૂપ, નયન અને મનને આનંદપ્રદ ગુણ રૂપ લાવણ્ય, વિશિષ્ટ વેષરચનાદિ રૂપ વિલાસો, હાસ્ય વગેરેને, અહો! આ કેવો સુંદર છે? - એમ વિકલ્પથી મનમાં સ્થાપીને જોવા માટે પ્રયાસ કરે નહિ. તેમજ સ્ત્રી સંબંધી અંગનું મરડવું આદિ, કટાક્ષપૂર્વક જોવું વગેરે, ઈશારા વગેરે અને લલિત વાણી વગેરેને જોવા માટે પ્રયાસ કે વિચાર કરે નહિ. સ્ત્રીજનને નહિ જોવી એ જ કે નહિ ઈચ્છવી એ જ, સ્ત્રીજનના રૂપ આદિનું સ્મરણમાં નહિ લાવવું એ જ તથા

નામની કે ગુણની અપેક્ષાએ સ્ત્રીજનની પ્રશંસા નહિ કરવી એ જ, બ્રહ્મચર્યમાં પરાયણ મુનિઓને ધર્માદિ રૂપ આર્યધ્યાનને યોગ્ય હંમેશાં હિતકારી છે. અર્થાત્ સ્ત્રીઓના રૂપ આદિને રાગપૂર્વક જોવા પ્રયાસ નહિ કરવો. જો કે ત્રિગુપ્તિથી ગુપ્ત-ધીર મુનિઓને અલંકારવાળી દેવીઓ પણ ચલિત કરી શકતી નથી, તો પણ મુનિઓને માટે એકાન્ત હિતકારી જાણી વિવિક્ત ભાવ (સ્ત્રી વગેરેથી રહિત સ્થાન) શ્રી જિન વગેરે મહાપુરૂષોએ વિહિત-પ્રશંસિત કરેલ છે. અર્થાત્ સ્ત્રી આદિના સંગમાં પ્રાયઃ યોગીઓ પણ ચલિત થાય છે. જે ચલિત થતા નથી તે પણ અપકીર્તિ આદિના દોષના ભાગીદાર થાય છે, માટે વિવિક્તતા શ્રેયસ્કર છે. શ્રુતધર્મમાં રહેલ, સંસારથી ડરનાર અને મોક્ષના અભિલાષી માનવને પણ જો દુસ્તરમાં દુસ્તર હોય તો આ લોકમાં સ્ત્રીઓ છે. આવું બીજું કોઈ દુસ્તર નથી, કેમ કે - નિર્વિવેક બાલોને મનોહર લાગતી સ્ત્રીઓ દુરતિક્રમ છે અર્થાત્ સ્ત્રીનું બંધન એ પરમ બંધન છે. (૧૪ થી ૧૭ - ૧૨૩૪ થી ૧૨૩૭)

એએ ય સંગે સમઇક્કમિત્તા,
સુહુત્તરા ચેવ ભવન્તિ સેસા;
જહા મહાસાગરમુત્તરિત્તા,
નદી ભવે અવિ ગંગાસમાણા. ૧૮
કામાણુગિદ્ધિપ્પભવં ખુ દુક્ખં,
સવ્વસ્સ લોગસ્સ સદેવગસ્સ;
જં કાઈયં માણસિયં ચ કિંચિ,
તસ્સંતગં ગચ્છઇ વીયરાગો. ૧૯
જહા વ કિમ્પાગફલા મણોરમા,
રસેણ વણ્ણેણ ય ભુજ્જમાણા;
તે ખુદ્દએ જીવિએ પચ્ચમાણા,
એઓવમા કામગુણા વિવાગે. ૨૦
જે ઇન્દિયાણં વિસયા મણુન્ના,
ન તેસુ ભાવં નિસિરે કયાઇ;
ન યામણુન્નેસુ મણં પિ કુજ્જા,
સમાહિકામે સમણે તવસ્સી. ૨૧

અર્થ : આ પૂર્વોક્ત સ્ત્રી વિષયના સંબંધોને

અતિક્રમી, દ્રવ્ય વગેરેના સંબંધો સુખપૂર્વક ઉલ્લંઘી શકાય છે. જેમ કે - સ્વયંભૂરમણ રૂપ મહાસાગર તરી ગયા બાદ ગંગા સમાન નદી સુખપૂર્વક તરી શકાય છે, તેમ અહીં સમજવું. અર્થાત્ સ્ત્રીનો સંબંધ છૂટ્યો તો બીજા સંબંધો છૂટતાં વાર લાગતી નથી. દેવ સહિત સકલ લોકનું માનસિક - કાયિક જે કાંઈ દુઃખ છે, તે દુઃખ માત્ર કામભોગની - વિષયની નિરંતર આસક્તિથી પેદા થાય છે. તે સકલ દુઃખ માત્રના અંતને કામાસક્તિ વગરનો - વીતરાગ આત્મા પામે છે. જેમ વર્ણ-રસ-ગંધ-સ્પર્શથી મનોહર એવા કિંપાક વૃક્ષના ફળો ભોજન સમયે સુખ આપે છે પરંતુ પરિણામે પ્રાણ ખલાસ કરે છે, તેમ દેખાવમાં મનોહર આ કામભોગ - વિષયો પ્રારંભમાં ભોગવેલા સુખ રૂપ લાગે છે પરંતુ પરિણામે દુઃખદ જન્મ-મરણ આપે છે. જે ઈન્દ્રિયોના મનોહર વિષયો છે, તેમાં ઈન્દ્રિયો પ્રવર્તાવવા માટે કદાચિત્ રાગભાવવાળું મન કરે ! તથા જે ઈન્દ્રિયોના અમનોહર વિષયો છે,

તેમાં ઈન્દ્રિયો પ્રવર્તાવવા દ્વેષભાવવાળું પણ મન કરે ! અર્થાત્ રાગ-દ્વેષના અભાવ રૂપ સમાધિની ઈચ્છાવાળો શ્રમણ-તપસ્વી બને ! (૧૮ થી ૨૧ - ૧૨૩૮ થી ૧૨૪૧)

**ચક્ખુસ્સ રૂવં ગહણં વયન્તિ,**
**તં રાગહેઉં તુ મણુન્નમાહુ;**
**તં દોસહેઉં અમણુન્નમાહુ,**
**સમો ઉ જો તેસુ સ વીયરાગો. ૨૨**

**રૂવસ્સ ચક્ખું ગહણં વયન્તિ,**
**ચક્ખુસ્સ રૂવં ગહણં વયન્તિ;**
**રાગસ્સ હેઉં સમણુન્નમાહુ,**
**દોસસ્સ હેઉં અમણુન્નમાહુ. ૨૩**

**રૂવેસુ જો ગેહિમુવેઇ તિવ્વં,**
**અકાલિયં પાવઈ સે વિણાસં;**
**રાગાઉરે સે જહ વા પયંગે,**
**આલોગલોલે સમુવેઇ મચ્ચું. ૨૪**

**જે યાવિ દોસં સમુવેઇ તિવ્વં,**
**તસ્સિંખણે સે ઉ ઉવેઇ દુક્ખં;**
**દુદ્દન્તદોસેણ સએણ જન્તૂ,**
**ન કિંચિ રૂવં અવરજ્ઝઈ સે.** ૨૫

**અર્થ :** આંખથી રૂપ ગ્રહણયોગ્ય બને છે અને તે મનોહર રૂપ રાગનો હેતુ તથા અમનોહર રૂપ દ્વેષનો હેતુ બને છે - એમ કહેવાય છે. જે મનોહર અને અમનોહર રૂપમાં રાગ-દ્વેષ વગરનો છે, તે વીતરાગ-વીતદ્વેષ કહેવાય છે. અર્થાત્ જો તે બન્નેમાં આંખ ન પ્રવર્તાવે અને કદાચ પ્રવૃત્તિ થાય, તો સમતાનું અવલંબન કરે ! આંખ રૂપને ગ્રહણ કરે છે અર્થાત્ ગ્રાહક છે. આંખથી રૂપ ગ્રહણ કરાય છે અર્થાત્ રૂપ ગ્રાહ્ય છે. આ બંનેનો પરસ્પર ગ્રાહ્યગ્રાહક સંબંધ છે. રૂપની માફક રાગ-દ્વેષનું કારણ ચક્ષુ છે, તેથી મનોહર રૂપ ગ્રાહક ચક્ષુ-રાગનો હેતુ અને અમનોહર રૂપ ગ્રાહક ચક્ષુદ્વેષનો હેતુ છે, માટે ચક્ષુનો નિગ્રહ વ્યાજબી છે. જેમ પતંગીયું અતિ

સ્નિગ્ધ દીપશિખાના દર્શનમાં લંપટ બની મૃત્યુને પામે છે, તેમ જ રાગાતુર બનેલો આત્મા મનોહર રૂપમાં તીવ્ર આસક્તિ રૂપ રાગને કરે છે તે અકાળે વિનાશને પામે છે. જે અમનોહર રૂપમાં તીવ્ર દ્વેષને કરે છે, તે આત્મા તે જ ક્ષણે મનસંતાપ આદિ રૂપ દુઃખને પામે છે. પોતાના દુર્દાન્ત ચક્ષુના દોષથી જંતુ અપરાધી બને છે, પરન્તુ તે જંતુને થોડું પણ રૂપ અપરાધી બનાવતું નથી. (૨૨ થી ૨૫ - ૧૨૪૨ થી ૧૨૪૫)

**એગન્તરત્તો રુઇરંસિ રૂવે,**
**અતાલિસે સે કુણઇ પઓસં;**
**દુક્ખસ્સ સંપીલમુવેઇ બાલે,**
**ન લિપ્પઇ તેણ મુણી વિરાગે. ૨૬**

**અર્થ** : જે મનોહર રૂપમાં એકાન્તે રાગ થાય, તે અમનોહર રૂપમાં અવશ્ય દ્વેષ કરે છે તથા મોહમૂઢ દુઃખના ડુંગરાઓને પામે છે. વૈરાગી - વીતરાગી મુનિ તે દુઃખથી લેપાતો નથી - દુઃખરહિત બને છે. (૨૬-૧૨૪૬)

**રૂવાણુગાસાણુગએ ય જીવે,**
**ચરાચરે હિંસઇ ણેગરૂવે;**
**ચિત્તેહિં તે પરિતાવેઇ બાલે,**
**પીલેઇ અત્તટ્ઠગુરૂ કિલિટ્ઠે. ૨૭**

**રૂવાણુવાએ ણ પરિગ્ગહેણ,**
**ઉપ્પાયણે રક્ખણ-સન્નિઓગે;**
**વએ વિઓગે ય કહિં સુહં સે,**
**સમ્ભોગકાલે ય અતિત્તિલાભે ? ૨૮**

**અર્થ :** મનોહર રૂપની પાછળ આશા અને તેની પાછળ તણાયેલો જીવ, નાના પ્રકારના ઉપાયોથી જાતિ વગેરેના ભેદથી અનેક પ્રકારના ત્રસ અને સ્થાવર જીવોની હિંસા કરે છે. સ્વાર્થાન્ધ-રાગાન્ધ બની બાલજીવ બીજા જીવોને દુઃખી કરે છે - રડાવે છે - રંજાડે છે. રૂપના અનુરાગથી અને મૂર્ચ્છાના કારણે સુરૂપ વસ્તુને મેળવવામાં, તે મેળવ્યા બાદ રક્ષા કરવામાં અને તેને સ્વ-પર કાર્યોમાં જોડવામાં, સુરૂપ વસ્તુના વિનાશમાં અને વિયોગમાં ક્યાંથી જીવને સુખ હોય ?

તે રૂપાનુરાગીને ક્યાંય સુખ મળતું નથી. અર્થાત્ સુરૂપ સ્ત્રી, હાથી, ઘોડા, વસ્ત્ર વગેરેને મેળવવા આદિ માટે તે તે ક્લેશકારણભૂત ઉપાયોમાં પ્રવૃત્તિ કરતો રૂપાનુરાગી દુઃખને જ માત્ર અનુભવે છે. વળી ઉપભોગના સમય રૂપ સંભોગકાળમાં પણ તૃપ્તિની પ્રાપ્તિ નહિ થવાથી તેને ક્યાંથી સુખ મળે ? કેમ કે - વિવિધ રૂપના દર્શનમાં પણ રાગીઓને તૃપ્તિ થતી નથી, પરંતુ તેનાથી વધારે ને વધારેની ઈચ્છાથી રાગી ખેદ જ પામે છે અને સુખી થતો નથી. (૨૭+૨૮-૧૨૪૭+૧૨૪૮)

**રૂવે અતિત્તે ય પરિગ્ગહમ્મિ,**
**સત્તોવસત્તો ન ઉવેઇ તુટ્ઠિં;**
**અતુટ્ઠિદોસેણ દુહી પરસ્સ,**
**લોભાવિલે આયયઈ અદત્તં.** **૨૯**

**તણ્હાભિભૂયસ્સ અદત્તહારિણો,**
**રૂવે અતિત્તસ્સ પરિગ્ગહે ય;**
**માયામુસં વડ્ઢઇ લોભદોસા,**
**તત્થાવિ દુક્ખા ન વિમુચ્ચઈ સે.** **૩૦**

**અર્થ :** રૂપમાં તૃપ્તિ વગરનો અને વિષયમૂર્ચ્છા રૂપ પરિગ્રહમાં પહેલાં સામાન્ય અને પછીથી ગાઢ-અત્યંત આસક્તિવાળો બનેલો સંતોષને પામતો નથી; માટે અસંતોષના દોષથી, 'જો આ રૂપાળી ચીજ મારી પાસે હોય તો બહુ સારું' - આવી ઈચ્છાથી અત્યંત દુઃખી થતો અને લોભકલંકી, બીજાની રૂપાળી વસ્તુની ચોરી કરે છે. લોભથી હારેલો અને તેની પર-વસ્તુનો ચોર બનેલો, રૂપ અને પરિગ્રહના વિષયમાં અસંતુષ્ટ બને છે. અર્થાત્ લોભના દોષથી લોભી બનેલો પારકું ધન ચોરે છે, તે છૂપાવવા માટે માયાપૂર્વક અસત્ય બોલે છે અને માયાપૂર્વક અસત્ય બોલવા છતાંય દુઃખથી તે છૂટતો નથી, પરંતુ વધુ ને વધુ દુઃખપાત્ર જ બને છે. (૨૯+૩૦-૧૨૪૯+૧૨૫૦)

**મોસસ્સ પચ્છ ય પુરત્થઓ ય,**
**પઓગકાલે ય દુહી દુરન્તે;**
**એવં અદત્તાણિ સમાયયન્તો,**
**રૂવે અતિત્તો દુહિઓ અણિસ્સો.** ૩૧

**રૂવાણુરત્તસ્સ નરસ્સ એવં,**
**કત્તો સુહં હોજ્જ કયાઇ કિંચિ ?;**
**તત્થોવભોગે વિ કિલેસદુક્ખં.**
**નિવ્વત્તએ જસ્સ કએ ણ દુક્ખં.** **૩૨**

**અર્થ :** અસત્યભાષણ પહેલાં ચિંતાથી, પાછળ પશ્ચાત્તાપથી અને પ્રયોગકાળમાં ક્ષોભથી દુ:ખી થતો, આ જન્મમાં અનેક વિડંબનાથી અને અન્ય ભવમાં નરકાદિની પ્રાપ્તિથી જેનો અંત દુષ્ટ છે, એવો દુરંત જંતુ થાય છે. આ પ્રકારે ચોરી કરતો અને રૂપમાં અતૃપ્ત થતો દુ:ખી થાય ! અર્થાત્ કોઈના આધાર વગરનો બની દુ:ખી થાય છે. આ પ્રમાણે રૂપાનુરાગી મનુષ્યને કદાચિત્ કોઈ પણ જાતનું સુખ ક્યાંથી હોય ? કેમ કે - રૂપના અનુરાગમાં - ઉપભોગમાં પણ અતૃપ્તિની પ્રાપ્તિ રૂપ બાધાથી પેદા થયેલ દુ:ખ થાય છે. પોતે મુશીબત વેઠી ઉપભોગનું ઉપાર્જન કરે છે. જો ઉપભોગની ઉત્પત્તિમાં દુ:ખ જ છે, તો તેના ભોગમાં સુખ ક્યાંથી હોય? (૩૧+૩૨-૧૨૫૧+૧૨૫૨)

**એમેવ રૂવમ્મિ ગઓ પઓસં,**
**ઉવેઈ દુક્ખોઘપરંપરાઓ;**
**પદુટ્ઠચિત્તો ચ ચિણાઈ કમ્મં,**
**જં સે પુણો હોઇ દુહં વિવાગે.** 33

**રૂવે વિરત્તો મણુઓ વિસોગો,**
**એએણ દુક્ખોઘપરંપરેણ;**
**ન લિપ્પઈ ભવમજ્ઝે વિ સન્તો,**
**જલેણ વા પુક્ખરિણીપલાસં.** 34

**અર્થ :** એવી રીતે અમનોહર રૂપમાં દ્વેષને કરનારો ઉત્તરોત્તર દુઃખપરંપરાને પામે છે, તેમજ ચિત્તમાં દ્વેષને ધારણ કરનારો અશુભ કર્મને ભેગું કરે છે. તે કર્મ અનુભવકાળમાં અહીં અને ભવાન્તરમાં તેને દુઃખજનક થાય છે. મનોહર રૂપમાં રાગ વગરનો અને અમનોહર રૂપમાં દ્વેષ વગરનો મનુષ્ય શોક વગરનો થાય છે, એટલું જ નહિ પણ સંસાર મધ્યે રહેવા છતાં તે પૂર્વોક્ત દુઃખસમૂહની પરંપરાથી લેપાતો-સ્પર્શાતો નથી. જે જલમધ્યમાં રહેવા છતાં કમલદલ જલથી લેપાતો

નથી, તેમ અહીં સમજવું. (૩૩+૩૪-૧૨૫૩+૧૨૫૪)

**સોયસ્સ સદ્દં ગહણં વયન્તિ,**
**તં રાગહેઉં તુ મણુન્નમાહુ;**
**તં દોસહેઉં અમણુન્નમાહુ,**
**સમો ય જો તેસુ સ વીયરાગો. ૩૫**

**સદ્દસ્સ સોયં ગહણં વયન્તિ,**
**સોયસ્સ સદ્દં ગહણં વયન્તિ;**
**રાગસ્સ હેઉં સમણુન્નમાહુ,**
**દોસસ્સ હેઉં અમણુન્નમાહુ. ૩૬**

**સદ્દેસુ જો ગેહિમુવેઇ તિવ્વં,**
**અકાલિયં પાવઇ સે વિણાસં;**
**રાગાઉરે હરિણમિએ વ્વ મુદ્ધે,**
**સદ્દે અતિત્તે સમુવેઇ મચ્ચું. ૩૭**

**અર્થ :** શ્રોત્રેન્દ્રિયથી શબ્દ ગ્રાહ્ય છે - એમ કહેવાય છે. મનોહર શબ્દ રાગનો અને અમનોહર શબ્દ દ્વેષનો હેતુ છે - એમ કહેવાય છે. આ બન્નેમાં જે રાગ-

દ્વેષ વગરનો સમાન રહે છે, તે વીતરાગ કહેવાય છે. શબ્દનો ગ્રાહક શ્રોત્રેન્દ્રિય અને શબ્દ શ્રોત્રેન્દ્રિયથી ગ્રાહ્ય છે - એમ કહેવાય છે. મનોહર શબ્દ સહિત શ્રોત્ર રાગનો હેતુ અને અમનોહર શબ્દ સહિત શ્રોત્ર દ્વેષનો હેતુ છે - એમ કહેવાય છે. જેમ હરણ વગેરે પશુ શિકારીના ગીત આદિ શબ્દમાં મુગ્ધ બનવાથી અતૃપ્ત બનેલો મૃત્યુને પામે છે, તેમ જે મનોહર શબ્દોમાં તીવ્ર આસક્તિને પામે છે, તે આત્મા રાગાતુર બનવાથી અકાળે વિનાશને પામે છે. (૩૫ થી ૩૭ - ૧૨૫૫ થી ૧૨૫૭)

**જે યાવિ દોસં સમુવેઇ તિવ્વં,**
**તસ્સિં ખણે સે ઉ ઉવેઇ દુક્ખં;**
**દુદ્દન્તદોસેણ સએણ જન્તૂ,**
**ન કિંચિ સદ્દં અવરજ્ઝઇ સે.** ૩૮

**એગન્તરત્તો રુઇરંસિ સદ્દે,**
**અતાલિસે સે કુણઈ પઓસં;**
**દુક્ખસ્સ સમ્પીલમુવેઇ બાલે,**
**ન લિપ્પઈ તેણ મુણી વિરાગે.** ૩૯

સદ્દાણુગાસાણુગએ ચ જીવે,
ચરાચરે હિંસઇણેગરૂવે;
ચિત્તેહિં તે પરિતાવેઇ બાલે,
પીલેઈ અત્તટ્ઠગુરૂ કિલિટ્ઠે. ૪૦

**અર્થ** : જે અમનોહર શબ્દોમાં તીવ્ર દ્વેષ કરે છે, તે તત્ક્ષણ દુઃખને પામે છે. પોતાના દુર્દાન્ત દ્વેષ નામના દોષથી જીવ અપરાધી બને છે, પરન્તુ વાસ્તવિક રીતે શબ્દ કોઈ પણ જાતનો અપરાધનો હેતુ નથી. મનોહર શબ્દમાં એકાન્તે રાગી બનેલો અમનોહર શબ્દમાં જે દ્વેષ કરે છે, તે બાલમૂઢ દુઃખના સમુદાયને પામે છે. રાગ વગરનો મુનિ તે દુઃખના સમૂહથી લેપાતો નથી. મનોહર શબ્દ પાછળની આશા પાછળ પડેલો જીવ, અનેક પ્રકારના ઉપાયોથી અનેક જાતિના ત્રસ-સ્થાવર જીવોની હિંસા કરે છે અને સ્વાર્થાન્ધ-રાગાન્ધ તે બાલજીવ બીજા જીવોને દુઃખ આપે છે. (૩૮ થી ૪૦ - ૧૨૫૮ થી ૧૨૬૦)

સદ્દાણુવાએ ણ પરિગ્ગહેણ,
ઉપ્પાયણે રક્ખણ-સન્નિઓગે;
વએ વિઓગે ય કહિં સુહં સે,
સંભોગકાલે ય અતિત્તિલાભે ? ૪૧

સદ્દે અતિત્તે ય પરિગ્ગહમ્મિ,
સત્તોવસત્તો ન ઉવેઇ તુટ્ઠિં;
અતુટ્ઠિદોસેણ દુહી પરસ્સ,
લોભાવિલે આયયઈ અદત્તં. ૪૨

તણ્હાભિભૂયસ્સ અદત્તહારિણો,
સદ્દે અતિત્તસ્સ પરિગ્ગહે ય;
માયામુસં વડ્ઢઇ લોભદોસા,
તત્થાવિ દુક્ખા ન વિમુચ્ચઈ સે. ૪૩

મોસસ્સ પચ્છા ય પુરત્થઓ ય,
પઓગકાલે ય દુહી દુરન્તે;
એવં અદત્તાણિ સમાયયન્તો,
સદ્દે અતિત્તો દુહિઓ અણિસ્સો. ૪૪

સદ્દાણુરત્તસ્સ નરસ્સ એવં,
કત્તો સુહં હોજ્જ કયાઇ કિંચિ ?;
તત્થોવભોગે વિ કિલેસદુક્ખં,
નિવ્વત્તએ જસ્સ કએ ણ દુક્ખં. ૪૫

એમેવ સદ્દમ્મિ ગઓ પઓસં,
ઉવેઇ દુક્ખોઘપરંપરાઓ;
પદુટ્ઠચિત્તો ય ચિણાઇ કમ્મં,
જં સે પુણો હોઇ દુહં વિવાગે. ૪૬

સદ્દે વિરત્તો મણુઓ વિસોગો,
એએણ દુક્ખોઘપરંપરેણ;
ન લિપ્પઈ ભવમજ્ઝે વિ સન્તો,
જલેણ વા પુક્ખરિણીપલાસં. ૪૭

**અર્થ** : મનોહર શબ્દના અનુરાગથી કે મૂર્ચ્છાથી, મનોહર શબ્દવાળી વસ્તુના ઉપાર્જનમાં, રક્ષણમાં, સ્વ-પર કાર્યોમાં જોડવામાં, તેના વિયોગમાં અને વિનાશમાં તેને ક્યાંય સુખ નથી. સંભોગકાળમાં પણ અતૃપ્તિની પ્રાપ્તિ હોવાથી સુખ નથી. મનોહર

શબ્દમાં અને મનોહર શબ્દવાળી વસ્તુમાં અતૃપ્ત બનેલો હોઈ સામાન્ય આસક્તિવાળો બની, અત્યંત ગાઢ આસક્તિવાળો બનેલો સંતોષને પામતો નથી. આ અસંતોષ નામના દોષથી દુઃખી બનેલો, લોભાવિષ્ટ બની પારકી મનોહર શબ્દવાળી વસ્તુની ગીત-ગાયક-દાસી આદિ વીણા-વાંસળી વગેરે વસ્તુની ચોરી કરે છે. તૃષ્ણાથી ઘેરાયેલો, ચોર બનેલો, મનોહર શબ્દમાં અને મનોહર શબ્દવાળી વસ્તુમાં અતૃપ્ત બનેલો માયાપૂર્વક અસત્ય બોલે છે. લોભના દોષથી ત્યાં પણ દુઃખથી તે છૂટતો નથી. અસત્યભાષણ પહેલાં ચિંતાથી, પાછળથી પશ્ચાત્તાપથી અને પ્રયોગકાળમાં ક્ષોભથી દુઃખી હોતો દુરંત પ્રાણી બને છે. આ પ્રમાણે ચોરી કરતો, શબ્દમાં અતૃપ્ત બનેલો અનાથ-દુઃખી બને છે. શબ્દાનુરાગી મનુષ્યને એ પ્રમાણે કદાચિત્ કોઈ પણ જાતનું સુખ ક્યાંથી હોય? મનોહર શબ્દવાળી વસ્તુ રૂપ ઉપભોગની ઉત્પત્તિમાં દુઃખ છે, તો ઉપભોગના ભોગમાં સુખ ક્યાંથી હોય ? યાને દુઃખ જ હોય છે. આ પ્રમાણે

અમનોહર શબ્દમાં દ્વેષને કરનારો દુઃખના સમૂહની પરંપરાને પામે છે. ચિત્તમાં દ્વેષ ધારણ કરનારો અશુભ કર્મ ભેગું કરે છે, કે જે કર્મ અનુભવકાળમાં અહીં અને પરલોકમાં દુઃખી કરે છે. મનોહર શબ્દમાં રાગ વગરનો મનુષ્ય, શોક વગરનો બની, આ પૂર્વોક્ત દુઃખસમૂહની પરંપરાથી સંસાર-મધ્યમાં રહેવા છતાં લેપાતો નથી. જેમ જલમધ્યમાં રહેવા છતાં કમલદલ જલથી લેપાતો નથી, તેમ અહીં સમજવું. (૪૧ થી ૪૭ - ૧૨૬૧ થી ૧૨૬૭)

**ઘાણસ્સ ગન્ધં ગહણં વયન્તિ,**
**તં રાગહેઉં તુ મણુન્નમાહુ;**
**તં દોસહેઉં અમણુન્નમાહુ,**
**સમો ય જો તેસુ સ વીયરાગો. ૪૮**

**ગન્ધસ્સ ઘાણં ગહણં વયન્તિ,**
**ઘાણસ્સ ગન્ધં ગહણં વયન્તિ;**
**રાગસ્સ હેઉં સમણુન્નમાહુ,**
**દોસસ્સ હેઉં અમણુન્નમાહુ. ૪૯**

ગન્ધેસુ જો ગેહિમુવેઇ તિવ્વં,
અકાલિયં પાવઇ સે વિણાસં;
રાગાઉરે ઓસહિગન્ધગિદ્ધે,
સપ્પે બિલાઓ વિવ નિક્ખમન્તે. ૫૦

જે યાવિ દોસં સમુવેઇ તિવ્વં,
તસ્સિં ખણે સે ઉ ઉવેઇ દુક્ખં;
દુદ્દન્તદોસેણ સએણ જન્તૂ,
ન કિંચિ ગન્ધં અવરજ્ઝઈ સે. ૫૧

એગન્તરત્તો રુઇરંસિ ગન્ધે,
અતાલિસે સે કુણઈ પઓસં;
દુક્ખસ્સ સંપીલમુવેઇ બાલે,
ન લિપ્પઈ તેણ મુણી વિરાગે. ૫૨

ગન્ધાણુગાસાણુગએ ય જીવે,
ચરાચરે હિંસઇણેગરૂવે;
ચિત્તેહિં તે પરિતાવેઇ બાલે,
પીલેઇ અત્તટ્ઠગુરૂ કિલિટ્ઠે. ૫૩

ગન્ધાણુવાએ ણ પરિગ્ગહેણ,
ઉપ્પાયણે રક્ખણ-સન્નિઓગે;
વએ વિઓગે ય કહિં સુહં સે,
સંભોગકાલે ય અતિત્તિલાભે ? ૫૪

ગન્ધે અતિત્તે ય પરિગ્ગહમ્મિ,
સત્તોવસત્તો ન ઉવેઇ તુટ્ઠિં;
અતુટ્ઠિદોસેણ દુહી પરસ્સ,
લોભાવિલે આયયઈ અદત્તં. ૫૫

અર્થ : ઘ્રાણેન્દ્રિયથી ગંધ ગ્રાહ્ય છે - એમ કહે છે. તે મનોહર ગંધ રાગનો હેતુ અને અમનોહર ગંધ દ્વેષનો હેતુ છે - એમ કહે છે. જે મનોહર - અમનોહર ગંધોમાં સમાન છે - રાગ-દ્વેષ વગરનો છે, તે વીતરાગ કહેવાય છે. ગંધની ગ્રાહક ઘ્રાણેન્દ્રિય અને ગંધ ઘ્રાણેન્દ્રિયગ્રાહ્ય છે - એમ કહે છે. તે મનોહર ગંધ સહિત ઘ્રાણ રાગહેતુ અને અમનોહર ગંધ સહિત ઘ્રાણ દ્વેષહેતુ છે - એમ કહે છે, જે મનોહર-અમનોહર ગંધવાળી વસ્તુઓમાં રાગાતુર તીવ્ર આસક્તિ કરે છે, તે અકાળે

વિનાશને પામે છે. જેમ કે - નાગદમની આદિ ઔષધીઓના ગંધમાં આસક્ત બનેલો નાગ, બીલમાંથી નીકળતો ગારૂડિક વગેરેને પરવશ બની દુઃખને અનુભવે છે, તેમ અહીં મનોહર ગંધમાં રાગાતુર મનુષ્ય વિનાશને પામે છે. જે અમનોહર ગંધમાં તીવ્ર દ્વેષને કરે છે, તે તત્કાલ દુઃખને પામે છે. તે પોતાના દુર્દાન્ત અમનોહર ગંધના દ્વેષ રૂપ દોષથી પ્રાણી અપરાધી બને છે, પરંતુ અમનોહર ગંધ તેને કાંઈ અપરાધી બનાવતું નથી. મુખ્ય તો પોતાનો જ દોષ કારણ છે. રૂચિર ગંધમાં એકાન્તે રાગી બનેલો અમનોહર ગંધમાં પ્રદ્વેષ કરે છે. તે બાલમૂઢ દુઃખ - સમુદાયને પામે છે, પણ વૈરાગી મુનિ તે દુઃખ-સમુદાયથી લેપાતો નથી. મનોહર ગંધની પાછળ રહેલી આશાનો પરવશ જીવ, અનેકવિધ ઉપાયોથી અનેક જાતિના ત્રસ-સ્થાવર જીવોની હિંસા કરે છે. રાગાન્ધ - સ્વાર્થાન્ધ બાલમૂઢ બીજા જીવોને દુઃખી બનાવે છે. મનોહર ગંધના અનુરાગથી અને તે ગંધવાળી વસ્તુની મૂર્ચ્છાથી, તે વસ્તુઓના ઉપાર્જનમાં,

રક્ષણમાં, સ્વ-પર કાર્યોમાં જોડવામાં, વિનાશમાં અને વિયોગમાં સુખ ક્યાંથી હોય ? વળી સંભોગકાળમાં પણ તૃપ્તિની પ્રાપ્તિ નહિ થવાથી સુખ ક્યાંથી હોય ? મનોહર ગંધ અને તેની વસ્તુઓમાં સામાન્યથી આસક્તિવાળો બની, પછીથી અત્યંત ગાઢ આસક્તિવાળો બનેલો સંતોષ પામતો નથી. તે લોભાવિષ્ટ અસંતોષ નામના દોષથી દુઃખી બની પારકી મનોહર ગંધવાળી વસ્તુની ચોરી કરે છે. (૪૮ થી ૫૫ - ૧૨૬૮ થી ૧૨૭૫)

**તણ્હાભિભૂયસ્સ અદત્તહારિણો,**
**ગન્ધે અતિત્તસ્સ પરિગ્ગહે ચ;**
**માયામુસં વડ્ઢઇ લોભદોસા**
**તત્થાવિ દુક્ખા ન વિમુચ્ચઈ સે. ૫૬**

**મોસસ્સ પચ્છા ય પુરત્થઓ ય,**
**પઓગકાલે ય દુહી દુરન્તે;**
**એવં અદત્તાણિ સમાયયન્તો,**
**ગન્ધે અતિત્તો દુહિઓ અણિસ્સો. ૫૭**

ગન્ધાણુરત્તસ્સ નરસ્સ એવં,
કત્તો સુહં હોજ્જ કયાઇ કિંચિ ?;
તત્થોવભોગે વિ કિલેસદુક્ખં,
નિવ્વત્તએ જસ્સ કએ ણ દુક્ખં. ૫૮

એમેવ ગન્ધમ્મિ ગઓ પઓસં,
ઉવેઇ દુક્ખોઘપરંપરાઓ;
પદુટ્ઠચિત્તો ય ચિણાઇ કમ્મં,
જં સે પુણો હોઇ દુહં વિવાગે. ૫૯

ગન્ધે વિરત્તો મણુઓ વિસોગો,
એએણ દુક્ખોઘપરંપરેણ;
ન લિપ્પઈ ભવમજ્ઝે વિ સન્તો,
જલેણ વા પુક્ખરિણીપલાસં. ૬૦

**અર્થ :** તૃષ્ણાથી ઘેરાયેલો ચોર, મનોહર ગંધ અને ગંધવાળી વસ્તુઓમાં અતૃપ્ત બનેલો, લોભના દોષથી માયાપૂર્વક અસત્ય બોલે છે. ત્યાં પણ અસત્ય બોલવા છતાં તે દુ:ખથી છૂટતો નથી. અસત્યભાષણ

પહેલાં ચિન્તાથી, પછીથી પશ્ચાત્તાપથી અને પ્રયોગકાળમાં ક્ષોભથી દુ:ખી દુરંત પ્રાણી બને છે. આ પ્રમાણે ચોરી કરતો, મનોહર ગંધ કે ગંધવાળી વસ્તુમાં અતૃપ્ત બનેલો દુ:ખી - અનાથ બને છે. આ મુજબ મનોહર ગંધાનુરાગી મનુષ્યને ક્યાંથી કોઈ પણ જાતનું સુખ હોય ? જેના ઉપાર્જનમાં પણ દુ:ખ હોય, તે દુ:ખજન્ય વસ્તુના ઉપભોગમાં પણ ક્લેશકારી દુ:ખ જ હોય. આ પ્રમાણે અમનોહર ગંધમાં દ્વેષને કરનારો દુ:ખસમૂહની પરંપરાને પામે છે. ચિત્તમાં પ્રદ્વેષ ધારણ કરનારો તે અશુભ કર્મ ભેગું કરે છે. તે તેના અનુભવકાળમાં અહીં કે ભવાન્તરમાં ફરી ફરી દુ:ખને અનુભવે છે. મનોહર ગંધમાં રાગ વગરનો મનુષ્ય, શોક વગરનો બની, આ પૂર્વોક્ત દુ:ખસમૂહની પરંપરાથી ભવમધ્યમાં રહેવા છતાં પણ લેપાતો નથી. જેમ જલમધ્યમાં રહેવા છતાં કમલદલ જલથી લેપાતું નથી, તેમ અહીં સમજવું. (૫૬ થી ૬૦ - ૧૨૭૬ થી ૧૨૮૦)

જિબ્ભાએ રસં ગહણં વયન્તિ,
તં રાગહેઉં તુ મણુન્નમાહુ;
તં દોસહેઉં અમણુન્નમાહુ,
સમો ય જો તેસુ ય વીયરાગો. ૬૧

રસસ્સ જિબ્ભં ગહણં વયંતિ,
જિબ્ભાએ રસં ગહણં વયન્તિ;
રાગસ્સ હેઉં સમણુન્નમાહુ,
દોસસ્સ હેઉં અમણુન્નમાહુ. ૬૨

રસેસુ જો ગેહિમુવેઇ તિવ્વં,
અકાલિયં પાવઇ સે વિણાસં;
રાગાઉરે બડિસવિભિન્નકાએ,
મચ્છે જહા આમિસભોગગિદ્ધે. ૬૩

જે યાવિ દોસં સમુવેઇ તિવ્વં,
તસ્સિં ખણે સે ઉ ઉવેઈ દુક્ખં;
દુદ્દંતદોસેણ સએણ જન્તૂ,
રસં ન કિંચી અવરજ્ઝઈ સે. ૬૪

એગન્તરત્તો રુઇરે રસમ્મિ,
અતાલિસે સે કુણઈ પઓસં;
દુક્ખસ્સ સંપીલમુવેઇ બાલે,
ન લિપ્પઈ તેણ મુણી વિરાગે. ૬૫

રસાણુગાસાણુગએ ય જીવે,
ચરાચરે હિંસઇ ણેગરૂવે;
ચિત્તેહિં તે પરિતાવેઇ બાલે,
પીલેઇ અત્તટ્ઠગુરૂ કિલિટ્ઠે. ૬૬

રસાણુવાએ ણ પરિગ્ગહેણ,
ઉપ્પાયણે રક્ખણ-સન્નિઓગે;
વએ વિઓગે ય કહિં સુહં સે,
સંભોગકાલે ય અતિત્તિલાભે ? ૬૭

રસે અતિત્તે ય પરિગ્ગહમ્મિ,
સત્તોવસત્તો ન ઉવેઇ તુટ્ઠિં;
અતુટ્ઠિદોસેણ દુહી પરસ્સ,
લોભાવિલે આયયઈ અદત્તં. ૬૮

અર્થ : જિહ્‌વેન્દ્રિયથી રસ ગ્રાહ્ય છે - એમ કહે

છે. મનોહર રસને રાગહેતુ અને અમનોહર રસને દ્વેષહેતુ કહે છે. તે મનોહર-અમનોહર રસોમાં સમાન રાગ-દ્વેષરહિત વીતરાગ કહેવાય છે. રસની જિહ્વેન્દ્રિય ગ્રાહક અને જીભથી રસ ગ્રાહ્ય છે - એમ કહે છે. મનોહર રસ સહિત જીભ રાગનો હેતુ અને અમનોહર રસ સહિત જીભ દ્વેષહેતુ છે. જેમ માંસભક્ષણમાં આસક્ત મત્સ્ય, માછલાં પકડવાના આંકડા, કે જેના અંતે સ્થાપિત માંસવાળા લોઢાના ખીલાથી ચીરાયેલી કાયાવાળો બને છે, તેમ જે રસોમાં તીવ્ર આસક્તિ કરે છે, તે રાગાતુર અકાળે વિનાશને પામે છે. જે અમનોહર રસોમાં તીવ્ર દ્વેષને કરે છે, તે તત્કાલ દુઃખને પામે છે. પોતાના દુર્દાન્ત અમનોહર રસગત દ્વેષ નામના દોષથી પોતે પ્રાણીઅપરાધી બને છે, પરંતુ કાંઈ તેને રસ અપરાધી બનાવતું નથી. જે મનોહર રસમાં એકાન્તરાગી અમનોહર રસમાં પ્રદ્વેષને કરે છે, તે બાલમૂઢ દુઃખના સમુદાયને પામે છે, પણ રાગ વગરનો મુનિ તે દુઃખસમૂહથી લેપાતો નથી. મધુર રસની અને આશાની પાછળ તણાયેલ જીવ, ભક્ષણોપયોગી હરણ,

પશુ, મીન, પંખી વગેરેને તથા કંદમૂલ-ફળ આદિને હણે છે; અનેક પ્રકારના ઉપાયોથી વિવિધ જાતિના ત્રસ-સ્થાવર જીવોને હણે છે, તેમજ રાગાન્ધ અને સ્વાર્થાન્ધ બાલમૂઢ બીજા જીવોને દુ:ખ આપે છે. મધુર રસના અનુરાગથી-મૂર્ચ્છાથી, રસવાળી વસ્તુના ઉપાર્જનમાં, રક્ષણમાં, સ્વ-પર કાર્યોમાં જોડવામાં, વિનાશમાં અને વિયોગમાં તેને ક્યાંય સુખ મળતું નથી. વળી સંભોગકાળમાં તૃપ્તિની પ્રાપ્તિ નહિ થવાથી સુખ થતું નથી. મધુર રસ, તે રસવાળી વસ્તુઓમાં સામાન્યથી આસક્તિવાળા બની, પછીથી અત્યંત ગાઢ આસક્તિવાળો બની સંતોષને પામતો નથી. અસંતોષ નામના દોષથી દુ:ખી બની લોભાવિષ્ટ બનેલો, મિષ્ટાન્ન-પક્વાન્ન, ફળ વગેરે મધુરી રસવાળી વસ્તુની ચોરી કરે છે. (૬૧ થી ૬૮ - ૧૨૮૧ થી ૧૨૮૮)

**તણ્હાભિભૂયસ્સ અદત્તહારિણો,**
**રસે અતિત્તસ્સ પરિગ્ગહે ય;**
**માયામુસં વટ્ટઇ લોભદોસા,**
**તત્થાવિ દુક્ખા ન વિમુચ્ચઈ સે.** ૬૯

મોસસ્સ પચ્છા ય પુરત્થઓ ય,
પઓગકાલે ય દુહી દુરન્તે;
એવં અદત્તાણિ સમાયયન્તો,
રસે અતિત્તો દુહિઓ અણિસ્સો. ૭૦

રસાણુરત્તસ્સ નરસ્સ એવં,
કત્તો સુહં હોજ્જ કયાઇ કિંચિ?;
તત્થોવભોગે વિ કિલેસદુક્ખં,
નિવ્વત્તએ જસ્સ કએ ણ દુક્ખં. ૭૧

એમેવ રસમ્મિ ગઓ પઓસં,
ઉવેઇ દુક્ખોઘપરંપરાઓ;
પદુટ્ઠચિત્તો ય ચિણાઇ કમ્મં,
જં સે પુણો હોઇ દુહં વિવાગે. ૭૨

રસે વિરત્તો મણુઓ વિસોગો,
એએણ દુક્ખોઘપરંપરેણ;
ન લિપ્પઈ ભવમજ્ઝે વિ સન્તો,
જલેણ વા પુક્ખરિણીપલાસં. ૭૩

અર્થ : તૃષ્ણાથી ઘેરાયેલો ચોર, રસમાં-

રસવાળી વસ્તુ રૂપ પરિગ્રહમાં અતૃપ્ત, લોભના દોષથી માયાપૂર્વક અસત્ય બોલે છે. અસત્ય બોલવા છતાંય તે દુઃખથી મૂકાતો નથી. અસત્ય-ભાષણ પહેલાં ચિંતાથી, પાછળથી પશ્ચાત્તાપથી અને પ્રયોગકાળમાં ક્ષોભથી દુઃખી દુરંત પ્રાણી બને છે. આ પ્રમાણે ચોરી કરતો રસમાં અતૃપ્ત બનેલો દુઃખી-અનાથ બને છે. મધુર રસાનુરાગી મનુષ્યને આ મુજબ જરા પણ કોઈ પણ જાતનું સુખ ક્યાંથી હોય ? જેના ઉપાર્જન રૂપ મૂળમાં દુઃખ છે, તે ઉપભોગનો વિપાક અત્યંત દુઃખ-કલેશ રૂપ હોય એમાં શું પૂછવું ? આ પ્રમાણે અમનોહર રસમાં દ્વેષને પામેલો દુઃખસમૂહની પરંપરાને પામે છે. જેના ચિત્તમાં પ્રદ્વેષ છે, તે અશુભ કર્મ ભેગું કરે છે. તે અશુભ કર્મ અનુભવકાળમાં અહીં અને ભવાન્તરમાં ફરી ફરી દુઃખ આપે છે. જેમ જલમધ્યમાં રહેવા છતાં કમલદલ જળથી લેપાતું નથી, તેમ મધુર રસમાં રાગ વગરનો મનુષ્ય, શોક વગરનો બનેલો, ભવમધ્યમાં રહેવા છતાં દુઃખના સમૂહની પરંપરાથી લેપાતો

નથી. (૬૯ થી ૭૩-૧૨૮૯ થી ૧૨૯૩)

કાયસ્સ ફાસં ગહણં વયન્તિ,
તં રાગહેઉં તુ મણુન્નમાહુ;
તં દોસહેઉં અમણુન્નમાહુ,
સમો ય જો તેસુ સ વીયરાગો. ૭૪

ફાસસ્સ કાયં ગહણં વયન્તિ,
કાયસ્સ ફાસં ગહણં વયંતિ;
રાગસ્સ હેઉં સમણુન્નમાહુ,
દોસસ્સ હેઉં અમણુન્નમાહુ. ૭૫

ફાસેસુ જો ગેહિમુવેઇ તિવ્વં,
અકાલિયં પાવઇ સે વિણાસં;
રાગાઉરે સીયજલાવસન્ને,
ગાહગ્ગહીએ મહિસે વ રન્ને. ૭૬

જે યાવિ દોસં સમુવેઇ તિવ્વં,
તસ્સિં ખણે સે ઉ ઉવેઇ દુક્ખં;
દુદ્દન્તદોસેણ સએણ જન્તૂ,
ન કિંચિ ફાસં અવરજ્ઝઈ સે. ૭૭

એગન્તરત્તો રૂઇરંસિ ફાસે,
અતાલિસે સે કુણઈ પઓસં;
દુક્ખસ્સ સંપીલમુવેઇ બાલે,
ન લિપ્પઈ તેણ મુણી વિરાગે. ૭૮

ફાસાણુગાસાણુગએ ય જીવે,
ચરાચરે હિંસઇણેગરૂવે;
ચિત્તેહિં તે પરિતાવેઇ બાલે,
પીલેઇ અત્તટ્ઠગુરૂ કિલિટ્ઠે. ૭૯

ફાસાણુવાએ ણ પરિગ્ગહેણ,
ઉપ્પાયણે રક્ખણ-સન્નિઓગે;
વએ વિઓગે ય કહિં સુહં સે,
સંભોગકાલે ય અતિત્તિલાભે ? ૮૦

ફાસે અતિત્તે ય પરિગ્ગહમ્મિ,
સત્તોવસત્તો ન ઉવેઇ તુટ્ઠિં;
અતુટ્ઠિદોસેણ દુહી પરસ્સ,
લોભાવિલે આયયઈ અદત્તં. ૮૧

અર્થ : સ્પર્શેન્દ્રિય કાયાથી સ્પર્શ ગ્રાહ્ય છે - એમ

કહે છે. તે મનોહર સ્પર્શ રાગનો હેતુ અને અમનોહર સ્પર્શ દ્વેષનો હેતુ કહે છે. જે મનોહર-અમનોહર સ્પર્શોમાં સમાન-રાગ-દ્વેષ વગરનો છે, તે વીતરાગ કહેવાય છે. સ્પર્શની કાયા ગ્રાહક અને કાયાથી સ્પર્શ ગ્રાહ્ય છે - એમ કહે છે. મનોહર સ્પર્શ સહિત કાયા રાગનો અને અમનોહર સ્પર્શ સહિત કાય દ્વેષનો હેતુ છે - એમ કહેવાય છે. જે આત્મા મનોહર સ્પર્શમાં રાગાતુર બની તીવ્ર આસક્તિ કરે છે, તે અકાળે વિનાશને પામે છે. જેમ ઠંડા જળમાં નિમગ્ન થયેલ જંગલી પાડો, જલચર વિશેષ ગ્રાહોથી પકડાયેલ વિનાશને પામે છે, તેમ અહીં સમજવું. વળી જે અમનોહર સ્પર્શમાં પ્રદ્વેષ કરે છે, તે આત્મા તત્કાળ દુઃખને પામે છે. પોતાના અમનોહર સ્પર્શના પ્રદ્વેષ રૂપ દોષથી પ્રાણી પોતે જ અપરાધી બને છે, પરન્તુ કોઈ પણ સ્પર્શ અપરાધી બનાવતો નથી. જે મનોહર સ્પર્શમાં એકાન્ત રાગી અને અમનોહર સ્પર્શમાં પ્રદ્વેષ કરે છે, તે બાલમૂઢ દુઃખના સમુદાયને પામે છે, પણ વૈરાગી મુનિ

તે દુ:ખના સમુદાયથી લેપાતો નથી. મનોહર સ્પર્શ પાછળ રહેલ આશાની પાછળ પડેલો જીવ, (શુભ સ્પર્શવાળા મૃગચર્મ-પુષ્પ-વસ્ત્ર વગેરેના સંગ્રહમાં અને સ્ત્રી સેવન આદિમાં પ્રવર્તતો) અનેક પ્રકારના ઉપાયોથી વિવિધ જાતિના ત્રસ-સ્થાવર જીવોની હિંસા કરે છે. સ્વાર્થાન્ધ-રાગાન્ધ બનેલો બાલમૂઢ બીજા જીવોને દુ:ખ આપે છે - રંજાડે છે. મનોહર સ્પર્શના અનુરાગથી અને મૂર્ચ્છાથી, તે સ્પર્શવાળી વસ્તુના ઉપાર્જનમાં, રક્ષણમાં, સ્વ-પર કાર્યોમાં જોડવામાં, વિનાશમાં અને વિયોગમાં ક્યાંય સુખ થતું નથી અને સંભોગકાળમાં તૃપ્તિની પ્રાપ્તિ નહિ થવાથી સુખ થતું નથી. મનોહર સ્પર્શમાં અને તે સ્પર્શવાળી વસ્તુ રૂપ પરિગ્રહમાં પહેલાં સામાન્ય આસક્તિવાળો અને પછીથી અત્યંત ગાઢ આસક્તિવાળો સંતોષને પામતો નથી. અસંતોષ નામના દોષથી દુ:ખી બનેલો, લોભાવિષ્ટ બની, પારકી મનોહર સ્પર્શવાળી વસ્તુની ચોરી કરે છે. (૭૪ થી ૮૧ - ૧૨૯૪ થી ૧૩૦૧)

તણ્હાભિભૂયસ્સ અદત્ત-હારિણો,
ફાસે અતિત્તસ્સ પરિગ્ગહે ય;
માયામુસં વડ્ઢઇ લોભદોસા,
તત્થાવિ દુક્ખા ન વિમુચ્ચઈ સે. ૮૨

મોસસ્સ પચ્છા ય પુરત્થઓ ય,
પઓગકાલે ય દુહી દુરન્તે;
એવં અદત્તાણિ સમાયયન્તો,
ફાસે અતિત્તો દુહિઓ અણિસ્સો. ૮૩

ફાસાણુરત્તસ્સ નરસ્સ એવં,
કત્તો સુહં હોજ્જ કયાઇ કિંચિ ?;
તત્થોવભોગે વિ કિલેસદુક્ખં,
નિવ્વત્તએ જસ્સ કએ ણ દુક્ખં. ૮૪

એમેવ ફાસમ્મિ ગઓ પઓસં,
ઉવેઇ દુક્ખોઘપરંપરાઓ;
પદુટ્ઠચિત્તો ય ચિણાઇ કમ્મં,
જં સે પુણો હોઇ દુહં વિવાગે. ૮૫

ફાસે વિરત્તો મણુઓ વિસોગો,
એએણ દુક્ખોઘપરંપરેણ;
ન લિપ્પઈ ભવમજ્ઝે વિ સન્તો,
જલેણ વા પુક્ખરિણીપલાસં. ૮૬

**અર્થ** : તૃષ્ણાથી ઘેરાયેો ચોર મનોહર સ્પર્શમાં અને તે સ્પર્શવાળી વસ્તુ રૂપ પરિગ્રહમાં અતૃપ્ત થયેલો લોભના દોષથી અસત્ય બોલે છે. અસત્ય બોલવા છતાં તે દુઃખથી છૂટતો નથી. અસત્યભાષણ પહેલાં ચિંતાથી, પાછળથી પશ્ચાત્તાપથી અને પ્રયોગકાળમાં ક્ષોભથી દુઃખી બની દુરંત જંતુ બને છે. એ પ્રમાણે ચોરી કરનારો મનોહર સ્પર્શમાં અતૃપ્ત બની દુઃખી - અનાથ બને છે. મનોહર સ્પર્શના અનુરાગી મનુષ્યને આ પ્રમાણે ક્યાંથી કદાચિત્ જરા પણ સુખ હોય ? જેના ઉપાર્જન રૂપ મૂળમાં દુઃખ ભરેલું છે, તેના ઉપભોગમાં ક્લેશકારી દુઃખ જ માત્ર હોય એમાં શું પૂછવું ? આ પ્રમાણે અમનોહર સ્પર્શમાં પ્રદ્વેષને પામેલો, આ પૂર્વોક્ત

દુઃખના સમૂહની પરંપરાને પામે છે અને ચિત્તમાં અત્યંત દ્વેષવાળો અશુભ કર્મ ભેગું કરે છે. તે અશુભ કર્મ અનુભવકાળમાં, આ ભવમાં અને ભવાન્તરમાં ફરી ફરીથી દુઃખ આપે છે. મનોહર સ્પર્શમાં રાગ અને શોક વગરનો મનુષ્ય, ભવમધ્યમાં રહેવા છતાં આ પૂર્વોક્ત દુઃખ-સમૂહની પરંપરાથી લેપાતો નથી. જેમ જલમધ્યમાં રહેવા છતાં કમલદલ જલથી લેપાતું નથી, તેમ અહીં સમજવું. (૮૨ થી ૮૬ - ૧૩૦૨ થી ૧૩૦૬)

**મણસ્સ ભાવં ગહણં વયન્તિ,**
**તં રાગહેઉં તુ મણુન્નમાહુ;**
**તં દોસહેઉં અમણુન્નમાહુ,**
**સમો ય જો તેસુ સ વીયરાગો.** ૮૭

**મણસ્સ ભાવં ગહણં વયન્તિ,**
**ભાવસ્સ મણં ગહણં વયન્તિ;**
**રાગસ્સ હેઉં સમણુન્નમાહુ,**
**દોસસ્સ હેઉં અમણુન્નમાહુ.** ૮૮

ભાવેસુ જો ગેહિમુવેઇ તિવ્વં,
અકાલિયં પાવઇ સે વિણાસં;
રાગાઉરે કામગુણેસુ ગિદ્ધે,
કરેણુમગ્ગાડવહિએ ગએ વા. ૮૯

જે યાવિ દોસં સમુવેઇ તિવ્વં,
તસ્સિં ખણે સે ઉ ઉવેઇ દુક્ખં;
દુદ્દન્તદોસેણ સએણ જન્તૂ,
ન કિંચિ ભાવં અવરજ્ઝઈ સે. ૯૦

એગન્તરત્તો રુઇરંસિ ભાવે,
અતાલિસે સે કુણઈ પઓસં;
દુક્ખસ્સ સંપીલમુવેઇ બાલે,
ન લિપ્પઈ તેણ મુણી વિરાગે. ૯૧

ભાવાણુગાસાણુગએ ય જીવે,
ચરાચરે હિંસઇ ણેગરૂવે;
ચિત્તેહિં તે પરિતાવેઇ બાલે,
પીલેઇ અત્તટ્ઠગુરૂ કિલિટ્ઠે. ૯૨

અર્થ : મનના ભાવને (અભિપ્રાયને - સ્મરણ

વગેરેના વિષયને) ગ્રાહ્ય તરીકે કહે છે. તે મનોહર રૂપાદિ વિષયવાળા ભાવને રાગનો અને અમનોહર રૂપાદિ વિષયવાળા ભાવને દ્વેષનો હેતુ કહે છે. જે મનોહર-અમનોહર વિષયવાળા અભિપ્રાયમાં રાગ-દ્વેષ વગરના છે, તે વીતરાગ કહેવાય છે. ભાવનો મન ગ્રાહક અને મનથી ભાવ ગ્રાહ્ય છે - એમ કહે છે.. મનોહર રૂપાદિ વિષયભાવ સહિત મન રાગનો અને અમનોહર રૂપાદિ વિષયભાવ સહિત મન દ્વેષનો હેતુ છે - એમ કહે છે. જેમ કે - કામાતુર મદોન્મત્ત હાથી, નજીક રહેલી હાથણીને જોઈ, તેના સંગમમાં ઉત્સુક બનેલો, હાથણી જે માર્ગે જાય છે તેની પાછળ દોડતો રાજા વગેરેથી પકડાય છે. ત્યારબાદ તે હાથી યુદ્ધ આદિમાં જેમ વિનાશને પામે છે, તેમ જે મનોહર રૂપાદિ વિષયભાવમાં તીવ્ર આસક્તિ કરે છે, તે રાગાતુર અકાળે વિનાશને પામે છે. જે અમનોહર રૂપાદિ વિષયભાવમાં તીવ્ર દ્વેષ કરે છે, તે તત્કાળ દુઃખને પામે છે. પોતાના અમનોહર રૂપાદિ વિષયભાવમાં તીવ્ર દ્વેષ રૂપી દોષથી

પોતે જંતુઅપરાધી બને છે, પણ અમનોહર વિષય રૂપ ભાવ તેને અપરાધી બનાવતું નથી. મનોહર ભાવવિષય વસ્તુમાં એકાન્તે રાગી બનેલો અને અમનોહર ભાવવિષય વસ્તુમાં 'ક્યાં આ હમણાં મારી સ્મૃતિ માર્ગમાં આવ્યો ?' વગેરે રૂપ પ્રદ્વેષને કરે છે, તે બાલમૂઢ દુઃખના સમુદાયને પામે છે, પરન્તુ રાગ વગરનો મુનિ તે દુઃખસમૂહથી લેપાતો નથી. રૂપાદિ વિષય અભિપ્રાયને અનુકૂળ ઈચ્છાને વિવશ બનેલો અથવા અભીષ્ટના અર્જન અને અનિષ્ટના વિધ્વંસ વિષયભાવને અનુકૂળ ઈચ્છાને પરવશ બનેલો, 'મારો ઉદ્વેગ વગેરે ભાવ શાન્ત થાઓ.' - 'હર્ષ વગેરે ભાવ પેદા થાઓ.' એ પ્રમાણેના ભાવને અનુસારી આશાની પાછળ રહેલો અને અનેક ઉપાયોથી હોમ વગેરે કરતો વિવિધ જાતિના ત્રસ-સ્થાવર જીવોની હિંસા કરે છે. દેખાય છે કે - પોતાના અભિપ્રાયની સિદ્ધિ માટે ત્રસ-સ્થાવર જીવોની હિંસામાં પ્રવર્તતા અનેક જીવો હોય છે. (૮૭ થી ૯૨ - ૧૩૦૭ થી ૧૩૧૨)

ભાવાણુવાએ ણ પરિગ્ગહેણ,
ઉપ્પાયણે રક્ખણ-સન્નિઓગે;
વએ વિઓગે ય કહિં સુહં સે,
સંભોગકાલે ય અતિત્તિલાભે ? ૯૩

ભાવે અતિત્તે ય પરિગ્ગહમ્મિ,
સત્તોવસત્તો ન ઉવેઇ તુટ્ઠિં;
અતુટ્ઠિદોસેણ દુહી પરસ્સ,
લોભાવિલે આયયઈ અદત્તં. ૯૪

તણ્હાભિભૂયસ્સ અદત્તહારિણો,
ભાવિ અતિત્તસ્સ પરિગ્ગહે ય;
માયામુસં વડ્ઢઇ લોભ દોસા,
તત્થાવિ દુક્ખા ન વિમુચ્ચઈ સે. ૯૫

મોસસ્સ પચ્છા ય પુરત્થઓ ય,
પઓગકાલે ય દુહી દુરન્તે;
એવં અદત્તાણિ સમાયયન્તો,
ભાવે અતિત્તો દુહિઓ અણિસ્સો. ૯૬

ભાવાણુરત્તસ્સ નરસ્સ એવં,
કત્તો સુહં હોજ્જ કયાઇ કિંચિ?;
તત્થોવભોગે વિ કિલેસદુક્ખં
નિવ્વત્તએ જસ્સ કએ ણ દુક્ખં. ૯૭

એમેવ ભાવમ્મિ ગઓ પઓસં,
ઉવેઇ દુક્ખોઘપરંપરાઓ;
પદુટ્ઠચિત્તો ય ચિણાઇ કમ્મં,
જં સે પુણો હોઇ દુહં વિવાગે. ૯૮

ભાવે વિરત્તો મણુઓ વિસોગો,
એએણ દુક્ખોઘપરંપરેણ;
ન લિપ્પઈ ભવમજ્ઝે વિ સન્તો,
જલેણ વા પુક્ખરિણીપલાસં. ૯૯

અર્થ : મનોહર રૂપાદિ વિષય રૂપ ભાવના અનુરાગથી, મૂર્ચ્છાથી ભાવવિષય મનોહર વસ્તુના ઉપાર્જનમાં, રક્ષણમાં, સ્વ-પર કાર્યોમાં જોડવામાં, વિનાશમાં અને વિયોગમાં ક્યાંય સુખ તેને થતું નથી. સંભોગકાળમાં પણ તૃપ્તિની પ્રાપ્તિ નહિ થવાથી સુખ

થતું નથી. મનોહર ભાવમાં, તે ભાવવિષય વસ્તુ રૂપ પરિગ્રહમાં પહેલાં સામાન્ય આસક્તિવાળો બની પછી અત્યંત ગાઢ આસક્તિવાળો બનેલો સંતોષને પામતો નથી. અસંતોષ નામના દોષથી દુઃખી બની લોભાવિષ્ટ બનેલો, પોતાના અભિપ્રાયની સિદ્ધિ માટે બીજાની મનોહર રૂપાદિવાળી વસ્તુની ચોરી કરે છે. તૃષ્ણાથી ઘેરાયેલો ચોર, ભાવમાં અને ભાવવિષય રૂપાદિ મનોહર વસ્તુ રૂપ પરિગ્રહમાં અતૃપ્ત બનેલો લોભના દોષથી અસત્ય બોલે છે. અસત્ય બોલવા છતાં પણ તે દુઃખથી મૂકાતો નથી. અસત્યભાષણ પહેલાં ચિંતાથી, પાછળથી પશ્ચાત્તાપથી અને પ્રયોગકાળમાં ક્ષોભથી દુઃખી બની દુરંત પ્રાણી બને છે. આ પ્રમાણે ચોરી કરનારો, અભિપ્રાય રૂપ ભાવમાં કે મનોહર રૂપાદિવાળી વસ્તુ રૂપ ભાવમાં તૃપ્તિ વગરનો દુઃખી - અનાથ બને છે. મનોહર ભાવાનુરાગી મનુષ્યને આ પ્રમાણે કદાચ કોઈ પણ જાતનું જરા પણ સુખ ક્યાંથી હોય ? જેના ઉપાર્જનમાં મૂળથી જ દુઃખી થાય છે, તો

તેના ઉપભોગમાં પણ કલેશકારી દુઃખ જ હોય એમાં શું કહેવું ? આ મુજબ અનિષ્ટના સ્મરણ આદિ રૂપ ભાવમાં અથવા અનિષ્ટ વસ્તુના વિષય રૂપ ભાવમાં, 'મને આનું નામ પણ યાદ ન આવો.' આદિ પ્રદ્વેષને પામેલો દુઃખના સમુદાયની પરંપરાને પામે છે. ચિત્તમાં પ્રદ્વેષવાળો અશુભ કર્મને ભેગું કરે છે અને તે અશુભ કર્મ તેને અનુભવકાળમાં ફરી ફરીથી દુઃખ આપે છે. અભીષ્ટના સ્મરણ આદિ રૂપ ઈષ્ટ વસ્તુ વિષય રૂપ ભાવમાં રાગ અને શોક વગર નો મનુષ્ય, આ પૂર્વોક્ત દુઃખસમુદાયની પરંપરાથી ભવમધ્યે રહેવા છતાં લેપાતો નથી. જેમ જલમધ્યે રહેવા છતાં કમલદળ જલથી લેપાતો નથી, તેમ અહીં સમજવું. (૯૩ થી ૯૯- ૧૩૧૩ થી ૧૩૧૯)

**એવિન્દિયત્થા ય મણસ્સ અત્થા,**
**દુક્ખસ્સ હેઉં મણુયસ્સ રાગિણો;**
**તે ચેવ થોવં પિ કયાઇ દુક્ખં,**
**ન વીયરાગસ્સ કરેન્તિ કિંચિ. ૧૦૦**

**અર્થ :** પૂર્વોક્ત પ્રકારે ઈન્દ્રિયાર્થ રૂપ, રૂપ આદિ અને મનના સ્મરણ વગેરે ભાવ રૂપ અર્થો, રાગી-દ્વેષી મનુષ્યને દુઃખના હેતુઓ થાય છે. તે ઈન્દ્રિયોના - મનના અર્થો, વીતરાગ-વીતદ્વેષને કદાચિત્ માનસિક કે કાયિક કોઈ પણ જાતનું જરા પણ દુઃખ આપી શકતા નથી કે કરી શકતા નથી. (૧૦૦ - ૧૩૨૦)

**ન કામભોગા સમયં ઉવેન્તિ,**
**ન યાવિ ભોગા વિગઇં ઉવેન્તિ;**
**જે તપ્પદોસી ય પરિગ્ગહી ય,**
**સો તેસુ મોહા વિગઇં ઉવેઈ.** ૧૦૧

**અર્થ :** કામભોગો, રાગ-દ્વેષના અભાવ રૂપ સમતા પ્રતિ હેતુપણાને પામતા નથી અર્થાત્ સમતા પ્રત્યે કામભોગો હેતુ નથી. જો સમતા પ્રતિ કામભોગો હેતુ છે - એમ માનવામાં આવે, તો દુનિયામાં કોઈ પણ રાગી અને દ્વેષી ન હોય ! કામ-ભોગો, ક્રોધાદિ રૂપ વિકૃતિ પ્રત્યે હેતુપણાને પામતા નથી અર્થાત્ માત્ર કામભોગો જ વિકાર પ્રત્યે હેતુ નથી. જો ફક્ત કામ

ભોગોને જ વિકારહેતુ માનવામાં આવે, તો કોઈપણ વીતરાગ બને નહિ. જે કામભોગોમાં-અનિષ્ટ વિષયોમાં પ્રદ્વેષવાળો છે, તે ઈષ્ટ કામભોગોમાં રાગવાળો રાગ-દ્વેષ રૂપ મોહથી ક્રોધાદિ વિકારને પામે છે અને જે રાગ-દ્વેષરહિત છે તે સમતાને પામે છે. અર્થાત્ મુખ્યતયા ક્રોધાદિ વિકાર પ્રત્યે રાગ-દ્વેષ રૂપ મોહ કારણ છે, જ્યારે સમતા પ્રત્યે રાગ-દ્વેષ રૂપ મોહનો અભાવ કારણ છે. (૧૦૧-૧૩૨૧)

**કોહં ચ માણં ચ તહેવ માયં,**
**લોભં દુગુંચ્છં અરઇં રઇં ચ;**
**હાસં ભયં સોગ-પુમિત્થિવેયં,**
**નપુંસવેયં વિવિહે ચ ભાવે.** **૧૦૨**

**આવજ્જઈ એવમણેગરૂવે,**
**એવંવિહે કામગુણેસુ સત્તો;**
**અન્ને ય એયપ્પભવે વિસેસે,**
**કારુણ્ણદીણે હિરિમે વઇસ્સે.** **૧૦૩**

**અર્થ** : આ રાગ-દ્વેષ રૂપ પ્રકારથી,

અનંતાનુબંધી વગેરે ભેદથી અને તારતમ્ય ભેદથી ઘણા ભેદવાળા, ક્રોધ, માન, માયા, લોભ, ઘૃણા, બેચેની રૂપ અરતિ, વિષયાસક્તિ રૂપ રતિ, હાસ્ય, ભય, શોક, સ્ત્રીની ઈચ્છા રૂપ પુરૂષવેદ, પુરૂષની ઈચ્છા રૂપ સ્ત્રીવેદ, ઉભયની ઈચ્છા રૂપ નપુંસકવેદ, - આ પ્રમાણે વિવિધ પ્રકાર રૂપ ભાવોને પામે છે. વળી અત્યંત દીન-લજ્જાવાળો થતો, (ક્રોધ આદિથી પ્રીતિવિનાશ વગેરે દોષોને અહીં અનુભવતો અને પરલોકમાં તેના અતિ કટુક પરિણામને વિચારતો) ક્રોધાદિ દોષથી દુષ્ટ હોઈ, સર્વ જનને પણ અપ્રીતિપાત્ર બનતો અને શુભાશુભ શબ્દાદિ કામભોગોમાં રાગી-દ્વેષી, ક્રોધાદિથી જન્ય પશ્ચાત્તાપ-દુર્ગતિપતન વગેરે વિશેષ ફળોને મેળવે છે. (૧૦૨+૧૦૩-૧૩૨૨+૧૩૨૩)

**કપ્પં ન ઇચ્છેજ્જ સહાયલિચ્છૂ,**
**પચ્છાણુતાવેણ તવપ્પભાવં;**
**એવં વિકારે અમિયપ્પકારે,**
**આવજ્જઇ ઇન્દિયચોરવસ્સે. ૧૦૪**

તઓ સે જાયન્તિ પઓચણાઇં,
નિમજ્જિઉં મોહમહણ્ણવમ્મિ;
સુહેસિણો દુક્ખવિણોયણટ્ઠા,
તપ્પચ્ચયં ઉજ્જમએ ય રાગી. ૧૦૫

વિરજ્જમાણસ્સ ય ઇન્દિયત્થા,
સદ્દાઇયા તાવઇયપ્પયારા;
ન તસ્સ સવ્વે વિ મણુન્નયં વા,
નિવ્વત્તયન્તી અમણુન્નયં વા. ૧૦૬

'આ મારી સેવા આદિ રૂપ સહાય કરશે.' - આવી સહાયની ઈચ્છાવાળો થકો, વૈયાવચ્ચ વગેરે કાર્ય કરવામાં સમર્થ - યોગ્ય રૂપ કલ્પ શિષ્યને ઈચ્છે નહિ. (ઉપકારની બુદ્ધિમાં દોષ નથી.) તેમજ દીક્ષાનો સ્વીકાર કર્યા બાદ 'શું આટલું બધું કષ્ટ મેં સ્વીકાર્યું ?' - આવી ચિંતા રૂપ પ્રશ્ચાત્તાપથી અને અહીં જ આમર્ષૌષધિ આદિ લબ્ધિની ઈચ્છાથી તથા પરલોકમાં ભોગાદિના નિયાણું કરવા દ્વારા તપના પ્રભાવને ન ઈચ્છે ! (સંઘાદિ કાર્ય માટે દોષ નથી.) ધર્મ રૂપી ધનનું અપહરણ કરનાર

હોવાથી ઈન્દ્રિય રૂપ ચોરોને આધીન બનેલો, આ પ્રકારે અપરિમિત પ્રકારવાળા દોષ રૂપી વિકારોને પામે છે. તે વિકારોની પ્રાપ્તિથી, તે જ જંતુને મોહ રૂપી મહાસાગરમાં ડૂબાડવા માટે સમર્થ વિષયસેવનહિંસા વગેરે પ્રયોજનો પેદા થાય છે. સુખનો ઈચ્છુક થતો દુ:ખના નાશ માટે રાગી-દ્વેષી, વિષયસેવનાદિ પ્રયોજન માટે ઉદ્યમશીલ-ઉત્સાહી બની વિષયસેવનાદિ પ્રયોજનોમાં પ્રવૃત્તિ કરે છે, કેમ કે - સકલ અનર્થનું મૂળ રાગ-દ્વેષ જ છે. રાગ-દ્વેષ વગરના આત્મા વિષે જેટલા લોકમાં પ્રસિદ્ધ છે, તેટલા પ્રકારવાળા ઈન્દ્રિયના અર્થો મનોહરતા અને અમનોહરતાને પામતા નથી, પરન્તુ રાગ-દ્વેષવાળા વિષે થાય છે. (સ્વરૂપથી રૂપાદિ વિષયો આત્માને મનોહર કે અમનોહર નથી, પરંતુ રાગી-દ્વેષી ગ્રાહકના વશે મનોહર કે અમનોહર બને છે.) આથી વીતરાગ-દ્વેષવાળા આત્મા વિષે આ વિષયો મનોહર કે અમનોહરતાને પામી શકતા નથી. રાગ-દ્વેષના અભાવમાં વિષયસેવનહિંસા વગેરે પ્રયોજનોની

જે ઉત્પત્તિ જ નથી, તો અનર્થની ઉત્પત્તિ ક્યાંથી જ હોય? (૧૦૪ થી ૧૦૬ - ૧૩૨૪ થી ૧૩૨૬)

**એવં સસંકપ્પવિકપ્પણાસું,**
**સંજાયતી સમયમુવટ્ઠિયસ્સ;**
**અત્થે ય સંકપ્પયતો તઓ સે,**
**પહીયએ કામગુણેસુ તણ્હા.** ૧૦૭

**સ વીયરાગો કયસવ્વકિચ્ચો,**
**ખવેઇ નાણાવરણં ખણેણં;**
**તહેવ જં દંસણમાવરેઇ,**
**જં ચ અન્તરાયં પકરેઈ કમ્મં.** ૧૦૮

**સવ્વં તઓ જાણઇ પાસઈ ય,**
**અમોહણે હોઇ નિરન્તરાએ;**
**અણાસવે ઝાણસમાહિજુત્તે,**
**આઉક્ખએ મોક્ખમુવેતિ સુદ્ધે.** ૧૦૯

**અર્થ :** આ પ્રમાણે પૂર્વોક્ત નીતિથી આત્માના રાગ-દ્વેષ-મોહ રૂપ અધ્યવસાય રૂપ સંકલ્પોની, 'આ સકલ દોષોનું મૂળ છે' ઈત્યાદિ વિચારણા રૂપ

ભાવનામાં ઉદ્યમશીલ આત્મામાં માધ્યસ્થ્ય રૂપ સમતા પેદા થાય છે. 'આ રૂપાદિ વિષયો કર્મબંધના હેતુ નથી પરન્તુ રાગ વગેરે દોષો કર્મબંધના હેતુ છે.' અર્થાત્ ઈન્દ્રિયાર્થ રૂપાદિ ગત રાગાદિ કર્મબંધના હેતુ છે - એમ વિચાર કરનાર સાધુની વિષયાદિ રૂપ કામભોગોની તૃષ્ણા ક્ષીણ થાય છે. તે ક્ષીણ તૃષ્ણાવાળો વીતરાગ બને છે, કારણ કે - તૃષ્ણા એટલે લોભ, તેનો ક્ષય થવાથી ક્ષીણમોહપણાની પ્રાપ્તિ થાય છે. તે પૂર્ણ સર્વ કૃત્યવાળો બનેલો, ક્ષણવારમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયકર્મને અર્થાત્ જે જ્ઞાનને આવરે, દર્શનને આવરે અને અંતરાયને કરે છે, તે ત્રણેય કર્મને ખપાવે છે : ચાર ઘાતીકર્મના ક્ષય બાદ વિશેષ રૂપે સર્વને જાણે છે : સામાન્ય રૂપે સર્વને જુએ છે : મોહ વગરનો, અંતરાય વગરનો અને કર્મબંધહેતુ વગરનો બની, શુક્લધ્યાન દ્વારા પરમ સ્વાસ્થ્ય રૂપ સમાધિથી યુક્ત બનેલો, વેદનીય-આયુષ્ય-નામ-ગોત્રકર્મ રૂપી અઘાતી કર્મોનો ક્ષય થવાથી, કર્મમલ વગરનો શુદ્ધ આત્મા મોક્ષને પામે

છે. (૧૦૭ થી ૧૦૯ - ૧૩૨૭ થી ૧૩૨૯)

**સો તસ્સ સવ્વસ્સ દુહસ્સ મુક્કો,**
**જં બાહઈ સયવં જન્તુમેયં;**
**દીહામય વિપ્પમુક્કો પસત્થો;**
**તો હોઇ અચ્ચન્તસુહી કયત્થો. ૧૧૦**

**અર્થ** : તે મોક્ષને પામેલો આત્મા, જે દુઃખ આત્માને નિરંતર દુઃખી કરે છે - બાધા પમાડે છે, તે જાતિ - જરા - મરણ રૂપ સર્વ દુઃખથી મુક્ત પૃથગ્‌ભૂત બને છે : સ્થિતિની અપેક્ષાએ લાંબા કર્મો રૂપી વિવિધ વિવિધ બાધા કરનાર હોઈ, રોગોથી વિપ્રમુક્ત બનેલો હોઈ, પ્રશસ્ત - પ્રશંસાપાત્ર બને છે : તથા તેથી જ અત્યંત સુખી-કૃતાર્થ થાય છે. (૧૧૦-૧૩૩૦)

**અણાઇ કાલપ્પભવસ્સ એસો,**
**સવ્વસ્સ દુક્ખસ્સ પમોક્ખમગ્ગો;**
**વિયાહિઓ જં સમુવેચ્ચ સત્તા,**
**કમેણ અચ્ચન્તસુહી ભવન્તિ. ૧૧૧**

**॥ ત્તિ બેમિ. ॥**

**અર્થ :** આ પૂર્વોક્ત અનાદિકાળથી જન્ય સર્વ દુઃખની અત્યંતમુક્તિનો ઉપાયભૂત માર્ગ કહ્યો. તે મોક્ષમાર્ગને સ્વીકારી, આત્માઓ ઉત્તરોત્તર પ્રાપ્તિ રૂપ કર્મથી અત્યંત સુખી બને છે - એમ હે જંબૂ! હું કહું છું (૧૧૧-૧૩૩૧)

**(ઇઇ પમાયઠ્ઠાણં સમત્તં (૩૨))**

❖ ❖ ❖

# ૩૩. કર્મપ્રકૃતિ અધ્યયન

**અટ્ઠં કમ્માઇં વોચ્છામિ, આણુપુવ્વિં જહક્કમં;**
**જેહિં બદ્ધે અયં જીવે, સંસારે પરિઅત્તઈ. ૧**

**અર્થ** : મિથ્યાત્વ વગેરે હેતુઓથી જીવ વડે કરાતા એવા આઠ કર્મોને પૂર્વાનુપૂર્વી ક્રમથી હું કહીશ. તે કર્મોથી બંધાયેલો આ (દરેક પ્રાણીને સ્વસંવેદન પ્રત્યક્ષ રૂપ) જીવ, સંસારમાં નવા નવા-બીજા બીજા પર્યાયોને અનુભવતો પર્યટન કરે છે. (૧-૧૩૩૨)

**નાણસ્સાવરણિજ્જં, દંસણાવરણં તહા;**
**વેયણિજ્જં તહા મોહં, આઉકમ્મં તહેવ ય. ૨**

**નામકમ્મં ચ ગોતં ચ, અન્તરાયં તહેવ ય;**
**એવમેતાઇં કમ્માઇં, અટ્ઠેવ ઉ સમાસઓ. ૩**

**અર્થ** : જેમ મેઘમાળાથી સૂર્ય આચ્છાદિત થાય છે, તેમ વિશેષ અવબોધ રૂપ જ્ઞાન (વિદ્યમાન હોવા છતાં) જે કર્મથી આચ્છાદિત થાય, તે '[૧]જ્ઞાનાવરણીયકર્મ' કહેવાય છે.

જેમ પ્રતિહાર - દ્વારપાળ વડે રાજાનું દર્શન રોકાય છે, તેમ સામાન્ય અવબોધ રૂપ દર્શન જે કર્મથી આચ્છાદિત કરાય, તે '[૨]દર્શનાવરણીયકર્મ' કહેવાય છે.

જેમ મધ વડે લેપાયેલ તલવારની ધાર ચાટતાં પ્રથમ સ્વાદિષ્ટ લાગે છે, પરંતુ જીભ કપાતાં પરિણામે પીડા અનુભવાય છે, તેમ પૌદ્‌ગલિક સુખ-દુઃખ રૂપે અનુભવાય તે '[૩]વેદનીયકર્મ' છે.

જેમ મદિરા પીનારને વિવેકહીન બનાવે છે, તેમ '[૪]મોહનીયકર્મ' ચિત્તને વિપરીત બનાવવા દ્વારા અવિવેકી બનાવે છે.

બેડી જેમ નીકળવાની ઈચ્છા કરનારને રોકી રાખે છે, તેમ તે ભવની સ્થિતિ સુધી જે રોકી રાખે તે '[૫]આયુષ્યકર્મ' છે.

જેમ ચિત્રકાર, જીવની છબી ચિતરતાં તેના હાથ-પગ ઈત્યાદિ આકારો ચિતરી તેની છબી બનાવે છે, તેમ દેવત્વાદિ, સંહનન ઈત્યાદિ જીવના વિવિધ આકારો-રૂપો ઘડે તે '[૬]નામકર્મ' છે.

કુંભારથી મૃતિકા દ્રવ્યની માફક ઉંચા-નીચા શબ્દોથી જે વડે જીવ બોલાવાય, તે '૭ગોત્રકર્મ' છે.

ભંડારીની માફક વિઘ્ન કરનારૂં કર્મ '૮અંતરાયકર્મ' કહેવાય છે.

આ પ્રકારે આઠ કર્મો સંક્ષેપથી જ સમજવા, જ્યારે વિસ્તારથી જેટલા જીવો છે તેટલા જ કર્મો અનંતા જ સમજવા. આ પ્રમાણે કર્મની મૂળ પ્રકૃતિઓ જણાવી અને હવે ઉત્તર પ્રકૃતિઓ કહે છે. (૨+૩-૧૩૩૩+૧૩૩૪)

**નાણાવરણં પંચવિહં, સુયં આભિનિબોહિયં;**
**ઓહીનાણં તઇયં, મણનાણં ચ કેવલં. ૪**

**અર્થ** : આવરણ યોગ્ય આવાર્યના ભેદથી આવરણનો ભેદ છે. એટલે કહે છે કે - જ્ઞાનાવરણ કર્મ પાંચ પ્રકારનું છે : કેમ કે - આવાર્ય એટલે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવલજ્ઞાન - એમ પાંચ આવાર્યના ભેદ હોઈ, જ્ઞાનાવરણીય = મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીય,

અવધિજ્ઞાનાવરણીય, મનઃપર્યવજ્ઞાનાવરણીય (આ ચાર દેશઘાતી છે.) અને કેવલજ્ઞાનાવરણીય (સર્વઘાતી છે.) - એ રૂપે પાંચ પ્રકારનું છે. (૪-૧૩૩૫)

**નિદ્દા તહેવ પચલા, નિદ્દાનિદ્દા ય પચલપચલા ય;**
**તત્તો ય થીણગિદ્ધી ઉ, પંચમા હોઇ નાયવ્વા. ૫**

**ચક્ખુ-મચક્ખૂ-ઓહિસ્સ, દરિસણે કેવલે ય આવરણે;**
**એવં તુ નવવિકપ્પં, નાયવ્વં દરિસણાવરણં. ૬**

**અર્થ** : (૧) સુખેથી જાગી શકાય તે 'નિદ્રા'. (૨) કષ્ટે કરીને જાગી જાય તે 'નિદ્રાનિદ્રા'. (૩) ઉભા ઉભા કે બેઠા બેઠા જે ઊંઘ આવે તે 'પ્રચલા'. (૪) ચાલતાં ચાલતાં જે ઊંઘ આવે તે 'પ્રચલાપ્રચલા'. (૫) દિવસમાં ચિંતવેલ અર્થ સાધનારી અને વાસુદેવથી અડધા બળવાળી ઊંઘ તે 'સ્ત્યાનર્દ્ધિ'. નિદ્રાપંચક રૂપ આ પાંચ પ્રકૃતિઓ દર્શનલબ્ધિ - વિનાશક હોઈ સર્વઘાતી છે.

(૧) ચક્ષુ ઈન્દ્રિયથી થતા સામાન્ય ગ્રહણ રૂપ દર્શનના ઘાતકને 'ચક્ષુર્દર્શનાવરણ' કહે છે.

(૨) અહીં 'નમઃ'નો અર્થ પર્યુદાસની અપેક્ષાએ સરખો થતો હોવાથી, ચક્ષુ સરખી શેષ ઈન્દ્રિયો અને મન અર્થાત્ નેત્ર સિવાયની બાકીની સર્વ ઈન્દ્રિયો અને મન દ્વારા થતા સ્વસ્વ વિષય સામાન્ય ગ્રહણ રૂપ અચક્ષુદર્શનના ઘાતક કર્મને 'અચક્ષુદર્શનાવરણ' કહેવાય છે.

(૩) અવધિદર્શનાવરણના ક્ષયોપશમથી થતા રૂપી દ્રવ્યોના સામાન્ય ગ્રહણ રૂપ અવધિદર્શનને જે આવરે, તે 'અવધિદર્શનાવરણ' કહેવાય છે. આ ત્રણ કર્મો દેશઘાતી છે.

(૪) કેવલદર્શનાવરણના ક્ષયથી આત્માનો સાક્ષાત્ સ્વરૂપી સર્વ દ્રવ્યપર્યાયોના સામાન્ય જ્ઞાન રૂપ કેવલદર્શનને જે આવરે, તે 'કેવલદર્શનાવરણ' કહેવાય છે. આ કર્મ સર્વઘાતી છે.

આ પ્રમાણે પાંચ નિદ્રા અને ચાર દર્શનાવરણ મળી દર્શનાવરણીયકર્મ નવ પ્રકારનું છે. (૫+૬-૧૩૩૬+૧૩૩૭)

**વેચણીયં પિ ય દુવિહં, સાયમસાયં ચ આહિયં;**
**સાયસ્સ ઉ બહૂ ભેયા, એમેવ અસાયસ્સ વિ. ૭**

**અર્થ :** વેદનીયકર્મ પણ બે પ્રકારનું છે. (૧) સાતા, (શરીર-મન સંબંધી સુખ) અહીં ઉપચારથી સાતાના નિમિત્તભૂત કર્મ પણ 'સાતાવેદનીય' કહેલ છે. (૨) અસાતા, (શરીર-મન સંબંધી દુઃખ) તેના નિમિત્તભૂત કર્મ 'અસાતાવેદનીય' કહેલ છે. તે સાતાના હેતુભૂત અનુકંપા આદિ અનેક ભેદો હોઈ તેના ઘણા ભેદો છે. તે મુજબ વિપરીત અશાતાના પણ સમજવા. (૭-૧૩૩૮)

**મોહણિજ્જં પિ દુવિહં, દંસણે ચરણે તહા;**
**દંસણે તિવિહં વુત્તં, ચરણે દુવિહં ભવે. ૮**

**સમ્મત્તં ચેવ મિચ્છત્તં, સમ્મામિચ્છત્તમેવ ચ;**
**એયાઓ તિન્નિ પગડીઓ, મોહણિજ્જસ્સ દંસણે. ૯**

**ચરિત્તમોહણં કમ્મં, દુવિહં તુ વિયાહિયં;**
**કસાય-વેયણિજ્જં ચ, નોકસાયં તહેવ ચ. ૧૦**

**સોલસવિહભેએણં, કમ્મં તુ કસાયજં;**
**સત્તવિહ નવવિહં વા, કમ્મં નોકસાયજં.** ૧૧

**અર્થ** : વેદનીયની માફક મોહનીયકર્મ, તત્ત્વરૂચિ રૂપ દર્શનમોહનીય અને ચરિત્રવિષયક ચારિત્રમોહનીય-એમ બે પ્રકારનું છે.

(૧) દર્શનમોહનીયના ત્રણ પ્રકારો છે. તે આ પ્રમાણે - (અ) 'મદનકોદ્રવ'ના ન્યાયથી શોધેલ મિથ્યાત્વ પુદ્ગલના શુદ્ધ પુંજ રૂપ શુદ્ધ દલિક રૂપ સમ્યક્ત્વ, જેના ઉદયમાં પણ તત્ત્વરૂચિ થાય તે 'સમ્યક્ત્વમોહનીય.' (આ) અશુદ્ધ દલિક રૂપ મિથ્યાત્વ, કે જેના ઉદયમાં અતત્ત્વોમાં તત્ત્વબુદ્ધિ થાય તે 'મિથ્યાત્વમોહનીય.' (ઇ) અર્ધ શુદ્ધ પુંજ રૂપ શુદ્ધાશુદ્ધ દલિક રૂપ સમ્યગ્મિથ્યાત્વ, કે જેના ઉદયમાં જંતુને તત્ત્વ અને અતત્ત્વ ઉભયમાં સમાન શ્રદ્ધા થાય તે 'મિશ્રમોહનીય' જાણવું. અહીં સમ્યક્ત્વ વગેરે જીવધર્મો છે, પણ તેના હેતુ હોઈ દલિકોમાં પણ સમ્યક્ત્વાદિનો વ્યવહાર કરાય છે.

(૨) ચારિત્રમોહનીયકર્મ, કે જેના વડે ચારિત્રફલ વગેરે જાણવા છતાં ચારિત્રને સ્વીકારી શકતો નથી. તેના બે પ્રકારો છે. તે આ પ્રમાણે - (અ) ક્રોધ વગેરે કષાયો ક્રોધાદિ રૂપે જે અનુભવાય તે 'કષાયવેદનીય' અને (આ) કષાયસહચારી હાસ્ય આદિ રૂપે જે અનુભવાય તે 'નોકષાયવેદનીય' કહેવાય છે.

(૧) અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ - એમ ચાર પ્રકારો.

(૨) અપ્રત્યાખ્યાન ક્રોધ, માન, માયા અને લોભ - એમ ચાર પ્રકારો.

(૩) પ્રત્યાખ્યાન ક્રોધ, માન, માયા અને લોભ - એમ ચાર પ્રકારો.

(૪) સંજ્વલન ક્રોધ, માન, માયા અને લોભ - એમ ચાર પ્રકારો.

એમ ભેદથી કષાયજન્ય કષાયવેદનીયકર્મ સોલ પ્રકારે છે અને નોકષાયજન્ય નોકષાયવેદનીયકર્મ સાત

યા નવ પ્રકારનું છે. (હાસ્ય-રતિ-અરતિ-ભય-શોક-જુગુપ્સા રૂપ હાસ્યાદિ છ અને વેદ સામાન્ય વિવક્ષાથી એક મળતાં સાત પ્રકારનું અને હાસ્યાદિ છ સાથે ત્રણ વેદ ભેગા ગણતાં નવ પ્રકારનું સમજવું.) (૮ થી ૧૧ - ૧૩૩૯ થી ૧૩૪૨)

**નેરઇય-તિરિક્ખાઉં, મણુસ્સાઉં તહેવ ય;**
**દેવાઉયં ચઉત્થં તુ, આઉકમ્મં ચઉવ્વિહં. ૧૨**

**અર્થ :** આયુષ્યકર્મ નારક, તિર્યગ્, મનુષ્ય અને દેવાયુ ભેદથી ચાર પ્રકારનું છે. (૧૨ - ૧૩૪૩)

**નામકમ્મં ચ દુવિહં, સુહંઅસુહં ચ આહિયં;**
**સુહસ્સ ઉ બહૂ ભેયા, એમેવ અસુહસ્સ વી. ૧૩**

**અર્થ :** નામકર્મ શુભ-અશુભ ભેદથી બે પ્રકારનું છે. શુભ અને અશુભના ઘણા ઘણા ભેદો છે. ત્યાં ઉત્તરભેદોની અપેક્ષાએ અનંત ભેદવાળું છતાં મધ્યમ વિવક્ષાથી શુભના ૩૭ ભેદો છે. (નરદેવ ગતિ, પંચેન્દ્રિય જાતિ, શરીરપંચક, ત્રણ શરીરના અંગોપાંગ, શુભ વર્ણાદિ ચતુષ્ક, પ્રથમ સંહનન, પ્રથમ સંસ્થાન,

નરદેવાનુપૂર્વી, અગુરૂલઘુ, પરાઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, શુભ વિહાયોગતિ, ત્રસ-બાદર-પર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર-સુભગ-સુસ્વર-આદેય-યશ, નિર્માણ અને તીર્થંકરનામ. આ શુભ વિપાકવાળી હોઈ શુભ છે.) અશુભ નામના પણ મધ્યમ વિવક્ષાથી ૩૪ ભેદો છે. (નરક-તિર્યંચ ગતિ, એકેન્દ્રિયાદિ જાતિચતુષ્ક, પહેલું છોડી બાકીનાં પાંચ સંઘયણો, પહેલું છોડી પાંચ સંસ્થાનો, અશુભ વર્ણાદિ ચતુષ્ક, નરક-તિર્યંગાનુપૂર્વી, ઉપઘાત, અશુભ વિહાયોગતિ અને સ્થાવર દશક. આ અશુભ નારકત્વાદિના હેતુ હોઈ અશુભ કહેવાય છે.) (૧૩-૧૩૪૪)

**ગોયં કમ્મં દુવિહં, ઉચ્ચં નીયં ચ આહિયં;**
**ઉચ્ચં અટ્ઠવિહં હોઇ, એવં નીયં પિ આહિયં. ૧૪**

**અર્થ** : ગોત્રકર્મ ઉચ્ચ (ઈક્ષ્વાકુ વંશ વગેરેના વ્યવહારના હેતુભૂત) અને નીચ (તેનાથી વિપરીત) - એમ બે પ્રકારનું છે. ત્યાં ઉચ્ચ અને નીચ ગોત્ર આઠ આઠ પ્રકારનું કહેલ છે. બંધના હેતુ આઠ હોવાથી આ

બન્ને આઠ પ્રકારના છે. ઉચ્ચ ગોત્રના બંધના હેતુઓ જાતિમદ આદિ આઠ મદોનો અભાવ છે. નીચ ગોત્રના બંધના હેતુઓ જાતિમદ આદિ આઠ મદો છે. (૧૪-૧૩૪૫)

**દાણે લાભે ય ભોગે ય, ઉવભોગે વીરિએ તહા;**
**પંચવિહમન્તરાયં, સમાસેણ વિયાહિયં. ૧૫**

**અર્થ** : આપવા યોગ્ય વસ્તુના આપવા રૂપ દાનવિષયક અંતરાય, ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિ રૂપ લાભવિષયક અંતરાય, એક વાર ભોગવવા યોગ્ય પુષ્પાદિ રૂપ ભોગવિષયક અંતરાય, વારંવાર ભોગ્ય યોગ્ય સ્ત્રી આદિ રૂપ ઉપભોગવિષયક અંતરાય અને પરાક્રમ રૂપ વીર્યવિષયક અંતરાય; એ રીતિએ વિષયભેદથી પાંચ પ્રકારનું 'અંતરાયકર્મ' કહેલું છે. (૧૫-૧૩૪૬)

**એયાઓ મૂલપગડીઓ, ઉત્તરાઓ ય આહિયા;**
**પએસગ્ગં ખેત્ત-કાલે ય, ભાવં ચાદુત્તરં સુણ. ૧૬**

**અર્થ** : આ મૂલ પ્રકૃતિઓ અને ઉત્તર પ્રકૃતિઓ કહેલ છે. હવે મારા વડે કહેવાતા કર્મના પરમાણ

પરિમાણને, ક્ષેત્ર-કાલને અને ચતુઃસ્થાનિકાદિ રસ રૂપ અનુભાગ રૂપ ભાવને સાંભળો ! (૧૬-૧૩૪૭)

**સવ્વેસિં ચેવ કમ્માણં, પએસગ્ગં અણન્તગં;**
**ગંઠિગસત્તાઇયં, અન્તો સિદ્ધાણ આહિયં. ૧૭**

**અર્થ :** સર્વ કર્મોના પરમાણુઓનું પરિમાણ પણ અનંત જ છે. તે અનંત પરમાણુઓ, ગ્રંથિક સત્ત્વ એટલે અભવ્યોથી અનંતગુણા અને સિદ્ધોની સંખ્યાના અનંતમા ભાગના કર્મના પરમાણુઓ સમજવા. અર્થાત્ અભવ્યોથી અનંતગુણા, પરંતુ સિદ્ધોની સંખ્યાના અનંતમા ભાગના કર્મવર્ગણાના સ્કંધો પ્રતિ સમય જીવ ગ્રહણ કરે છે. અહીં એક જીવની એક સમયગ્રાહ્ય કર્મપરમાણુઓની અપેક્ષાએ સમજવું. નહિતર સર્વજીવો કરતાં પણ સર્વ કર્મપરમાણુઓની અનંતાનંત ગુણતા છે, તો આ કેવી રીતે ઘટે ? (૧૭-૧૩૪૮)

**સવ્વજીવાણ કમ્મં તુ, સંગહે છદ્દિસાગયં;**
**સવ્વેસુ વિ પએસેસુ, સવ્વં સવ્વેણ બદ્ધગં. ૧૮**

**અર્થ :** સર્વ જીવો છ દિશાઓમાં રહેલ કર્મનું

ગ્રહણ કરે છે. આ વસ્તુ એકેન્દ્રિય વિના સર્વ જીવોની અપેક્ષાએ નિયમા સમજવું. (એકેન્દ્રિયો ત્રણ, ચાર, પાંચ, યાવત્ છ દિશામાં રહેલ કર્મનું ગ્રહણ કરે છે એ વિશેષ છે.) આ ગ્રહણ કરાયેલું કર્મ, આત્મ સંબંધી સર્વ પ્રદેશોની સાથે, જ્ઞાનાવરણાદિ સર્વ કર્મ, પ્રકૃતિ-સ્થિતિ આદિ સર્વ પ્રકારે અને દૂધની સાથે પાણીની માફક આત્મપ્રદેશોની સાથે એકતાને પામેલું - શ્લિષ્ટ થયેલું, તે જ કર્મબદ્ધ જ કહેવાય છે. (૧૮-૧૩૪૯)

**ઉદહિસરિસનામાણં, તીસતિં કોડિકોડીઓ;**
**ઉક્કોસિયા હોઇ ઠિઈ, અન્તોમુહુત્તં જહન્નિયા. ૧૯**

**આવરણિજ્જાણ દોણ્હં પિ, વેયણિજ્જે તહેવ ય;**
**અન્તરાએ ય કમ્મમ્મિ, ઠિઈ એસા વિયાહિયા. ૨૦**

**ઉદહિસરિસનામાણં, સત્તરિં કોડિકોડીઓ;**
**મોહણિજ્જસ્સ ઉક્કોસા, અન્તોમુહુત્તં જહન્નિયા. ૨૧**

**તેત્તીસ સાગરોવમ, ઉક્કોસેણ વિયાહિયા;**
**ઠિઈ ઉ આઉકમ્મસ્સ, અન્તોમુહુત્તં જહન્નિયા. ૨૨**

ઉદહિસરિસનામાણં, વિંસતિં કોડિકોડીઓ;
નામ-ગોયાણ ઉક્કોસા, અટ્ઠમુહુત્તા જહન્નિયા. ૨૩

સિદ્ધાણડણન્તભાગો, અણુભાગા ભવન્તિ ઉ;
સવ્વેસુ વિ પએસગ્ગં, સવ્વજીવેસડઇચ્છિયં. ૨૪

**અર્થ :** જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીશ કોડાકોડી સાગરોપમની છે અને જઘન્ય સ્થિતિ એક અંતર્મુહૂર્ત્તની છે. જો કે અહીં વેદનીયની સ્થિતિ અંતર્મુહૂર્ત્તની કહી, પરન્તુ બીજે ઠેકાણે બાર મુહૂર્ત્તની સકષાયી જીવની સ્થિતિ કહે છે. વળી અકષાયી જીવની અપેક્ષાએ સાતાવેદનીયની સ્થિતિ બે સમયની કહેલ છે. અહીં જે તત્ત્વ છે, તે તત્ત્વવિદો જાણે છે. મોહનીયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સીત્તેર કોડાકોડી સાગરોપમની અને જઘન્ય સ્થિતિ એક અંતર્મુહૂર્ત્તની છે. આયુષ્યકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીશ સાગરોપમની અને જઘન્ય સ્થિતિ એક અંતર્મુહૂર્ત્તની છે. નામકર્મની અને ગોત્રકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ વીશ કોડાકોડી સાગરોપમની અને જઘન્ય સ્થિતિ આઠ મુહૂર્ત્તની છે. વળી રસવિશેષ રૂપ અનુભાગો

સિદ્ધોના અનંતમા ભાગે હોય છે. આ અનંતમો ભાગ અનંત સંખ્યાવાળો જ જાણવો. તેમજ સર્વરસવિશેષ રૂપ અનુભાગોમાં પણ પ્રદેશોનું (કર્મસ્કંધની સાથે અવિભક્ત પરમાણુઓનું) પરિમાણ સર્વ જીવો કરતાં અનંતગુણું છે - એમ સમજવું. (૧૯ થી ૨૪ - ૧૩૫૦ થી ૧૩૫૫)

**તમ્હા એએસિં કમ્માણં, અણુભાગે વિયાણિયા;**
**એએસિં સંવરે ચેવ, ખવણે ય જએ બુહે. ૨૫**

**॥ ત્તિ બેમિ. ॥**

**અર્થ :** જેથી આ પ્રકારના પ્રકૃતિબંધ વગેરે છે, તેથી આ કર્મોના અનુભાગોને પ્રકૃતિબંધ વગેરેને વિશેષથી કટુ વિપાક રૂપે અને ભવહેતુ રૂપે જાણીને, નહિ ગ્રહણ કરેલા આ કર્મોના નિરોધ રૂપ સંવરમાં અને પૂર્વે ગ્રહણ કરેલા કર્મની નિર્જરા-ક્ષયમાં બુદ્ધિમાને પ્રયત્ન કરવો જોઈએ. આ પ્રમાણે હે જંબૂ! હું કહું છું. (૨૫-૧૩૫૬)

**(ઇઇ કમ્મપગડી સમત્તા (૩૩))**

❖ ❖ ❖

# ૩૪ લેશ્યા અધ્યયન

**લેસજ્ઝયણં પવક્ખામિ, આણુપુવ્વિં જહક્કમં;**
**છણ્હં પિ કમ્મલેસાણં, અણુભાવે સુહેણ મે. ૧**

**અર્થ :** લેશ્યાવાચક અધ્યયન રૂપ લેશ્યા અધ્યયનને પૂર્વાનુપૂર્વી ક્રમથી હું કહીશ. કર્મસ્થિતિ વિધાયક તે તે વિશિષ્ટ પુદ્ગલ રૂપ અને છ કર્મ લેશ્યાઓના રસવિશેષ રૂપ અનુભાવોને કહેનાર એવા મારી પાસેથી સાંભળો ! (૧-૧૩૫૭)

**નામાઇં વણ્ણ-રસ-ગન્ધ-ફાસ-પરિણામ-લક્ખણં;**
**ઠાણં ઠિઇં ગઇં ચાઉં, લેસાણં તુ સુણેહ મે.**
**(દારગાહા) ૨**

**અર્થ :** (૧) લેશ્યાના નામો, (૨) વર્ણ-રસ-ગંધ-સ્પર્શ પરિણામ (જઘન્યાદિ), (૩) લક્ષણ (પાંચ આશ્રવોના સેવન વગેરે), (૪) ઉત્કર્ષાપકર્ષ રૂપ સ્થાન, (૫) અવસ્થાન કાલ રૂપ સ્થિતિ અને (૬) જેનાથી જે પ્રાપ્ત થાય છે તે નરકાદિ ગતિ. આયુષ્ય - જીવિત, જેટલું

બાકી રહેવાથી આગામી ભવ લેશ્યા પરિણામ, તે અહીં લેવાનું છે. આમ લેશ્યાના છ દ્વારોને કહેનાર મારી પાસેથી સાંભળો! (૨-૧૩૫૮)

**કિણ્હા નીલા ય કાઊ ય, તેઊ પમ્હા તહેવ ય;**
**સુક્કલેસા ય છટ્ઠા ઉ, નામાઇં તુ જહક્કમં.**
**(દારં-૧) ૩**

**જીમૂતનિદ્ધસંકાસા ગવલ-રિટ્ઠગસન્નિભા;**
**ખંજંજણ નયણનિભા, કિણ્હલેસા ઉ વણ્ણઓ. ૪**

**નીલાસોગસંકાસા, ચાસપિંછસમપ્પભા;**
**વેરુલિયનિદ્ધસંકાસા, નીલલેસા ઉ વણ્ણઓ. ૫**

**અયસીપુપ્ફસંકાસા, કોઇલચ્છદ-સન્નિભા;**
**પારેવયગીવનિભા, કાઉલેસા ઉ વણ્ણઓ. ૬**

**હિંગુલુયધાઉસંકાસા, તરુણાઇચ્ચસન્નિભા;**
**સુયતુંડ-પઈવનિભા, તેઉલેસા ઉ વણ્ણઓ. ૭**

**હરિયાલભેયસંકાસા, હલિદ્દાભેય-સન્નિભા;**
**સણાસણકુસુમનિભા, પમ્હલેસા ઉ વણ્ણઓ. ૮**

**સંખંક-કુન્દસંકાસા, ખીરપૂરસમપ્પભા;**
**રયય-હારસંકાસા, સુક્કલેસા ઉ વણ્ણઓ.**
**(દારં-૨)** ૯

**અર્થ** : ૧-નામદ્વાર=કૃષ્ણલેશ્યા-૧, નીલલેશ્યા-૨, કાપોતલેશ્યા-૩, તેજોલેશ્યા-૪, પદ્મલેશ્યા-૫ અને શુકલલેશ્યા-૬.

૨-વર્ણદ્વાર=નવીન મેઘ, પાડાનું શીંગડું, કાગડો કે ફલવિશેષ રૂપ રિષ્ટક, ખંજન (ગાડાની મરી), કાજળ, આંખની કીકી વગેરે શ્યામ વસ્તુઓ જેવા વર્ણની અપેક્ષાએ કૃષ્ણ પરમ 'કૃષ્ણલેશ્યા' છે. - ૧. નીલ અશોક, ચાસના પીંછાં અને સ્નિગ્ધ વૈડૂર્યની સરખી નીલ-અતિ નીલ રંગવાળી 'નીલલેશ્યા' છે. - ૨. અળશીના ફૂલ, તૈલકંટક, કોયલની ચામડી, કબુતરની ગરદનની માફક થોડો કાળો અને થોડો લાલ અર્થાત્ રાતો અને કાળો એમ મિશ્રિત વર્ણવાળી 'કાપોતલેશ્યા' છે.-૩. હિંગલોક, ગેરૂ વગેરે ધાતુ, તરૂણ-ઉગતો સૂર્ય, પોપટનું મુખ, દીવાના સરખા લાલ

રંગવાળી 'તેજોલેશ્યા' છે.-૪. હરતાલનો કકડો, હળદર, બપોરિયા યા બીયકનું ફૂલ અને ધાન્યવિશેષ રૂપ સણના ફૂલના સરખા પીત વર્ણવાળી 'પદ્મલેશ્યા' છે.-૫. શંખ, કુંદપુષ્પ, મણિવિશેષ રૂપ અંક, ક્ષીર-દૂધની ધારા અને ચાંદીના હાર સરખી શ્વેત રંગવાળી 'શુક્લલેશ્યા' છે.-૬. (૩ થી ૯ - ૧૩૫૯ થી ૧૩૬૫)

**જહ કડુયતુમ્બગરસો, નિમ્બરસો કડુયરોહિણિરસો વા;**
**એત્તો વિ અણન્તગુણો, રસો઼ ઉ કિણ્હાએ નાયવ્વો. ૧૦**

**જહ તિગડુગસ્સ ય રસો,**
**તિક્ખો જહ હત્થિપિપ્પલીએ વા;**
**એત્તો વિ અણન્તગુણો,**
**રસો ઉ નીલાએ નાયવ્વો. ૧૧**

**જહ તરુણઅમ્બગ-રસો તુવરકવિટ્ઠસ્સ વા વિ જારિસઓ;**
**એત્તો વિ અણન્તગુણો, રસો ઉ કાઊએ નાયવ્વો. ૧૨**

**જહપરિણયમ્બરગરસો, પક્કકવિટ્ઠસ્સ વા વિ જારિસઓ;**
**એત્તો વિ અણન્તગુણો, રસો ઉ તેઊએ નાયવ્વો. ૧૩**

વરવારુણીએ વ રસો,
વિવિહાણ વ આસવાણ જારિસઓ;
મેહુ-મેરગસ્સ વ રસો,
એત્તો પમ્હાએ પરએણં. ૧૪

ખજ્જૂર-મુદ્દિયરસો, ખીરરસો ખણ્ડ-સક્કરરસો વા;
એત્તોવિઅણન્તગુણો, રસોઉ સુક્કાએ નાયવ્વો.
(દા.૩) ૧૫

અર્થ : હવે રસને કહે છે. જેમ કડવા તુંબડાનો રસ, લીંબડાનો રસ અને કડવી રોહિણીનો રસ છે, તેના કરતાં અનંત સંખ્યાવાળી રાશિથી ગુણેલો અર્થાત્ અનંતગુણો કડવો રસ 'કૃષ્ણલેશ્યા'નો છે.-૧. જેમ સુંઠ-પીંપળ-મરી રૂપ ત્રિકટુકનો રસ અથવા હસ્તિપીપળનો રસ તીખો છે, તેના કરતાં અનંતગુણો તીખો રસ 'નીલલેશ્યા'નો જાણવો. -૨. જેમ કાચી કેરીનો રસ તૂરા કાંઠાનો રસ છે, તેના કરતાં અનંતગુણો તૂરો રસ 'કાપોતલેશ્યા'નો જાણવો. -૩. જેમ પાકી કેરીનો રસ પાકા કાંઠાનો રસ છે તેવો થોડો ખાટો અને મીઠો રસ

છે, તેના કરતાં અનંતગુણો થોડો ખાટો-મીઠો રસ 'તેજોલેશ્યા'નો જાણવો. -૪. જેવો પ્રધાન મદિરાનો રસ અથવા વિવિધ પુષ્પોથી ઉત્પન્ન થયેલ મધના જેવો મહુડાનો દારૂ, મીરા નામના દેશની મદિરા અને શેરડી વગેરેથી બનાવેલો દારૂનો રસ છે, તેના કરતાં અનંતગુણો ઉત્કૃષ્ટ મધુર રસ 'પદ્મલેશ્યા'નો છે. -૫. જેવો ખજૂરનો, દ્રાક્ષનો, ખીરનો અથવા ખાંડ-સાકરનો રસ છે, તેના કરતાં પણ અનંતગુણો મધુર રસ 'શુક્લલેશ્યા'નો જાણવો. -૬. (૧૦થી ૧૫ - ૧૩૬૬ થી ૧૩૭૧)

**જહ ગોમડસ્સ ગન્ધો, સુણગમડસ્સ વ જહા અહિમડસ્સ;**
**એત્તો વિ અણન્તગુણો, લેસાણં અપ્પસત્થાણં. ૧૬**

**જહ સુરહિકુસુમગન્ધો, ગન્ધવાસાણ પિસ્સમાણાણં;**
**એત્તોવિઅણન્તગુણો, પસત્થલેસાણતિણ્હંપિ.**
**(દારં.૪) ૧૭**

**અર્થ** : હવે ગંધ જણાવે છે. જેમ ગાયના, કુતરાના અથવા સાપના મૃતકની ગંધ છે, તેના કરતાં

અનંતગુણી દુર્ગંધ કૃષ્ણાદિ ત્રણ અપ્રશસ્ત લેશ્યાની તરતમ ભાવથી જાણવી. જેમ સુગંધીદાર પુષ્પોની ગંધ, કોષ્ટ પુટપાકથી બનેલ સુગંધી ચૂર્ણો, અબીલ, કુંકુમ, કેશર, ચૂર્ણ વગેરે પટવાસાદિ સુગંધી ચૂર્ણની ગંધ છે, તેના કરતાં અનંતગુણી સુગંધ તેજોલેશ્યાદિ ત્રણ પ્રશસ્ત લેશ્યાની તરતમ ભાવથી સમજવી. (૧૬+૧૭-૧૩૭૨+૧૩૭૩)

**જહકરગયસ્સફાસો, ગોજિબ્ભાએ ય સાગપત્તાણં;**
**એત્તો વિ અણન્તગુણો, લેસાણં અપ્પસત્થાણં. ૧૮**

**જહ બૂરસ્સ વ ફાસો,**
**નવણીયસ્સ વ સિરીસકુસુમાણં;**
**એત્તોવિ અણન્તગુણો,**
**પસત્થલેસાણતિણ્હંપિ (દા.૫) ૧૯**

**અર્થ :** હવે સ્પર્શ કહે છે. જેમ કરવતનો, ગાયની જીભનો અને વૃક્ષવિશેષ શાકના પાંદડાનો સ્પર્શ છે, તેના કરતાં અનંતગુણો કર્કશ સ્પર્શ ક્રમસર અપ્રશસ્ત કૃષ્ણાદિ લેશ્યાનો સમજવો. જેમ બરૂનો, માખણનો,

શિરીષ ફૂલોનો કોમલ સ્પર્શ છે, તેના કરતાં અનંતગુણો કોમલ સ્પર્શ ક્રમસર પ્રશસ્ત તેજો વગેરે લેશ્યાનો સમજવો. (૧૮+૧૯-૧૩૭૪+૧૩૭૫)

**તિવિહો વ નવવિહો વા સત્તાવીસઇવિહેક્કસીઓ વા;**
**દુસઓ તેયાલો વા, લેસાણં હોઇ પરિણામો. (દા.૬)૨૦**

**અર્થ :** (૩) પરિણામદ્વાર=આ લેશ્યાઓનો પરિણામ (તે તે કૃષ્ણાદિ રૂપે જવું-પરિણમવું તે.) ત્રણ પ્રકારનો, નવ પ્રકારનો, સત્તાવીશ પ્રકારનો, એક્યાશી પ્રકારનો અને બસો-તેંતાલીશ પ્રકારનો-એમ ત્રણ ત્રણ ગુણો છે. (૧) જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ભેદથી પરિણામ ત્રણ પ્રકારનો છે. (૨) આ બધા પરિણામોના પ્રત્યેકના પોતાના સ્થાનની તરતમતા આશ્રીને જઘન્યાદિ ત્રણથી ગુણતાં નવ પ્રકારનો છે. (૩) આ પ્રમાણે ફરી ફરી ત્રણથી ગુણતાં ૨૭-૮૧-૨૪૩ ભેદો સમજવા. આ મુજબ તારતમ્યની વિચારણામાં સંખ્યાનો નિયમ નથી. (૨૦-૧૩૭૬)

**પંચાસવપ્પવત્તો, તીહિં અગુત્તો છસું અવિરઓ ય;**
**તિવ્વારંભપરિણઓ, ખુદ્દો સાહસિઓ નરો. ૨૧**

**નિદ્ધંધસ-પરિણામો, નિસ્સંસો અજિઇન્દિઓ;**
**એયજોગસમાઉત્તો, કિણ્હલેસં તુ પરિણમે. ૨૨**

**અર્થ** : (૪) 'લક્ષણદ્વાર'=હિંસાદિ પાંચ આશ્રવોમાં પ્રવૃત્તિવાળો, મન-વચન-કાયા દ્વારા અગુપ્ત, છ જીવનિકાયોમાં અવિરતિવાળો, કેમ કે - તે જીવોની હિંસા કરે છે. સ્વરૂપથી અને અધ્યવસાયથી ઉત્કટ, સાવદ્ય વ્યાપારોમાં આસક્ત, સર્વના પણ અહિતૈષી, વિચાર્યા વગર પ્રવૃત્તિ કરનારો, ચોરી વગેરે દુષ્કર્મકારી, નર-સ્ત્રી આદિ, આલોક-પરલોકના અનિષ્ટની શંકા વગરના પરિણામવાળો, જીવોની હિંસા કરતાં જરા પણ ડર નહિ રાખનારો અને અજિતેન્દ્રિય; આ પૂર્વોક્ત વ્યાપારોથી યુક્ત 'કૃષ્ણલેશ્યા'માં પરિણમે છે અર્થાત્ તથાવિધ દ્રવ્યોના સંબંધથી સ્ફટિકની માફક તદ્રૂપપણાને-કૃષ્ણલેશ્યાને પામે છે. (૨૧+૨૨-૧૩૭૭+૧૩૭૮)

**ઇસા-અમરિસ-અતવો, અવિજ્જ-માયા અહીરિયા;**
**ગિદ્ધીપઓસે ય સઢે, પમત્તેરસલોલુએ સાયગવેસએ ૨૩**

**ય આરંભાઓ અવિરઓ, ખુદ્દો સાહસિઓનરો;**
**એયજોગ સમાઉત્તો, નીલલેસં તુ પરિણમે. ૨૪**

**અર્થ :** પારકા ગુણોને નહિ સહવા રૂપ ઈર્ષ્યા, રોષથી અત્યંત આગ્રહ રૂપ અમર્ષ, તપનો અભાવ, કુશાસ્ત્ર રૂપ અવિદ્યા, માયા, લજ્જાનો અભાવ, વિષયલંપટપણું, પ્રદ્વેષ આદિ અવગુણવાળો, ધીઠ્ઠો, પ્રકર્ષથી જાતિમદ આદિના આચરણથી મત્ત બનેલો, રસોમાં લંપટ, 'મને સુખ કેમ થાય ?'-આવી બુદ્ધિવાળો, જીવહિંસા રૂપ આરંભથી નહિ અટકેલો, ક્ષુદ્રતાવાળો, સાહસિક અને નર-સ્ત્રી વગેરે; આ પૂર્વોક્ત વ્યાપારોથી યુક્ત 'નીલલેશ્યા'માં પરિણમે છે - નીલરૂપપણાને પામે છે. (૨૩+૨૪-૧૩૭૯+૧૩૮૦)

**વંકે વંકસમાયારે, નિયડિલ્લે અણુજ્જુએ;**
**પલિઉંચગ ઓવહિએ, મિચ્છદિટ્ઠી અણારિએ. ૨૫**

**ઉપ્ફાલગ-દુટ્ઠવાઈ ય, તેણે યાવિ ય મચ્છરી;**
**એયજોગસમાઉત્તો, કાઉલેસં તુ પરિણામે.** ૨૬

**અર્થ :** વાણીમાં વાંકો, વાંકા આચારવાળો, મનમાં માયાવાળો, સરલતા વગરનો, પોતાના દોષોને ઢાંકનાર, કપટથી બધો વ્યવહાર કરનારો, મિથ્યાદૃષ્ટિ, અનાર્ય, બીજો ક્રોધ કરે કે હસે એવું દુષ્ટ બોલનારો. ચોર અને પારકી સંપદાને નહિ સહન કરનારો; આ પૂર્વોક્ત ક્રિયાઓથી યુક્ત 'કાપોતલેશ્યા' રૂપ પરિણામવાળો થાય છે - કાપોત રંગ રંગાય છે. (૨૫+૨૬-૧૩૮૧+૧૩૮૨)

**નીયાવત્તી અચવલે, અમાઈ અકુતૂહલે;**
**વિણીયવિણએ દન્તે, જોગવં ઉવહાણવં.** ૨૭

**પિયધમ્મે દઢધમ્મે, વજ્જભીરૂ હિએસએ;**
**એયજોગસમાઉત્તો, તેઉલેસં તુ પરિણમે.** ૨૮

**અર્થ :** નમ્રતાવાળો-વિનયી, ચપલતા વગરનો, માયા વગરનો, કુતૂહલ વગરનો, ગુરૂ વગેરે તરફ ઉચિત પ્રવૃત્તિનો સારો અભ્યાસી, દમનવાળો, સ્વાધ્યાય વગેરે

વ્યાપારવાળો, યોગોપધાનપૂર્વક શાસ્ત્રની આરાધના કરનાર, પ્રિયધર્મા, દૃઢધર્મી, પાપભીરૂ અને હિતૈષી-મોક્ષગવેષક; આ ઉપરોક્ત વ્યાપારોથી યુક્ત તેજોલેશ્યાને પરિણમાવે છે - તેજોલેશ્યાના રંગે રંગાય છે. (૨૭+૨૮-૧૩૮૩+૧૩૮૪)

**પયણુકોહ-માણે ય, માયા લોભે ય પયણુએ;**
**પસન્તચિત્તે દન્તપ્પા, જોગવં ઉવહાણવં.** ૨૯

**તહા પયણુવાઈ ય, ઉવસન્તે જિઇન્દિએ;**
**એયજોગસમાઉત્તો, પમ્હલેસં તુ પરિણમે.** ૩૦

**અર્થ** : ક્રોધ-માન-માયા-લોભ વગેરે કષાયો જેના પતળા-નહિ જેવા હોય છે તેવો, ચિત્તની પ્રશાન્તિવાળો, ઈન્દ્રિયદમનવાળો, યોગોપધાનપૂર્વક શાસ્ત્રનો વિનય કરનારો, સ્વલ્પ-મિત ભાષણ કરનારો, સૌમ્ય આકારવાળો અને જિતેન્દ્રિય; અર્થાત્ આ ઉપરોક્ત યોગયુક્ત પદ્મલેશ્યા રૂપ પરિણામવાળો થાય છે - પદ્મલેશ્યાના રંગે રંગાય છે. (૨૯+૩૦-

૧૩૮૫+૧૩૮૬)

**અટ્ટ-રોદ્દાણિ વજ્જેત્તા, ધમ્મ-સુક્કાણિ સાહએ;**
**પસન્તચિત્તે દન્તપ્પા, સમિએ ગુત્તે ય ગુત્તિસુ. ૩૧**

**સરાગે વીયરાગે વા, ઉવસન્તે જિઇન્દિએ;**
**એયજોગસમાઉત્તો, સુક્કલેસં તુ પરિણમે. (દારં-૭) ૩૨**

**અર્થ :** આર્ત્ત અને રૌદ્રને છોડી ધર્મ અને શુક્લ રૂપ ધ્યાનવાળો, પ્રશાન્ત ચિત્તવાળો, દાન્તાત્મા, પાંચ સમિતિવાળો, ગુપ્તિઓથી અશુભ યોગને રોકનારો, સરાગ સંયમવાળો, ઉપશાન્ત વીતરાગ અને જિતેન્દ્રિય; અર્થાત્ આ પૂર્વોક્ત યોગસંપન્ન શુકલલેશ્યામાં પરિણમે છે-શુકલલેશ્યાના રંગે રંગાય છે. (૩૧+૩૨-૧૩૮૭+૧૩૮૮)

**અસંખેજ્જાણોસપ્પિણીણ, ઉસપ્પિણીણ જે સમયા;**
**સંખાઈયા લોગા, લેસાણ હવન્તિ ઠાણાઇં.(દારં-૮) 33**

(૫) 'સ્થાનદ્વાર'=અસંખ્યાત અવસર્પિણી તથા ઉત્સર્પિણીઓના જે સમયો અસંખ્યાત લોકાકાશ પ્રદેશ

પરિમાણવાળા થાય છે, તેટલા લેશ્યાઓના સ્થાનો એટલે પ્રકર્ષ-અપકર્ષકૃત અશુભોની સંક્લેશ રૂપો અને શુભ લેશ્યાઓના વિશુદ્ધિ રૂપ સ્થાનો હોય છે. (૩૩-૧૩૮૯)

**મુહુત્તદ્ધં તુ જહન્ના, તેત્તીસા સાગરા મુહુત્તડહિયા;**
**ઉક્કોસા હોઇ ઠિઈ, નાયવ્વા કિણ્હલેસાએ. ૩૪**

**મુહુત્તદ્ધં તુ જહન્ના,**
**દસ ઉદહી પલિયમસંખભાગમબ્ભહિયા;**
**ઉક્કોસા હોઇ ઠિઈ, નાયવ્વા નીલલેસાએ. ૩૫**

**મુહુત્તદ્ધં તુ જહન્ના,**
**તિણ્ણુદહી પિલયમસંખભાગમબ્ભહિયા;**
**ઉક્કોસા હોઇ ઠિઇ, નાયવ્વા કાઉલેસાએ. ૩૬**

**મુહુત્તદ્ધંતુજહન્ના,**
**દોણ્ણુદહી પલિયમસંખભાગમબ્ભહિયા;**
**ઉક્કોસા હોઇ ઠિઇ, નાયવ્વા તેઉલેસાએ. ૩૭**

**મુહુત્તદ્ધં તુ જહન્ના,**
**દસ ઉદહી ય હુંતિ મુહુત્તમબ્ભહિયા;**

ઉક્કોસા હોઇ ઠિઇ, નાયવ્વા પમ્હલેસાએ. ૩૮

મુહુત્તદ્ધં તુ જહન્ના, તેત્તીસં સાગરા મુહુત્તડહિયા;
ઉક્કોસા હોઇ ઠિઈ, નાયવ્વા સુક્કલેસાએ. ૩૯

**અર્થ :** (૬) 'સ્થિતિદ્વાર'=કૃષ્ણલેશ્યાની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે. સાતમી નારકીની અપેક્ષાએ ઉત્કૃષ્ટ સ્થિતિ બે અંતર્મુહૂર્ત અધિક (એક અંતર્મુહૂર્ત પૂર્વના ભવ સંબંધી અને બીજુ આગળના ભવ સંબંધી જાણવું.) તેત્રીશ સાગરોપમની સમજવી. તિર્યંચ અને મનુષ્યોમાં સર્વ લેશ્યાઓની જઘન્ય જ અંતર્મુહૂર્તની સ્થિતિ સમજવી. (૧)

પલ્યોપમના અસંખ્યાત ભાગ અધિક દશ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ, ધૂમપ્રભાના ઉપરિતન પ્રસ્તટગત નરકના ઉત્કૃષ્ટ આયુષ્યને અનુલક્ષી અને જઘન્ય અંતર્મુહૂર્તની બીજી 'નીલલેશ્યા'ની સમજવી. (૨) જઘન્ય અંતર્મુહૂર્તાની અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમના અસંખ્યાત ભાગ અધિક ત્રણ સાગરોપમની વાલુકાપ્રભાના ઉપરિતન પ્રસ્તટગત

નારકના ઉત્કૃષ્ટ આયુષ્યને આશ્રીને ત્રીજી 'કાપોતલેશ્યા'ની સમજવી. (૩)

જઘન્ય અંતર્મુહૂર્ત્તની અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમના અસંખ્યાત ભાગ અધિક બે સાગરોપમની, ઈશાન દેવલોકવાસી દેવના ઉત્કૃષ્ટ આયુષ્ય વિચારતાં ચોથી 'તેજોલેશ્યા'ની સમજવી. (૪)

જઘન્ય અંતર્મુહૂર્ત્તની અને ઉત્કૃષ્ટ સ્થિતિ બે અંતર્મુહૂર્ત્ત અધિક દશ સાગરોપમની, બ્રહ્મલોક સ્વર્ગવાસી દેવના ઉત્કૃષ્ટ આયુષ્યને લક્ષ્યમાં રાખતાં પાંચમી 'પદ્મલેશ્યા'ની સમજવી. (૫)

જઘન્ય અંતર્મુહૂર્ત્તની અને ઉત્કૃષ્ટ સ્થિતિ બે અંતર્મુહૂર્ત્ત અધિક તેત્રીશ સાગરોપમની, અનુત્તર વિમાનવાસી દેવના ઉત્કૃષ્ટ આયુષ્યને અવલંબીને છઠ્ઠી 'શુક્લલેશ્યા'ની સમજવી. (૬) (૩૪ થી ૩૯ - ૧૩૯૦ થી ૧૩૯૫)

**એસા ખલુ લેસાણં, ઓહેણ ઠિઈ ઉ વણ્ણિયા હોઇ;**
**ચઉસુ વિ ગઈસુ એત્તો, લેસાણ ઠિતિં તુ વોચ્છામિ. ૪૦**

**અર્થ** : આ સ્થિતિ લેશ્યાઓની સામાન્ય રીતે વર્ણવાયેલી છે. હવે ચારેય ગતિઓમાં પણ લેશ્યાઓની સ્થિતિને હું કહીશ. (૪૦ - ૧૩૯૬)

**દસ વાસસહસ્સાઇં, કાઊએ ઠિઈ જહન્નિયા હોઇ;**
**તિણ્ણુદહી પલિયં, અસંખભાગં ચ ઉક્કોસા. ૪૧**

**અર્થ** : રત્નપ્રભામાં ઉપરિતન પ્રસ્તટવર્તી નારકોને-દશ હજાર વર્ષની સ્થિતિવાળા નારકીઓને 'કાપોતલેશ્યા' દશ હજાર વર્ષની જઘન્ય જાણવી, જ્યારે વાલુકાપ્રભામાં પ્રથમ પ્રસ્તટમાં પ્રલ્યોપમના અસંખ્યાત ભાગ અધિક ત્રણ સાગરોપમ સ્થિતિવાળા નારકીઓને 'કાપોતલેશ્યા'ની પલ્યોપમના અસંખ્યાત ભાગ અધિક ત્રણ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી. (૪૧ - ૧૩૯૭)

**તિણ્ણુદહી પલિયમસંખભાગો જહન્ન નીલઠિઈ;**
**દસઉદહી પલિયમસંખભાગં ચ ઉક્કોસા. ૪૨**

**અર્થ** : વાલુકાપ્રભામાં નીલલેશ્યાની જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાત ભાગ અધિક ત્રણ

સાગરોપમની જાણવી, જ્યારે ધૂમપ્રભામાં પ્રથમ પ્રસ્તટે પલ્યોપમના અસંખ્યાત ભાગ અધિક દશ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ 'નીલલેશ્યા'ની જાણવી. (૪૨-૧૩૯૯)

**દસઉદહી પલિયમસંખભાગં જહન્નિયા હોઇ;**
**તેત્તીસસાગરાઇં, ઉક્કોસા હોઇ કિણ્હાએ. ૪૩**

**અર્થ** : ધૂમપ્રભામાં પલ્યોપમના અસંખ્યાત ભાગ અધિક દશ સાગરોપમની કૃષ્ણલેશ્યાની જઘન્ય સ્થિતિ જાણવી. તમસ્તમામાં બે અંતર્મુહૂર્ત્ત અધિક તેત્રીશ સાગરોપમની કૃષ્ણલેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિ સમજવી. વળી અહીં નારકોની તથા આગળ ઉપર દેવોની આ દ્રવ્યલેશ્યાની સ્થિતિ જાણવી. ભાવપરાવર્તનની અપેક્ષાએ દેવ-નારકોને છ લેશ્યાઓ છે - એમ સમજવું. (૪૩-૧૩૯૯)

**એસા નેરઇયાણં, લેસાણ ઠિઈ ઉ વણ્ણિયા હોઇ;**
**તેણ પરં વોચ્છામિ, તિરિય-મણુસ્સાણ દેવાણં. ૪૪**

**અર્થ** : આ નારકીઓની લેશ્યાઓની સ્થિતિ કહી. હવે પછી તિર્યંચોની, મનુષ્યોની અને દેવોની

લેશ્યાસ્થિતિને હું કહીશ. (૪૪-૧૪૦૦)

**અન્તોમુહુત્તમદ્ધં, લેસાણ ઠિઈ જહિં જહિં જા ઉ;**
**તિરિયાણં ચ નરાણં વા, વજ્જેત્તા કેવલં લેસં. ૪૫**

**અર્થ :** જ્યાં જ્યાં કે જે જે લેશ્યાઓ તિર્યંચો અને મનુષ્યોમાં સંભવિત છે (પૃથ્વી-જલ-વનસ્પતિમાં પહેલી ચાર, અગ્નિ-વાયુ-વિકલેન્દ્રિય, સંમૂર્ચ્છિમ મનુષ્યાદિમાં પહેલી ત્રણ અને ગર્ભજ તિર્યંચ-મનુષ્યોમાં છ લેશ્યાઓનો સંભવ છે.), તે તમામ લેશ્યાઓની જઘન્ય અથવા ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્ત્તના કાલમાનવાળી છે. એક કેવલ શુક્લલેશ્યાને છોડીને અર્થાત્ વિશિષ્ટ મનુષ્યની શુક્લલેશ્યામાં અપવાદ છે. (૪૫-૧૪૦૧)

**મુહુત્તદ્ધં તુ જહન્ના, ઉક્કોસા હોઈ પુવ્વકોડી ઉ;**
**નવહિં વરિસેહિં ઊણા, નાયવ્વા સુક્કલેસાએ. ૪૬**

**અર્થ :** શુક્લલેશ્યાની જઘન્ય અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ નવ વર્ષથી ન્યૂન પૂર્વક્રોડ વર્ષની સ્થિતિ છે. અહીં જો કે પૂર્વક્રોડના આયુષ્યવાળો આઠ વર્ષનો થયેલો વ્રતના

પરિણામને પામે છે. આટલી ઉંમરવાળાને વર્ષના પર્યાય પહેલાં શુક્લલેશ્યાનો સંભવ નથી, અર્થાત્ એક વર્ષના પર્યાય પછી (કેવલજ્ઞાન સહિત) શુક્લલેશ્યા હોય છે. (૪૬-૧૪૦૨)

**એસા તિરિય-નરાણં, લેસાણ ઠિઈ ઉ વણ્ણિયા હોઇ;**
**તેણ પરં વોચ્છામિ, લેસાણ ઠિઈ ઉ દેવાણં. ૪૭**

**અર્થ** : આ તિર્યંચોની અને મનુષ્યોની લેશ્યાઓની સ્થિતિ કહી. હવે પછી દેવોની લેશ્યાઓની સ્થિતિને હું કહીશ. (૪૭-૧૪૦૩)

**દસ વાસસહસ્સાઇં, કિણ્હાએ ઠિઈ જહન્નિયા હોઇ;**
**પલિયમસંખેજ્જઇમો, ઉક્કોસા હોઇ કિણ્હાએ. ૪૮**

**જા કિણ્હાએ ઠિઈ ખલુ ઉક્કોસા,**
**સા ઉ સમયમબ્ભહિયા;**
**જહન્નેણં નીલાએ, પલિયમસંખં ચ ઉક્કોસા. ૪૯**

**જા નીલાએ ઠિઈ ખલુ ઉક્કોસા,**
**સા ઉ સમયમબ્ભહિયા;**
**જહન્નેણં કાઉએ, પલિયમસંખં ચ ઉક્કોસા. ૫૦**

**અર્થ** : દશ હજાર વર્ષની સ્થિતિવાળા ભવનપતિ અને વ્યંતરોની, કૃષ્ણલેશ્યાની દશ હજાર વર્ષની જઘન્ય સ્થિતિ જાણવી. પલ્યોપમના અસંખ્યાતમા ભાગ રૂપે આયુષ્યવાળા ભવનપતિ અને વ્યંતરોની, કૃષ્ણલેશ્યાની પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણવાળી ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી. જે કૃષ્ણ લેશ્યાની પલ્યોપમના અસંખ્યાતમા ભાગ રૂપ ઉત્કૃષ્ટ સ્થિતિ છે, તે જ સમય અધિક પલ્યોપમના અસંખ્યાતમા ભાગ રૂપ સ્થિતિ નીલલેશ્યાની જઘન્ય સ્થિતિ જાણવી. બૃહત્તર પલ્યોપમના અસંખ્યાતમા ભાગ રૂપ સ્થિતિ નીલલેશ્યાની ઉત્કૃષ્ટ જાણવી. જે નીલલેશ્યાની બૃહત્તર પલ્યોપમનો અસંખ્યાત ભાગ છે, તે સમય અધિક બૃહત્તર પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ રૂપ સ્થિતિ કાપોતલેશ્યાની જઘન્ય જાણવી અને બૃહત્તર પલ્યોપમના અસંખ્યાતમા ભાગ રૂપ સ્થિતિ કાપોતલેશ્યાની ઉત્કૃષ્ટ જાણવી. આ બે નિકાયમાં રહેનારી ત્રણ લેશ્યાની સ્થિતિ જણાવી. હવે સકલ નિકાયમાં રહેલી તેજોલેશ્યાની સ્થિતિને કહે છે. (૪૮

થી ૫૦ - ૧૪૦૪ થી ૧૪૦૬)

**તેણ પરં વોચ્છામિ, તેઊલેસા જહા સુરગણાણં;**
**ભવણવઇ-વાણમન્તર, જોઇસ વેમાણિયાણં ચ. ૫૧**

**પલિઓવમં જહન્નં, ઉક્કોસા સાગરા ઉ દોન્નડહિયા;**
**પલિયમસંખેજ્જેણં, હોઈ ભાગેણ તેઊએ. ૫૨**

**દસ વાસસહસ્સાઇં, તેઊએ ઠિઈ જહન્નિયા હોઇ;**
**દોન્નુદહી પલિઓવમ, અસંખભાગં ચ ઉક્કોસા. ૫૩**

**અર્થ :** હવે પછી જે પ્રકારે દેવગણોની તેજોલેશ્યા સંભવે છે, તે પ્રકારે ભવનપતિ, વાનવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકોની તેજોલેશ્યાની સ્થિતિ કહે છે. ભવનપતિ અને વ્યંતરોની તેજોલેશ્યાની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ વ્યંતરોની પલ્યોપમની અને ભવનપતિઓની સાધિક સાગરોપમની છે. જ્યોતિષીઓની તેજોલેશ્યાની જઘન્ય સ્થિતિ પલ્યોપમનો આઠમો ભાગ અને ઉત્કૃષ્ટ લાખ વર્ષોથી અધિક પલ્યોપમની છે. સૌધર્મની અપેક્ષાએ

તેજોલેશ્યાની જઘન્ય સ્થિતિ પલ્યોપમની અને ઈશાનની અપેક્ષાએ બે સાગરોપમની, પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી અધિક ઉત્કૃષ્ટ સ્થિતિ સમજવી. હવે સામાન્યની અપેક્ષાએ દેવ સંબંધી તેજોલેશ્યાની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી અધિક બે સાગરોપમની જાણવી. (૫૧ થી ૫૩ - ૧૪૦૭ થી ૧૪૦૯)

**જા તેઊએ ઠિઈ ખલુ ઉક્કોસા,**<br>
**સા ઉ સમયમબ્ભહિયા;**<br>
**જહન્નેણં પમ્હાએ,**<br>
**દસ મુહુત્તડહિયાઇં ઉક્કોસા. ૫૪**

**અર્થ** : એક સમયાધિક પલ્યોપમના અસંખ્યાતમા ભાગ અધિક બે સાગરોપમની જઘન્ય સ્થિતિ પદ્મલેશ્યાની સનત્કુમારમાં સમજવી. બે અંતર્મુહૂર્ત અધિક દશ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ બ્રહ્મલોકમાં સમજવી. (૫૪-૧૪૧૦)

**જા પમ્હાએ ઠિઈ ખલુ ઉક્કોસા,**
**સા ઉ સમયમબ્ભહિયા;**
**જહન્નેણં સુક્કાએ,**
**તેત્તીસ મુહુત્તમબ્ભહિયા. (દારં-૯) ૫૫**

**અર્થ :** એક સમયાધિક બે અંતર્મુહૂર્ત્ત અધિક દશ સાગરોપમની શુક્લલેશ્યાની જઘન્ય સ્થિતિ લાંતકમાં સમજવી. બે મુહૂર્ત્ત અધિક તેંત્રીશ સાગરોપમની શુક્લલેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિ અનુત્તરોમાં સમજવી. (૫૫-૧૪૧૧)

**કિણ્હા નીલા કાઊ,**
**તિન્નિ વિ એયાઓ અહમ્મલેસાઓ;**
**એયાહિં તિહિં વિ જીવો,**
**દોગ્ગઇં ઉવવજ્જઈ. ૫૬**

**તેઊ પમ્હા સુક્કા,**
**તિન્નિવિ એયાઓ ધમ્મલેસાઓ;**
**એયાહિં તિહિં વિ જીવો,**
**સોગ્ગઇં ઉવવજ્જઈ. (દા.૧૦) ૫૭**

**અર્થ** : કૃષ્ણ, નીલ અને કાપોત અધમ-અપ્રશસ્ત લેશ્યા કહેવાય છે. આ ત્રણ અપ્રશસ્ત લેશ્યાથી જીવ નરક - તિર્યંચગતિ રૂપ દુર્ગતિને પામે છે. તેજો, પદ્મ અને શુકલલેશ્યા વિશુદ્ધતાના કારણે ધર્મહેતુ હોઈ ધર્મપ્રશસ્ત લેશ્યાઓ કહેવાય છે. આ ત્રણ પ્રશસ્ત લેશ્યાઓથી જીવ નર-દેવગતિ રૂપ સુગતિને પામે છે, અર્થાત્ જે લેશ્યામાં જીવ મૃત્યુ પામે છે, તે લેશ્યાવાળા સ્થાનોમાં જીવ ઉત્પન્ન થાય છે. (૫૬+૫૭ -૧૪૧૨+૧૪૧૩)

**લેસાહિં સવ્વાહિં, પઢમે સમયમ્મિ પરિણયાહિં તુ;**
**ન હુ કસ્સઇ ઉવવાઓ, પરે ભવે હોઇ જીવસ્સ. ૫૮**

**લેસાહિં સવ્વાહિં, ચરમે સમયમ્મિ પરિણયાહિં તુ;**
**ન હુ કસ્સઇ ઉવવાઓ, પરે ભવે હવઇ જીવસ્સ.૫૯**

**અન્તોમુહુત્તમ્મિ ગએ,**
**અન્તમુહુત્તમ્મિ સેસએ ચેવ;**
**લેસાહિં પરિણયાહિં,**
**જીવા ગચ્છન્તિ પરલોગં. (દા.૧૧) ૬૦**

**અર્થ** : પહેલા સમયમાં પ્રતિપત્તિ (સ્વીકાર) કાલની અપેક્ષાએ જેવી રીતિએ પરિણત-આત્મરૂપપણાએ ઉત્પન્ન સર્વ લેશ્યાઓથી યુક્ત કોઈ પણ જીવની પરવમાં ઉત્પત્તિ થતી નથી, તેવી રીતિએ અંત્ય સમયમાં પણ ઉત્પત્તિ થતી નથી. અર્થાત્ લેશ્યાપરિણામના પ્રથમ કે અંતિમ સમયમાં કોઈ પણ જીવનું મરણ થતું નથી, પરંતુ અંતર્મુહૂર્તનું આયુષ્ય જ્યારે બાકી રહેલ હોય ત્યારે પરભવ લેશ્યાના પરિણામ થાય છે અને તે લેશ્યાથી યુક્ત બનેલા જીવો પરલોકમાં જાય છે. અહીં વિશેષ એટલું છે કે - તિર્યંચ અને મનુષ્યો આગામી ભવલેશ્યામાં અંતર્મુહૂર્ત ગયા પછી પરલોકમાં જાય છે, જ્યારે દેવ અને નારકીઓ સ્વભવલેશ્યાનું અંતર્મુહૂર્ત બાકી રહેલ હોય ત્યારે પરલોકમાં જાય છે. (૫૮ થી ૬૦ - ૧૪૧૪ થી ૧૪૧૬)

**તમ્હા એયાસિ લેસાણં, અણુભાવં વિયાણિયા;**
**અપ્પસત્થાઓ વજ્જેત્તા, પસત્થાઓડહિટ્ઠિએ. ૬૧**

**॥ ત્તિ બેમિ. ॥**

**અર્થ** : જેથી આ દુર્ગતિ-સુગતિ હેતુ રૂપ અપ્રશસ્ત - પ્રશસ્ત લેશ્યાઓના અનુભાવ-પરિણામને જાણીને, અપ્રશસ્ત લેશ્યાઓને છોડી, મુનિ, ભાવપ્રતિપત્તિપૂર્વક પ્રશસ્ત લેશ્યાઓનો આશ્રય કરે ! એમ હે જંબૂ ! હું કહું છું. (૬૧-૧૪૧૭)

**(ઇઇ લેસજ્ઝયણં સમત્તં (૩૪))**

❖ ❖ ❖

# ૩૫ અણગારમાર્ગીય અધ્યયન

**સુહેણ મે એગગ્ગમણા, મગ્ગં બુદ્ધેહિં દેસિયં;**
**જમાયરન્તો ભિક્ખૂ, દુક્ખાણન્તકરો ભવે. ૧**

**અર્થ :** જેને આરાધતાં સાધુ, સકલ કર્મના ક્ષય દ્વારા દુ:ખોનો અંત કરનારો થાય છે. એવા શ્રી અરિહંત ભગવંત વગેરેએ કથિત મોક્ષમાર્ગને, હે શિષ્યો ! અનન્ય ચિત્તવાળા બની કહેનાર એવા મારી પાસેથી સાંભળો ! (૧-૧૪૧૮)

**ગિહવાસં પરિચ્ચજ્જ, પવજ્જામાસિઓ મુણી;**
**ઇમે સંગે વિયાણેજ્જા, જેહિં સજ્જન્તિ માણવા. ૨**

**અર્થ :** ઘરવાસને છોડી શ્રી ભાગવતી પ્રવ્રજ્યાને પામેલો મુનિ, દરેક પ્રાણીને પ્રસિદ્ધ આ પ્રત્યક્ષ પુત્ર, સ્ત્રી વગેરે સંગોને 'આ ભવના હેતુઓ છે' - એમ વિશેષથી જાણે ! અર્થાત્ જ્ઞાનનું વિરતિ રૂપ ફળ હોવાથી જાણીને તેઓને છોડી દે ! કારણ કે - પુત્ર, સ્ત્રી આદિ સંગોથી માનવો અને બીજા

પ્રાણીઓ મમતાભાવને પામે છે અર્થાત્ ભવબંધનથી બંધાય છે. (૨-૧૪૧૯)

**તહેવ હિંસં અલિયં, ચોજ્જં અબ્બંભસેવણં;**
**ઇચ્છાકામં ચ લોભં ચ, સંજઓ પરિવજ્જએ. ૩**

**અર્થ :** તેવી જ રીતે હિંસાને, જૂઠને, ચોરીને, અબ્રહ્મસેવનને, ઈચ્છા રૂપ કામ અર્થાત્ અપ્રાપ્ત વસ્તુની વાંચ્છા રૂપ કામને અને પ્રાપ્તવસ્તુવિષયક આસક્તિ રૂપ લોભ - પરિગ્રહને મુનિ છોડી દે ! (૩-૧૪૨૦)

**મણોહરં ચિત્તઘરં, મલ્લ-ધૂવેણ વાસિયં;**
**સકવાડં પંડરુલ્લોયં, મણસા વિ ન પત્થએ. ૪**

**ઇન્દિયાણિ ઉ ભિક્ખુસ્સ, તારિસમ્મિ ઉવસ્સએ;**
**દુક્કરાઇં નિવારેઉં, કામરાગવિવડ્ઢણે. ૫**

**સુસાણે સુન્નગારે વા, રુક્ખમૂલે વ એગગો;**
**પઇરિક્કે પરકડે વા, વાસં તત્થાડભિરોયએ. ૬**

**ફાસુયમ્મિ અણાબાહે, ઇત્થીહિં અણભિદ્દુએ;**
**તત્થ સંકપ્પએ વાસં, ભિક્ખૂ પરમસંજએ. ૭**

ન સયં ગિહાઇં કુવ્વેજ્જા, નેવ અન્નેહિં કારએ;
ગિહકમ્મસમારમ્ભે, ભૂયાણં દિસ્સએ વહો. ૮
તસાણં થાવરાણં ચ, સુહુમાણં બાયરાણ ચ;
તમ્હા ગિહકમ્મસમારંભં, સંજઓ પરિવજ્જએ. ૯

**અર્થ :** શ્વેત ચંદરવાથી યુક્ત, પુષ્પમાળા અને ધૂપથી સુવાસિત કમાડવાળા અને મનોહર ચિત્રપ્રધાન ઘરની મુનિ ઈચ્છા ન કરે ! જ્યાં પોતપોતાના વિષયોથી સાધુઓને ઈન્દ્રિયો નિવારવી દુઃશક્ય બને છે, તેવા કામરાગપોષક ઉપાશ્રયમાં મુનિ નિવાસ કરે નહિ. સ્મશાનમાં, શૂન્ય ઘરમાં અથવા વૃક્ષના નીચે, રાગ વગેરે વગરનો અથવા સાથીદાર વગરનો એકલો, બીજાઓએ પોતાના માટે બનાવેલ અને સ્ત્રી આદિથી રહિત સ્થળમાં રહેવાની મુનિ રૂચિ કરે ! અચિત્ત બનેલા ભૂભાગવાળા, કોઈના પણ ઉપદ્રવ વગરના અને સ્ત્રી, નપુંસક આદિથી અદૂષિત પૂર્વોક્ત સ્થાનમાં, મોક્ષ માટે બનેલ સંયત-પરમ સંયત સાધુ નિવાસ કરે ! મુનિ,

પોતે ઘરો બનાવે નહિ, બીજાઓ પાસે તે બનાવરાવે નહિ, તેમજ તે બનાવનાર બીજાની અનુમોદના કરે નહિ, કારણ કે - ઈંટ, માટી આદિ લાવવા રૂપ ગૃહકર્મના સમારંભમાં જીવોની હિંસા દેખાય છે, જેથી સાધુ ત્રસ-સ્થાવર નાના-મોટા જીવોની હિંસાવાળા ગૃહકર્મ-સમારંભને છોડી દે ! (૪ થી ૯ - ૧૪૨૧ થી ૧૪૨૬)

**તહેવ ભત્ત-પાણેસુ, પયણે પયાવણેસુ ય;**
**પાણ-ભૂયદયટ્ઠાએ, ન પએ ન પયાવએ. ૧૦**

**જલ-ધન્નનિસ્સિયા, જીવા પુઢવી-કટ્ઠનિસ્સિયા;**
**હમ્મન્તિ ભત્ત-પાણેસુ, તમ્હા ભિક્ખૂ ન પયાવએ. ૧૧**

**વિસપ્પે સવ્વઓ ધારે, બહુપાણવિણાસણે;**
**નત્થિ જોઇસમે સત્થે, તમ્હા જોઇં ન દીવએ. ૧૨**

**અર્થ** : પૂર્વની માફક જ આહાર - પાણી વિષયક પચન-પાચનોમાં જીવહિંસા દેખાય છે, માટે ત્રસ-સ્થાવર જીવોની દયા ખાતર, ન પોતે આહાર - પાણી બનાવે - પકાવે ! કે ન બીજાની પાસે બનાવરાવે

- પકાવરાવે કે બનાવનાર - પકાવનારની પ્રશંસા કરે ! વળી આહાર-પાણી બનાવતાં-પકાવતાં, જળના આશ્રયે રહેલ પોરા વગેરેની, ધાન્યના આશ્રયે રહેલ ઈયળ, કીડી આદિ જીવોની અને એ પ્રમાણે પૃથ્વી અને લાકડાંના આધારે રહેલ જીવોની હિંસા થાય છે, માટે સાધુ બીજાની પાસે તે પકાવરાવે નહિ, તો પોતે પકાવવાની વાત ક્યાં રહી ? અનુમતિનો નિષેધ તો આવી જ ગયો. થોડા હોવા છતાં બહુ વ્યાપક રૂપ વિસર્પ, સર્વ દિશાઓમાં રહેલ જીવોનો ઉપઘાતક હોઈ સર્વતોધાર અને એથી જ બહુ પ્રાણીવિનાશક અગ્નિ સમાન શસ્ત્ર બીજું કોઈ નથી. જો આમ છે, તો અગ્નિને સળગાવે-પ્રગટાવે નહિ. (૧૦ થી ૧૨ - ૧૪૨૭ થી ૧૪૨૯)

**હિરણ્ણં જાયરૂવં ચ, મણસા વિ ન પત્થએ;**
**સમલેટ્ઠુ-કંચણે ભિક્ખૂ, વિરએ કય-વિક્કએ. ૧૩**

**કિણન્તો કઇઓ હોઇ, વિક્કિણન્તો ચ વાણિઓ;**
**કય-વિક્કયમ્મિ વટ્ટન્તો, ભિક્ખૂ હોઇ ન તારિસો. ૧૪**

ભિક્ખિયવ્વં ન કેયવ્વં, ભિક્ખુણા ભિક્ખવિત્તિણા;
કય-વિક્કઓ મહાદોસો, ભિક્ખાવિત્તી સુહાવહા. ૧૫

સમુયાણં ઉંછમેસેજ્જા, જહાસુત્તમણિન્દિયં;
લાભાલાભમ્મિ સંતુટ્ઠે, પિંડવાયં ચરે મુણી. ૧૬

અલોલે ન રસે ગિદ્ધે, જિબ્ભાદન્તે અમુચ્છિએ;
ન રસટ્ઠાએ ભુંજેજ્જા, જાવણટ્ઠા મહામુણી. ૧૭

**અર્થ** : મમતાનો અભાવ હોઈ સોનું-ઢેફમાં સમાનતાવાળો તથા ખરીદી અને વેચાણ વગરનો મુનિ, સ્વર્ણ - ચાંદી - સમસ્ત ધન - ધાન્ય વગેરેને મનથી પણ ઈચ્છે નહિ. પારકી ચીજને મૂલ્ય આપી ગ્રહણ કરનારો - ખરીદનારો તથાવિધ ઈતર લોક સરખો મુનિ થાય છે. પોતાની ચીજ મૂલ્ય લઈ બીજાને આપનારો વાણીયો - વેપારી થાય છે. આમ વેપાર કરતો મુનિ વાણીયો બને છે. એથી જ ક્રય-વિક્રયમાં પ્રવૃત્તિ કરતો, શાસ્ત્રકથિત જેવો સાધુ હોય છે તેવો મુનિ થતો - બનતો નથી. સાધુએ ખરીદી અને વેચાણનો ધંધો નહિ કરવો, પરંતુ તથાવિધ વસ્તુની ભિક્ષાવૃત્તિથી યાચના કરવી,

કારણ કે - ક્રય-વિક્રય મહા દોષ રૂપ છે, જ્યારે ભિક્ષાવૃત્તિ સુખકર છે. ભિક્ષાને ઉંછની ઉંછ (ધાન્યના દાણ એકઠા કરવા રૂપ) અર્થાત્ બીજા બીજા ઘરોમાંથી થોડું થોડું એકઠું કરવા રૂપ ઉંછની ઢબે અને આગમાર્થ રૂપ સૂત્રના અનુસારે અનિંદિત (જાતિ વગેરે નિંદિત જન સંબંધી જે ન હોય તે) ઈચ્છે - ગવેષણા કરે. લાભાલાભમાં સંતુષ્ટ બનેલો મુનિ આહાર-પાણી-ગોચરી કરે. સરસ અન્ન પ્રાપ્ત થતાં લંપટતા વગરનો બની, મધુર વગેરે રસ અપ્રાપ્ત થતા ઈચ્છા વગરનો બની અને જિહ્‌વેન્દ્રિયના દમનવાળો એથી જ અમૂર્ચ્છિત બની (સંનિધિ નહિ કરવા દ્વારા અથવા ભોજનકાળમાં આસક્તિના અભાવવાળા બની) સંયમના નિર્વાહ માટે મહા મુનિ ભોજન કરે, પરન્તુ ધાતુઓની વૃદ્ધિ માટે ભોજન ન કરે ! (૧૩ થી ૧૭ - ૧૪૩૦ થી ૧૪૩૪)

**અચ્ચણં રયણં ચેવ, વન્દણં પૂયણં તહા;**
**ઇડ્ઢી-સક્કાર-સમ્માણં, મણસા વિ ન પત્થએ. ૧૮**

**અર્ચા** : પુષ્પ વગેરેથી થતી પૂજા રૂપ અર્ચનાને, નિષધા વગેરે (શયનાસન વગેરે) વિષય રૂપ અથવા સ્વસ્તિકાદિ રૂપ રચનાને, વંદનાને, વસ્ત્ર વગેરેની પ્રાપ્તિ રૂપ પૂજનને, શ્રાવકોપકરણાદિ સંપદા રૂપ ઋદ્ધિને, અર્થદાન આદિ રૂપ સત્કારને અને અભ્યુત્થાન આદિ રૂપ સન્માનને મનથી પણ ઈચ્છે નહિ. (૧૮-૧૪૩૫)

**સુક્કજ્ઝાણં ઝિયાએજ્જા, અનિયાણે અકિંચણે;**
**વોસટ્ઠકાએ વિહરેજ્જા જાવ કાલસ્સ પજ્જઓ. ૧૯**

**અર્થ** : જે પ્રકારે શુક્લધ્યાન થાય, તે પ્રકારે ધ્યાન ધરે ! નિયાણા વગરનો, પરિગ્રહશૂન્ય અને શરીરના સંસ્કાર વગરનો બની, અપ્રતિબદ્ધ વિહારીપણે યાવજ્જીવ પર્યંત વિચરે ! (૧૯-૧૪૩૬)

**નિજ્જૂહિઊણ આહારં, કાલધમ્મે ઉવટ્ઠિએ;**
**ચઇઊણ માણુસં બોન્દિં, પહૂ દુક્ખે વિમુચ્ચઇ. ૨૦**

**અર્થ** : આયુષ્યના ક્ષય રૂપ કાલધર્મ ઉપસ્થિત થયે છતે, સંલેખનાદિ ક્રમથી આહારનો ત્યાગ કરી,

મનુષ્ય સંબંધી શરીરને છોડી અને વીર્યાન્તરાય કર્મક્ષયથી સામર્થ્યવાળો-પ્રભુ બનેલો, શારીરિક-માનસિક દુ:ખોથી મુક્ત બને છે. (૨૦-૧૪૩૭)

**નિમ્મમો નિરહંકારો, વીયરાગો અણાસવો;**
**સંપત્તો કેવલં નાણં, સાસયં પરિનિવ્વુડે. ૨૧**

**॥ ત્તિ બેમિ. ॥**

**અર્થ :** નિર્મમ, નિરહંકારી, વીતરાગ, કર્માશ્રવ વગરનો, કેવલ-શાશ્વત જ્ઞાનને પામેલો અને અસ્વસ્થતાના હેતુભૂત કર્મનો અભાવ થવાથી સર્વથા સ્વસ્થીભૂત-પરિનિર્વાણપદને પામેલો બને છે. આ પ્રમાણે હે જંબૂ! હું કહું છું. (૨૧-૧૪૩૮)

**(ઇઇ અણગારમગ્ગં સમત્તં (૩૫))**

❖ ❖ ❖

## ૩૬ શ્રી જીવાજીવવિભક્તિ અધ્યયન

**જીવાજીવવિભત્તિં, સુણેહ મે એગમણા ઇઓ;**
**જં જાણિઊણ ભિક્ખૂ, સમ્મં જયઇ સંજમે. ૧**

**અર્થ :** જીવાજીવ વિભક્તિને પ્રરૂપણા દ્વારા જ જાણીને જે સાધુ સારી રીતે સંયમમાં પ્રયત્ન કરે છે, તે અધ્યયનને કહેનાર એવા મારી પાસેથી એકમનવાળા બની તમે સાંભળો ! (૧-૧૪૩૯)

**જીવા ચેવ અજીવા ય, એસ લોએ વિયાહિએ;**
**અજીવદેસમાગાસે, અલોએ સે વિયાહિએ. ૨**

**દવ્વઓ ખેત્તઓ ચેવ, કાલઓ ભાવઓ તહા;**
**પરૂવણા તેસિ ભવે, જીવાણમજીવાણ ય. ૩**

**અર્થ :** જીવો અને અજીવો તેમજ આ સર્વ પ્રસિદ્ધ લોક શ્રી અરિહંતદેવોએ કહેલ છે. અજીવ દેશ રૂપ આકાશ તે અલોક કહેલ છે, કેમ કે - તે ધર્માસ્તિકાયાદિ રહિત છે. અહીં જીવાજીવોનો વિભાગ પ્રરૂપણાદ્વારથી જ થાય, માટે પ્રરૂપણાને કહે છે. દ્રવ્યની

અપેક્ષાએ 'આ દ્રવ્ય આટલા ભેદવાળું છે', ક્ષેત્રની અપેક્ષાએ 'આ દ્રવ્ય આટલા ક્ષેત્રમાં છે', કાળની અપેક્ષાએ 'આ દ્રવ્ય આટલા કાળની સ્થિતિવાળું છે' અને ભાવની અપેક્ષાએ 'આ દ્રવ્યના આ પર્યાયો છે'. આ પ્રમાણે દ્રવ્યાદિ ચાર ભેદથી તે જીવાજીવોની પ્રરૂપણા થાય છે. (૨+૩-૧૪૪૦+૧૪૪૧)

**રૂવિણો ચેવડરૂવી ય, અજીવા દુવિહા ભવે;**
**અરૂવી દસહા વુત્તા, રૂવિણો વિ ચઉવ્વિહા. ૪**

**ધમ્મત્થિકાએ તદ્દેસે, તપ્પએસે ય આહિએ;**
**અધમ્મે તસ્સ દેસે ય, તપ્પએસે ય આહિએ. ૫**

**આગાસે તસ્સ દેસે ય, તપ્પએસે ય આહિએ;**
**અદ્ધાસમએ ચેવ, અરૂવી દસહા ભવે. ૬**

**અર્થ :** રૂપી અને અરૂપીના ભેદથી અજીવો બે પ્રકારે થાય છે. અરૂપી અજીવો દશ પ્રકારના છે અને રૂપી અજીવો ચાર પ્રકારના છે. તેમાં અરૂપીઓના દશ પ્રકારોને કહે છે. (૧) સ્વ-સ્વભાવથી ગતિમાં પરિણત જીવ પુદ્ગલોને ગતિમાં ઉપકારક દ્રવ્ય 'ધર્માસ્તિકાય'.

(પ્રદેશસમૂહ રૂપ) (૨) તેનો ત્રીજો ભાગ - ચોથો ભાગ વગેરે દેશ. (૩) તેનો નિર્વિભાગ ભાગ રૂપ પ્રદેશ. (૪) સ્થિતિપરિણત જીવ પુદ્ગલોની સ્થિતિમાં ઉપકારક દ્રવ્ય 'અધર્માસ્તિકાય'. (૫) તેનો દેશ. (૬) તેનો પ્રદેશ. (૭) પદાર્થોને અવકાશદાનમાં ઉપકારક દ્રવ્ય 'આકાશાસ્તિકાય'. (પ્રદેશસમૂહ-સ્કંધ રૂપ) (૮) તેનો દેશ. (૯) તેનો પ્રદેશ. (૧૦) અદ્ધા એટલે કાળ, તે રૂપ સમય 'અદ્ધા સમય.' આ અનિર્વિભાગ રૂપ હોઈ અદ્ધા સમયને દેશ અને પ્રદેશનો સંભવ નથી. જે આવલિકા-મુહૂર્ત્ત વગેરે કાલ-ભેદો વ્યવહારથી કહેવાય છે, તેની અહીં વિવક્ષા કરેલ નથી. (૪ થી ૬ - ૧૪૪૨ થી ૧૪૪૪)

**ધમ્માધમ્મે ચ દો વેએ, લોગમેત્તા વિયાહિયા;**
**લોગાલોગે ચ આકાસે, સમએ સમયખેત્તિએ.** ૭

**અર્થ :** ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય - આ બે દ્રવ્યો સમસ્ત લોક માત્ર વ્યાપક છે. આકાશાસ્તિકાય દ્રવ્ય લોકાલોક વ્યાપક છે - સર્વગંત છે. અદ્ધા સમય

અઢી દ્વીપ અને બે સમુદ્ર રૂપ સમયક્ષેત્ર રૂપ વિષયવાળો 'સમયક્ષેત્રિક' કહેવાય છે, કેમ કે - સમયક્ષેત્ર પછી અદ્ધા સમયનો અભાવ છે. (૭-૧૪૪૫)

**ધમ્માધમ્માગાસા, તિન્નિવિ એએ અણાઈયા;**
**અપજ્જવસિયા ચેવ, સવ્વદ્ધં તુ વિયાહિયા. ૮**

**સમએ વિ સન્તઇં પપ્પ, એવમેવ વિયાહિએ;**
**આએસં પપ્પ સાઈએ, અપજ્જવસિએ વિ ય. ૯**

**અર્થ** : ધર્મ, અધર્મ અને આકાશ - આ ત્રણ દ્રવ્યો અનાદિઅનંત છે, તેમજ સર્વદા સ્વ-સ્વરૂપના ત્યાગનો અભાવ હોવાથી નિત્ય છે. સમય પણ, બીજા બીજા સમયોત્પત્તિ પ્રવાહ રૂપ સંતતિની અપેક્ષાએ અનાદિઅનંત રૂપ પ્રકારવાળો છે, પરન્તુ નિયત વ્યક્તિ રૂપ ઘડી વગેરે વિશેષની અપેક્ષાએ સાદિસાન્ત પણ છે. (૮+૯-૧૪૪૬+૧૪૪૭)

**ખન્ધા ય ખન્ધદેસા ય, તપ્પએસા તહેવ ય;**
**પરમાણુણો ય બોધવ્વા, રૂવિણો ય ચઉવ્વિહા. ૧૦**

**અર્થ** : પુદ્ગલોના ઉપચય અને અપચય રૂપ

સ્કંધો જણાવે છે. (૧) સ્તંભ વગેરે, (૨) સ્તંભ વગેરેના બીજો વગેરે ભાગ રૂપ સ્કંધ દેશો, (૩) તે સ્કંધોના સ્તંભાદિ સંબંધી નિરંશ અંશ રૂપ પ્રદેશો - સ્કંધ પ્રદેશો અને (૪) નિરંશ દ્રવ્ય રૂપ પરમાણુઓ. આમ રૂપી અજીવો ચાર પ્રકારના છે. અહીં દેશ-પ્રદેશોનો સ્કંધોમાં જ અન્તર્ભાવ હોવાથી, સ્કંધ અને પરમાણુઓ-એમ બે જ ભેદો સંક્ષેપથી જાણવા. (૧૦-૧૪૪૮)

**એગત્તેણ પુહત્તેણ, ખન્ધા ય પરમાણુણો;**
**લોએગદેસે લોએ ય, ભઇયવ્વા તે ઉ ખેત્તઓ.**
**(સુહુમા સવ્વલોગમ્મિ લોગદેસે ય બાયરા;**
**એત્તો કાલવિભાગં તુ, તેસિં વોચ્છં ચઉવ્વિહં ?)**

**૧૧**

**અર્થ** : છૂટા છૂટા રહેલા બે પરમાણુઓના મળવાથી દ્વિપ્રદેશિક, ત્રણ - ચાર - સંખ્યાત - અસંખ્યાત - અનંત અને અનંતાનંત પરમાણુઓના મળવાથી ત્રિપ્રદેશિક, ચતુઃપ્રદેશિક, સંખ્યાત પ્રદેશિક, અસંખ્યાત પ્રદેશિક, અનંત પ્રદેશિક અને અનંતાનંત પ્રદેશિક સ્કંધ

રૂપ સમાન પરણતિ સ્વરૂપ એકત્વથી, બીજા પરમાણુઓની સાથે અસંઘાત રૂપ પૃથકત્વથી - ભેદથી પરમાણુઓ કહેવાય છે. મોટા સ્કંધોના તૂટવા રૂપ પૃથકત્વથી નાના નાના સ્કંધો 'ભેદજન્ય' કહેવાય છે. પરમાણુઓ આકાશના એક પ્રદેશમાં જ રહે છે. સ્કંધો વિચિત્ર પરિણામવાળા હોઈ, બહુતર પ્રદેશોથી ઉપચિત હોવા છતાં, કેટલાક સ્કંધો આકાશના એક પ્રદેશમાં રહે છે, કેટલાક સ્કંધો સંખ્યાતા પ્રદેશોમાં જ રહે છે, યાવત્ કોઈ સ્કંધ સકલ લોકમાં પણ તથાવિધ અચિત્ત મહા સ્કંધની (આ સ્કંધ સૌથી મોટામાં મોટી અવગાહનાવાળો થાય છે, કેમ કે - તે સમગ્ર લોકાકાશને વ્યાપીને એક સમય રહે છે. આમ છતાં પણ તે અચાક્ષુષ છે. આલોકપ્રમાણ થનારો અચિત્ત મહાસ્કંધ આઠ સમયની સ્થિતિવાળો છે. અર્થાત્ પુદ્ગલોના સ્વાભાવિક પરિણામથી, નહિ કે જીવના પ્રયોગ વડે ઉત્પન્ન થતો અચિત્ત મહાસ્કંધનો સમુદ્ઘાત કેવલિસમુદ્ઘાતની પેઠે આઠ સમયમાં સમાપ્ત થાય છે.)

માફક રહે છે, માટે તે ભજનીય કહેવાય છે. (૧૧-૧૪૪૯)

**સંતઇં પપ્પ તેડણાઈ, અપજ્જવસિયા વિ ય;**
**ઠિઇં પડુચ્ચ સાઈયા, સપજ્જવસિયા વિ ય. ૧૨**

**અસંખકાલમુક્કોસા, એક્કં સમયં જહન્નિયા;**
**અજીવાણ ય રૂવીણં, ઠિઈ એસા વિયાહિયા. ૧૩**

**અણન્તકાલમુક્કોસં, એક્કં સમયં જહન્નયં;**
**અજીવાણ ય રૂવીણં, અંતરેયં વિયાહિયં. ૧૪**

**અર્થ** : અન્ય અન્ય ઉત્પત્તિ રૂપ સંતતિની અપેક્ષાએ સ્કંધો અને પરમાણુઓ અનાદિઅનંત છે, કારણ કે - પ્રવાહની અપેક્ષાએ સ્કંધ - પરમાણુ રહિત જગત કદાપિ હતું નહિ, છે નહિ કે હશે નહિ. વળી પ્રતિનિયત ક્ષેત્રમાં રહેવા રૂપ સ્થિતિની અપેક્ષાએ સ્કંધો અને પરમાણુઓ સાદિસાન્ત છે, કારણ કે - કાલાન્તરે સ્કંધો અને પરમાણુઓ નવા નવા ક્ષેત્રમાં જાય છે. અજીવ રૂપી પદાર્થોની એક ક્ષેત્રમાં રહેવા રૂપ સ્થિતિ અસંખ્યાતકાળ સુધીની ઉત્કૃષ્ટ છે, જ્યારે જઘન્ય સ્થિતિ

એક સમયની છે. તે સ્કંધો કે પરમાણુઓ ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળ બાદ એક ક્ષેત્રમાંથી બીજા ક્ષેત્રમાં અવશ્ય જાય છે. વિવક્ષિત ક્ષેત્રથી ખસી ગયેલ સ્કંધો કે પરમાણુઓને, ફરીથી તે ક્ષેત્રની પ્રાપ્તિના વ્યવધાન રૂપ આંતરૂં-અંતર ઉત્કૃષ્ટથી અનંતકાળનું છે અને જઘન્યથી એક સમયનું જાણવું. (૧૨ થી ૧૪-૧૪૫૦ થી ૧૪૫૨)

**વણ્ણઓ ગન્ધઓ ચેવ, રસઓ ફાસઓ તહા;**
**સંઠાણઓ ય વિન્નેઓ, પરિણામો તેસિ પંચહા. ૧૫**

**વણ્ણઓ પરિણયા જે ઉ, પંચહા તે પકિત્તિયા;**
**કિણ્હા નીલા ય લોહિયા, હાલિદ્દા સુક્કિલા તહા. ૧૬**

**ગન્ધઓ પરિણયા જે ઉ, દુવિહા તે વિયાહિયા;**
**સુબ્ભિગન્ધપરિણામા, દુબ્ભિગન્ધા તહેવ ય. ૧૭**

**રસઓ પરિણયા જે ઉ, પંચહા તે પકિત્તિયા;**
**તિત્ત-કડુય-કસાયા, અમ્બિલા મહુરા તહા. ૧૮**

ફાસઓ પરિણયા જે ઉ, અટ્ઠહા તે પકિત્તિયા;
કક્ખડા મઉયા ચેવ, ગરુયા લહુયા તહા. ૧૯
સીયા ઉણ્હા ય નિદ્ધા ય, તહા લુક્ખા ય આહિયા;
ઇઇ ફાસપરિણયા એએ, પુગ્ગલા સમુદાહિયા. ૨૦
સંઠાણ પરિણયા જે ઉ, પંચહા તે પકિત્તિયા;
પરિમંડલા ય વટ્ટા, તંસા ચઉરંસમાયયા. ૨૧

**અર્થ :** પરમાણુઓનો અને સ્કંધોનો વર્ણ-ગંધ-રસ-સ્પર્શ તથા સંસ્થાનથી પરિણામ (સ્વરૂપાવસ્થિત સ્કંધાદિના જ વર્ણાદિનો અન્યથા ભાવ-બીજા બીજા વર્ણાદિ રૂપે પરિણમવું તે.) પાંચ પ્રકારનો છે.

વર્ણથી પરિણમેલા જે સ્કંધાદિ છે, તે પાંચ પ્રકારના કહેલા છે. કાજલ વગેરેની માફક કાળા, ગળીના જેવા ભૂરા - નીલા, હિંગલોકની જેમ લાલ, હલદરની માફક પીળા અને શંખની જેમ ધોળા-એમ વર્ણની અપેક્ષાએ સ્કંધાદિ પાંચ વર્ણવાળા છે.

ગંધથી પરિણમેલા જે સ્કંધાદિ છે, તે બે પ્રકારના કહેલ છે. સુરભિ ગંધના પરિણામવાળા ચંદન વગેરેની

જેમ સુગંધીદાર અને લસણ આદિની જેમ દુરભિ ગંધના પરિણામવાળા દુર્ગંધી સ્કંધાદિ છે.

રસથી પરિણમેલા જે સ્કંધાદિ છે, તે પાંચ પ્રકારના કહેલ છે. લીંબડા વગેરેની માફક કડવા, સુંઠ આદિની માફક તીખા, કાચા કોઠાની માફક તુરા, આમલીની માફક ખાટા અને સાકરની માફક મીઠા. આમ સ્કંધાદિ પાંચ રસવાળા હોય છે.

સ્પર્શથી પરિણમેલા જે સ્કંધાદિ છે, તે આઠ પ્રકારના કહે છે. પત્થર વગેરેની માફક કઠિન, માખણ આદિની માફક કોમલ, વજ્રની માફક ભારે, આકડાના રૂની માફક હલકા, પાણી વગેરેની માફક ઠંડા, અગ્નિ આદિની માફક ગરમ, ઘી આદિની માફક ચીકણા અને રાખ વગેરેની માફક લૂખા સ્કંધાદિ છે.

સંસ્થાન-આકારોથી પરિણમેલા જે સ્કંધાદિ છે, તે પાંચ પ્રકારના કહેલ છે. (૧) પરમંડલ - જે સ્કંધાદિ કેવળ બહારના ભાગમાં મંડલની પેઠે રહેલો હોય, પરન્તુ વચ્ચે ચૂડી - વલય (કંકણ)ની માફક

પોલાણ હોય તે. (૨) વૃત્ત - જે સ્કંધાદિ મંડલની પેઠે રહેલો હોય, પણ વચલો ભાગ ઝલ્લરી કે કુંભારના ચાકની જેમ ભરેલો હોય - ગોળાકારે હોય તે. (૩) ત્રિકોણ - જે સ્કંધાદિ શીંગોડાની જેમ ત્રણ ખુણીયાવાળો હોય તે. (૪) વર્યપટ્ટ - (વિરાટ દેશમાં ઉત્પન્ન થયેલ હીરો) જે સ્કંધાદિ કુંભિકા વગેરેની માફક ચતુરસ્ર-ચતુષ્કોણ-ચઉખૂણીયાવાળો હોય તે. (૫) આયત - જે સ્કંધાદિ દંડ આદિની જેમ દીર્ઘ (લાંબા) હોય તે. (૧૫ થી ૨૧ - ૧૪૫૩ થી ૧૪૫૯)

**વણ્ણઓ જે ભવે કિણ્હે, ભઇએ સે ઉ ગન્ધઓ;**
**રસઓ ફાસઓ ચેવ, ભઇએ સંઠાણઓ વિ ય. ૨૨**

**અર્થ** : વર્ણની અપેક્ષાએ જે સ્કંધાદિ કૃષ્ણ (શ્યામ વર્ણનો) છે, તે ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાનથી ગમે તે ગંધવાળો-રસવાળો-સ્પર્શવાળો-સંસ્થાનવાળો હોય છે. અર્થાત્ ગંધાદિમાં વિકલ્પ છે, નિયમ નથી. (૨૨-૧૪૬૦)

વણ્ણઓ જે ભવે નીલે, ભઇએ સે ઉ ગન્ધઓ;
રસઓ ફાસઓ ચેવ, ભઇએ સંઠાણઓ વિ ય. ૨૩

વણ્ણઓ લોહિએ જે ઉ, ભઇએ સે ઉ ગન્ધઓ;
રસઓ ફાસઓ ચેવ, ભઇએ સંઠાણઓ વિ ય. ૨૪

વણ્ણઓ પીયએ જે ઉ, ભઇએ સે ઉ ગન્ધઓ;
રસઓ ફાસઓ ચેવ, ભઇએ સંઠાણઓ વિ ય. ૨૫

વણ્ણઓ સુક્કિલે જે ઉ, ભઇએ સે ઉ ગન્ધઓ;
રસઓ ફાસઓ ચેવ, ભઇએ સંઠાણઓ વિ ય. ૨૬

ગન્ધઓ જે ભવે સુબ્ભી, ભઇએ સે ઉ વણ્ણઓ;
રસઓ ફાસઓ ચેવ, ભઇએ સંઠાણઓ વિ ય. ૨૭

ગન્ધઓ જે ભવે દુબ્ભી, ભઇએ સે ઉ વણ્ણઓ;
રસઓ ફાસઓ ચેવ, ભઇએ સંઠાણઓ વિ ય. ૨૮

રસઓ તિત્તએ જે ઉ, ભઇએ સે ઉ વણ્ણઓ;
રસઓ ફાસઓ ચેવ, ભઇએ સંઠાણઓ વિ ય. ૨૯

રસઓ કડુએ જે ઉ, ભઇએ સે ઉ વણ્ણઓ;
ગન્ધઓ ફાસઓ ચેવ, ભઇએ સંઠાણઓ વિ ય.
૩૦

રસઓ કસાએ જે ઉ, ભઇએ સે ઉ વણ્ણઓ;
ગંધઓ ફાસઓ ચેવ, ભઇએ સંઠાણઓ વિ ય.
૩૧

રસઓ અંબિલે જે ઉ, ભઇએ સે ઉ વણ્ણઓ;
ગન્ધઓ ફાસઓ ચેવ, ભઇએ સંઠાણઓ વિ ય.
૩૨

રસઓ મહુરે જે ઉ, ભઇએ સે ઉ વણ્ણઓ;
ગન્ધઓ ફાસઓ ચેવ, ભઇએ સંઠાણઓ વિ ય.
૩૩

ફાસઓ કક્ખડે જે ઉ, ભઇએ સે ઉ વણ્ણઓ,
ગન્ધઓ રસઓ ચેવ, ભઇએ સંઠાણઓ વિ ય. ૩૪

ફાસઓ મઉએ જે ઉ, ભઇએ સે ઉ વણ્ણઓ;
ગન્ધઓ રસઓ ચેવ, ભઇએ સંઠાણઓ વિ ય.
૩૫

ફાસઓ ગરુએ જે ઉ, ભઇએ સે ઉ વણ્ણઓ,
ગન્ધઓ રસઓ ચેવ, ભઇએ સંઠાણઓ વિ ય.
૩૬

ફાસઓ લહુએ જે ઉ, ભઇએ સે ઉ વણ્ણઓ;
ગન્ધઓ રસઓ ચેવ, ભઇએ સંઠાણઓ વિ ય.
३७

ફાસઓ સીયએ જે ઉ, ભઇએ સે ઉ વણ્ણઓ;
ગન્ધઓ રસઓ ચેવ, ભઇએ સંઠાણઓ વિ ય.
३८

ફાસઓ ઉણ્હએ જે ઉ, ભઇએ સે ઉ વણ્ણઓ;
ગન્ધઓ રસઓ ચેવ, ભઇએ સંઠાણઓ વિ ય.
३૯

ફાસઓ નિદ્ધએ જે ઉ, ભઈએ સે ઉ વણ્ણઓ;
ગન્ધઓ રસઓ ચેવ, ભઇએ સંઠાણઓ વિ ય. ૪૦

ફાસઓ લુક્ખએ જે ઉ, ભઇએ સે ઉ વણ્ણઓ;
ગન્ધઓ રસઓ ચેવ, ભઇએ સંઠાણઓ વિ ય.
૪૧

પરિમંડલસંઠાણે, ભઇએ સે ઉ વણ્ણઓ;
ગન્ધઓ રસઓ ચેવ, ભઇએ ફાસઓ વિ ય. ૪૨

**સંઠાણઓ ભવે વટ્ટે, ભઇએ સે ઉ વણ્ણઓ;**
**ગન્ધઓ રસઓ ચેવ, ભઇએ ફાસઓ વિ ય. ૪૩**

**સંઠાણઓ ભવે તંસે, ભઇએ સે ઉ વણ્ણઓ;**
**ગન્ધઓ રસઓ ચેવ, ભઇએ ફાસઓ વિ ય. ૪૪**

**સંઠાણઓ ય ચઉરંસે, ભઇએ સે ઉ વણ્ણઓ;**
**ગન્ધઓ રસઓ ચેવ, ભઇએ ફાસઓ વિ ય. ૪૫**

**જે આયયસંઠાણે, ભઇએ સે ઉ વણ્ણઓ;**
**ગન્ધઓ રસઓ ચેવ, ભઇએ ફાસઓ વિ ય. ૪૬**

**અર્થ :** વર્ણની અપેક્ષાએ જે સ્કંધાદિ નીલ-ભૂરો છે, તે ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાનથી ભાજ્ય અર્થાત્ ગંધાદિમાં વિકલ્પ છે, નિયમ નથી.

ગમે તે વર્ણની અપેક્ષાએ જે સ્કંધાદિ લાલ-પીળો-શ્વેત છે, તે ગમે તે ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાનવાળો હોય છે.

ગમે તે ગંધની અપેક્ષાએ જે સ્કધાદિ સુગંધી કે દુર્ગંધિ છે, તે ગમે તે વર્ણ - રસ-સ્પર્શ-સંસ્થાનવાળો હોય છે.

ગમે તે રસની અપેક્ષાએ જે સ્કંધાદિ તીખો-કડવો-તુરો-ખાટો-મીઠો હોય, તે ગમે તે વર્ણ - ગંધ - સ્પર્શ - સંસ્થાનવાળો હોય છે.

ગમે તે સ્પર્શની અપેક્ષાએ જે સ્કંધાદિ કઠિન - કોમળ ભારે - હલકો - ઠંડો - ગરમ - ચીકણો - લૂખો હોય, તે ગમે તે વર્ણ - ગંધ - રસ - સંસ્થાનવાળો હોય છે.

ગમે તે સંસ્થાનની અપેક્ષાએ જે સ્કંધાદિ પરિમંડલ-વૃત્ત-ત્રિકોણ-ચતુષ્કોણ કે આયત સંસ્થાનવાળો છે, તે ગમે તે કોઈ એક વર્ણ - ગંધ - રસ - સ્પર્શવાળો હોય છે. (૨૩ થી ૪૬ - ૧૪૬૧ થી ૧૪૮૪)

**એસા અજીવવિભત્તી, સમાસેણ વિયાહિયા;**
**એત્તો જીવ વિભત્તિં, વોચ્છામિ અણુપુવ્વસો. ૪૭**

**અર્થ :** આ અજીવવિભક્તિ સંક્ષેપથી કહેલ છે. હવે જીવવિભક્તિને ક્રમસર હું કહીશ. (૪૭-૧૪૮૫)

**સંસારત્થા ય સિદ્ધા ય, દુવિહા જીવા વિયાહિયા;**
**સિદ્ધા ણેગવિહા વુત્તા, તં મે કિત્તયઓ સુણ. ૪૮**

**અર્થ :** જીવો સંસારી અને સિદ્ધ - એમ બે પ્રકારના કહેલ છે. તેમાં અલ્પ વક્તવ્યતા હોવાથી શરૂઆતમાં સિદ્ધોને કહે છે. 'સિદ્ધો અનેક પ્રકારના કહેલ છે.' તે સિદ્ધોના પ્રકારોને કહેનાર મારી પાસેથી હે શિષ્ય! તું સાંભળ! (૪૮-૧૪૮૬)

**ઇત્થી-પુરિસસિદ્ધા ય, તહેવ ય નપુંસગા;**
**સલિંગે અન્નલિંગે ય, ગિહિલિંગે તહેવ ય. ૪૯**

**અર્થ :** પૂર્વભાવની અપેક્ષાએ સ્ત્રીસિદ્ધો, પુરૂષસિદ્ધો, નપુંસકસિદ્ધો, સાધુવેષમાં-સ્વલિંગસિદ્ધો, શાક્યાદિ વેષ રૂપ અન્ય લિંગસિદ્ધો અને ગૃહસ્થવેષ રૂપ ગૃહલિંગસિદ્ધો, તેમજ બીજા પણ ભેદો સિદ્ધોના સમજવા. (૪૯-૧૪૮૭)

**ઉક્કોસોગાહણાએ ય, જહન્ન-મજ્ઝિમાએ ય;**
**ઉડ્ઢં અહે ય તિરિયં ચ, સમુદ્દમ્મિ જલમ્મિ ય. ૫૦**

**અર્થ :** પાંચશો ધનુષ્યમાનવાલી ઉત્કૃષ્ટ

અવગાહનામાં અને બે હાથના માનવાળી જઘન્ય અવગાહનામાં, તેમજ ઉત્કૃષ્ટથી નીચેની અને જઘન્યથી ઉપરની અવગાહનામાં સિદ્ધો બને છે. મેરૂચૂલિકાદિ રૂપ ઉર્ધ્વલોકમાંથી, અધોલૌકિક ગ્રામ રૂપ અધોલોકમાંથી, તેમજ અઢી દ્વીપ અને બે સમૂદ્રરૂપ તિર્યગ્‌લોકમાંથી સિદ્ધો બને છે. ત્યાં પણ કેટલાક સમુદ્રમાંથી અને કેટલાક નદી વગેરે સંબંધી જલમાંથી સિદ્ધો બને છે. (૫૦-૧૪૮૮)

**દસ ચ નપુંસએસું, વીસઈ ઇત્થિયાસુ ચ;**
**પુરિસેસુ ય અટ્ઠસયં, સમએણેગેણ સિજ્ઝઈ. ૫૧**

**ચત્તારિ ય ગિહલિંગે, અન્નલિંગે દસેવ ચ;**
**સલિંગેણ ય અટ્ઠસયં, સમએણેગેણ સિજ્ઝઈ. ૫૨**

**ઉક્કોસોગાહણાએ ઉ, સિજ્ઝન્તે જુગવં દુવે;**
**ચત્તારિ જહન્નાએ, જવમજ્ઝ ડટ્ઠુત્તરં સયં. ૫૩**

**ચઉરુડ્ઢલોગે ય દુવે સમુદ્દે,**
**તઓ જલે વીસમહે તહેવ;**
**સયં ચ અટ્ઠુત્તરં તિરિયલોએ,**
**સમએણેગેણ ઉ સિજ્ઝઈ ધુવં. ૫૪**

**અર્થ :** એક સમયમાં ઉત્કૃષ્ટથી નપુંસકો (કૃત્રિમ જ લેવા. જન્મનપુંસકોમાં પ્રવજ્યા પરિણામનો અભાવ હોય છે.) દશ, સ્ત્રીઓ વીશ અને પુરૂષો એકસો આઠ સિદ્ધ થાય છે. ગૃહિલિંગમાંથી ચાર, અન્યલિંગમાંથી દશ અને સ્વલિંગમાંથી એકસોઆઠ સિદ્ધ થાય છે. ઉત્કૃષ્ટ અવગાહનામાં એકી સાથે બે, જઘન્યમાં ચાર અને મધ્યમમાં એકસોઆઠ સિદ્ધ થાય છે. એક સમયમાં ઉર્ધ્વલોકમાંથી ચાર, સમુદ્રમાંથી બે, જલમાંથી વીશ, અધોલોકમાંથી વીશ અને તિર્યગ્લોકમાંથી એકસોઆઠ સિદ્ધ થાય છે. (૫૧ થી ૫૪-૧૪૮૯ થી ૧૪૯૨)

**કહિં પડિહયા સિદ્ધા ? કહિં સિદ્ધા પઇટ્ઠિયા ?;**
**કહિં બોન્દિં ચઇત્તાણં, કત્થ ગન્તૂણ સિજ્ઝઇ ?**
**૫૫**

**અલોએ પડિહયા સિદ્ધા, લોયગ્ગે ય પઇટ્ઠિયા;**
**ઇહં બોન્દિં ચઇત્તાણં, તત્થ ગન્તૂણ સિજ્ઝઇ. ૫૬**

પ્રશ્ન-સિદ્ધો ક્યાં જઈને અટક્યા છે ?, તેઓ સાદિ અનંતકાળ સુધી ક્યાં રહેલા છે ? તથા તેઓ ક્યાં

શરીરને છોડીને અને ક્યાં જઈને સિદ્ધ - કૃતકૃત્ય બને છે ?

ઉત્તર - સિદ્ધો કેવલ અલોક આકાશમાં જઈને અટક્યા છે, કેમ કે - ત્યાં ધર્માસ્તિકાયનો અભાવ હોવાથી સિદ્ધોની ગતિ નથી. સિદ્ધો સાદિઅનંતકાળ સુધી લોકના અગ્રે રહેલા છે, કેમ કે - જીવોની અધોગતિ અને તિર્ચ્છાગતિ કર્માધીન છે. સિદ્ધો કર્મરહિત હોઈ ઉર્ધ્વગતિગામી છે. અહીં તિર્યગ્ લોક વગેરેમાં શરીર છોડી, ત્યાં લોકના અગ્રભાગ ઉપર જઈને કૃતકૃત્ય-સિદ્ધ બને છે. અહીં જે સમયમાં શરીરનો ત્યાગ, તે જ સમયમાં મોક્ષ, લોકાગ્રેગમન અને સિદ્ધપણું સમજવું. (૫૫+૫૬-૧૪૯૩+૧૪૯૪)

**બારસહિં જોયણેહિં, સવ્વટ્ઠસ્સુવરિં ભવે;**
**ઈસિપબ્ભારનામા, પુઢવી છત્તસંઠિયા. ૫૭**

**પણયાલસયસહસ્સા, જોયણાણં તુ આયયા;**
**તાવઇયં ચેવ વિત્થિણ્ણા, તિગુણો તસ્સેવ પરિરઓ. ૫૮**

**અટ્ઠજોયણબાહલ્લા, સા મજ્ઝમ્મિ વિયાહિયા;**
**પરિહાયન્તી ચરિમન્તે, મચ્છિય પત્તાઓ તણુયરી.**
**૫૯**

**અજ્જુણસુવણ્ણગમઈ, સા પુઢવી નિમ્મલા સહાવેણ;**
**ઉત્તાણગછત્ત યસંઠિયા ય, ભણિયા જિણવરેહિં. ૬૦**

**સંખંક-કુંદસંકાસા, પંડુરા નિમ્મલા સુભા;**
**સીયાએ જોયણે તત્તો, લોયન્તો ઉ વિયાહિઓ.**
**૬૧**

**અર્થ :** સર્વાર્થ અનુત્તર વિમાન ઉપર બાર યોજન બાદ ઈષત્પ્રાગ્ભાર નામની છત્રના આકારવાળી પૃથ્વી છે. તે પૃથ્વી પિસ્તાલીશ લાખ યોજન લાંબી અને લંબાઈ કરતાં ત્રણ ગુણી પહોળી પરિધિવાળી છે. (એક ક્રોડ જોજન, બેંતાલીશ લાખ, ત્રીશ હજાર, બસો ઓગણપચાશ આ પરિધિમાન છે.) અહીં ત્રિગુણ કહેલ છે, છતાં વિશેષાધિક સમજવાની છે. આ પૃથ્વી મધ્ય પ્રદેશમાં આઠ જોજન જાડી છે.

અનુક્રમે પાતળી થતાં થતાં સકલ દિશાઓમાં રહેલ પર્યંતપ્રદેશ રૂપ ચરમાન્તોમાં તે માખીની પાંખ કરતાં પણ વધુ પાતળી છે. પહેલાં તે છત્ર સરખી સામાન્યથી કહી. અહીં વિશેષ ચત્તા રાખેલ છત્ર સરખી પૃથ્વી છે. અર્જુનસુવર્ણ-શ્વેતસુવર્ણમયી, સ્વભાવથી નિર્મલ (સુરભિ ગંધયુકત-મનોહર) અને ઉત્કૃષ્ટ તેજથી તે દેદીપ્યમાન છે - એમ શ્રી જિનવરોએ કહેલ છે. તે શંખ-અંક-કંદપુષ્પ સરખી શુકલ-શુભ છે. તેનું બીજું નામ શીતા છે. એવી પૃથ્વીના ઉપર યોજનમાં લોકાન્ત કહેલ છે. (૫૭ થી ૬૧ - ૧૪૯૫ થી ૧૪૯૯)

**જોયણસ્સ ઉ જો તત્થ, કોસો ઉવરિમો ભવે;**
**તસ્સ કોસસ્સ છબ્ભાએ, સિદ્ધાણોગાહણા ભવે.**
**૬૨**

**તત્થ સિદ્ધા મહાભાગા, લોયગ્ગમ્મિ પઇટ્ઠિયા;**
**ભવપવંચઉમ્મુક્કા, સિદ્ધિં વરગઇં ગયા. ૬૩**

**ઉસ્સેહો જસ્સ જો હોઇ, ભવમ્મિ ચરિમમ્મિ ઉ;**
**તિભાગહીણા તત્તો ય, સિદ્ધાણોગાહણા ભવે. ૬૪**

એગત્તેણ સાદીયા, અપજ્જવસિયા વિ ય;
પુહત્તેણ અણાદીયા, અપજ્જવસિયા વિ ય. ૬૫

અરૂવિણો જીવઘણા, નાણ-દંસણસન્નિયા;
અતુલં સુહ સંપત્તા, ઉવમા જસ્સ નત્થિ ઉ. ૬૬

લોએગદેસે તે સવ્વે, નાણ-દંસણસન્નિયા;
સંસારપારનિત્થિણ્ણા, સિદ્ધિં વરગઇં ગયા. ૬૭

**અર્થ** : સિદ્ધશિલાની ઉપર એક યોજનને વિષે જે એક ગાઉ છે, તે ગાઉના છટ્ઠા ભાગમાં સિદ્ધોની અવગાહના છે. અર્થાત્ તે યોજનના તેવીશ ભાગ ખાલી છે અને એક ચોવીશમા ભાગમાં સિદ્ધની અવગાહના છે. તે આ પ્રમાણે - એક ગાઉના બે હજાર ધનુષ થાય છે. તેનો છટ્ઠો ભાગ ત્રણશો તેત્રીશ ધનુષ ઉપરાન્ત અર્ધ ધનુષના ત્રણ ભાગ કરે તેવા બે ભાગ થાય છે. સિદ્ધ પરમાત્માના આત્મપ્રદેશોની અવગાહના ઉત્કૃષ્ટથી પણ એટલી જ (બત્રીશ અંગુલ, તેત્રીશ ધનુષથી અધિક ત્રણશો ધનુષની) હોય છે.

ત્યાં યોજનના એક ગાઉના છટ્ઠા ભાગે અતિશય

અચિન્ત્ય શક્તિવાળા-મહાભાગ સિદ્ધો લોકના અગ્રે પ્રતિષ્ઠિત છે. તે ભવપ્રપંચથી નિર્મુક્ત બનેલા અને વરગતિ-સિદ્ધિને પામેલ કહેવાય છે. ચરમ ભવમાં સિદ્ધોના શરીરની ઊંચાઈ જે પરિમાણવાળી છે, તેના કરતાં બીજા ભાગે ન્યૂન સિદ્ધોની અવગાહના છે, કેમ કે - શરીરના ત્રીજા ભાગ રૂપ શરીરની અંદર રહેલ છિદ્રો પૂરેલ છે.

એક જીવની અપેક્ષાએ જે કાળમાં તેઓ સિદ્ધ થાય છે, તે કાળે તેઓની આદિ છે અને કદાચિત્ મુક્તિથી ભ્રષ્ટ નહિ થનાર હોઈ અનંત છે. સકલ સિદ્ધોની અપેક્ષાએ સિદ્ધો અનાદિઅનંત છે. આ સિદ્ધો રૂપ - રસાદિથી રહિત હોઈ અરૂપી છે. સતત્ ઉપયોગ હોઈ તે છિદ્રો પૂરવા દ્વારા નિચિત પ્રદેશવાળા હોઈ જીવઘન છે અને જ્ઞાન-દર્શન રૂપ સંજ્ઞાવાળા હોઈ જ્ઞાન-દર્શનસંજ્ઞિત છે, અર્થાત્ જ્ઞાન-દર્શન ઉપયોગ રૂપ અનન્ય સ્વરૂપવાળા છે. તે સુખની ઉપમાનથી તેવા અતુલ સુખને તેઓ પામે છે. તે સઘળા સિદ્ધો લોકના

એક દેશ રૂપ લોકાગ્રે રહેલ છે. આવા નિરૂપણથી સઘળે ઠેકાણે મુક્તો - ઈશ્વર છે - એ મતનું ખંડન કર્યું. જ્ઞાન-દર્શનસંજ્ઞિતા, એવા વિશેષણથી જ્ઞાનના ઉચ્છેદમાં મુક્તિ છે - એવા મતનું ખંડન કર્યું. 'સંસારના પારને પામેલા સિદ્ધો છે' - એવા કથનથી, જેઓ માને છે કે - ઈશ્વર અવતાર લે છે - એવા મતનું ખંડન કર્યું છે. અર્થાત્ પુનઃ આગમનના અભાવ રૂપ વિશેષતાથી સંસારનું અતિક્રમણ કરનારા સિદ્ધો છે. 'વરગતિ રૂપ સિદ્ધિને પામેલા સિદ્ધો છે' - એવા વિશેષણથી ક્ષીણકર્મવાળાનું પણ સ્વભાવથી જ ઉત્પત્તિ સમયમાં લોકાગ્રગમન સુધી સક્રિયત્વ પણ છે - એમ જણાવાય છે. (૬૨ થી ૬૭ - ૧૫૦૦.થી ૧૫૦૫)

**સંસારત્થા ઉ જે જીવા, દુવિહા તે વિયાહિયા;**
**તસા ય થાવરા ચેવ, થાવરા તિવિહા તહિં. ૬૮**

**પુઢવી-આઉજીવા ય, તહેવ ય વણસ્સઈ;**
**ઇચ્ચેત્તે થાવરા તિવિહા, તેસિં ભેએ સુણેહ મે. ૬૯**

**અર્થ** : ત્રસ અને સ્થાવરના ભેદતી સંસારી

જીવો બે પ્રકારના કહેલ છે. પૃથ્વી, અપ્ અને વનસ્પતિકાય ભેદથી સ્થાવરો ત્રણ પ્રકારના છે. અહીં તેજસ્ અને વાયુકાયને ગતિ ત્રસ હોવાના કારણે સ્થાવર મધ્યે કહેલ નથી. હવે તે પૃથ્વીકાય વગેરે ભેદોને કહેનાર એવા મારી પાસેથી તમે સાંભળો ! (૬૮+૬૯-૧૫૦૬+૧૫૦૭)

**દુવિહા પુઢવિજીવા ઉ, સુહુમા બાયરા તહા;**
**પજ્જત્તમપજ્જત્તા, એવમેએ દુહા પુણો. ૭૦**

**બાયરા જે ઉ પજ્જત્તા, દુવિહા તે વિયાહિયા;**
**સણ્હા ખરા ય બોદ્ધવ્વા, સણ્હા સત્તવિહા તહિં. ૭૧**

**કિણ્હા નીલા ય રુહિરા ય, હાલિદ્દા સુક્કિલા તહા;**
**પંડૂ પણગમટ્ટીયા, ખરા છત્તીસઈવિહા. ૭૨**

**પુઢવી ય સક્કરા વાલુયા ય, ઉવલે સિલા ય લોણૂસે;**
**અય-તંબ તઉય સીસગ-રુપ્પ-સુવણ્ણે ય વઇરે ય. ૭૩**

હરિયાલે હિંગુલએ, મણોસિલા, સાસગંજણ-પવાલે;
અબ્ભપડલ-ડબ્ભવાલુય, બાદરકાએ મણિવિહાણા.
૭૪

ગોમેજ્જએ ય રુયએ, અંકે ફલિહે ય લોહિયક્ખે ય;
મરગય-મસારગલ્લે, ભુય-મોયગ-ઇન્દનીલે ય. ૭૫

ચન્દણ-ગેરુય-હંસગબ્ભ, પુલએ સોગન્ધિએ ય બોદ્ધવ્વે;
ચન્દપ્પભ વેરુલિએ, જલકન્તે સૂરકન્તે ય. ૭૬

**અર્થ :** પૃથિવી જીવો, સૂક્ષ્મ નામકર્મના ઉદયથી સૂક્ષ્મ અને બાદર નામકર્મના ઉદયથી બાદર-એમ બે પ્રકારના છે. સૂક્ષ્મ અને બાદર પૃથ્વી જીવો પણ પર્યાપ્તિવાળા (આહાર-શરીર-ઈન્દ્રિય-ઉચ્છ્વાસ - ભાષા - મનની નિષ્પત્તિ હેતુભૂત દલિક રૂપ પર્યાપ્તિવાળા) પર્યાપ્ત અને પર્યાપ્તિની પૂર્ણતા વગરના અપર્યાપ્ત ભેદથી બે પ્રકારના છે. વળી પર્યાપ્ત બાદર પૃથ્વી જીવો પણ બે પ્રકારના છે. (૧) ચૂર્ણિત ઢેફા સરખી કોમલ પૃથ્વી અર્થાત્ કોમલ પૃથ્વી આત્મક જીવો પણ ઉપચારથી કોમલ કહેવાય છે. આ પ્રમાણે આગળ

ઉપર પણ સમજવું. (૨) ખર એટલે કઠિન પૃથ્વી. કોમલ પૃથ્વી સાત પ્રકારની છે. (૧) કૃષ્ણ, (૨) નીલ, (૩) લાલ, (૪) પીળી, (૫) શુકલ, (૬) પાંડુર-થોડી ધોળી અને (૭) અત્યંત સૂક્ષ્મ રજ રૂપ પનક રૂપી મૃત્તિકા. કઠિન પૃથ્વી છત્રીશ પ્રકારની છે. (૧) શુદ્ધ પૃથ્વી, (૨) નાના નાના પત્થરોના ટૂકડા રૂપ શર્કરા, (૩) રેતી, (૪) પર્વતમાંથી છૂટા પડેલા મોટા પત્થરો-ગંડશૈલ વગેરે, (૫) શિલા-પત્થર, (૬) સમુદ્રલવણ-મીઠું, (૭) ઊષ-ખારી જમીન, (૮) ખારી માટી, (૯) લોખંડ, (૧૦) તાંબુ, (૧૧) કલાઈ, (૧૨) સીસું, (૧૩) રૂપું, (૧૪) સોનું, (૧૫) હીરો, (૧૬) હરિતાલ, (૧૭) હિંગલોક (૧૮) મનશીલ, (૧૯) પારો, (૨૦) અંજન-સુરમો આદિ, (૨૧) પરવાળા, (૨૨) અબરખ, (૨૩) અબરખમિશ્રિત વાલુકા, (આ ભેદો કહ્યા, તેમજ હવે બાદર પૃથ્વીકાયમાં મણિભેદોને કહે છે. (૨૪) ગોમેધક-લસણિયું, (૨૫) રૂચક, (૨૬) અંક, (૨૭) સ્ફટિક, (૨૮) લોહિતાક્ષ, (૨૯)

મરકત, (૩૦) મસારગલ્લ, (૩૧) ભુજમોચક (૩૨) ઈન્દ્રનીલ, (૩૩) ચંદન, (૩૪) ગેરૂ, (૩૫) હંસગર્ભ, (૩૬) પુલક (૩૭) સૌગંધિક, (૩૮) ચન્દ્રકાન્ત, (૩૯) વૈડૂર્ય, (૪૦) જલકાન્ત, (૪૧) સૂર્યકાન્ત. અર્થાત્ પૃથ્વી વગેરે, (૧૪) હરિતાલ વગેરે (૮) અને ગોમેદક વગેરે ક્વચિત કથંચિત્ કોઈનામાં અંતર્ભાવ થતો હોવાથી (૧૪) એમ મળીને છત્રીશ ભેદો કહેવાય છે. (૭૦ થી ૭૬ - ૧૫૦૮ થી ૧૫૧૪)

**એએ ખરપુઢવીએ, ભેયા છત્તીસમાહિયા;**
**એગવિહમનાણત્તા, સુહુમા તત્થ વિયાહિયા. ૭૭**

**સુહુમા સવ્વલોગમ્મિ, લોગદેસે ય બાયરા;**
**એત્તો કાલવિભાગં ત, વોચ્છં તેસિં ચઉવ્વિહં. ૭૮**

**સંતઇં પપ્પડણાઈયા, અપજ્જવસિયા વિ ય;**
**ઠિઇં પડુચ્ચ સાઈયા, સપજ્જવસિયા વિ ય. ૭૯**

**બાવીસસહસ્સાઇં, વાસાણુક્કોસિયા ભવે;**
**આઉઠિઇ પુઢવીણં, અન્તોમુહુત્તં જહન્નિયા. ૮૦**

**અસંખકાલમુક્કોસા, અન્તોમુહુત્તં જહન્નિયા;**
**કાયઠિઈ પુઢવીણં, તં કાયં તુ અમુંચઓ. ૮૧**

**અણન્તકાલમુક્કોસં, અન્તોમુહુત્તં જહન્નયં;**
**વિજઢમ્મિ સએ કાએ, પુઢવિજીવાણ અન્તરં. ૮૨**

**એએસિં વણ્ણઓ ચેવ, ગન્ધઓ રસ-ફાસઓ;**
**સંઠાણાદેસઓ વા વિ, વિહાણાઇં સહસ્સઓ. ૮૩**

**અર્થ :** આ ખર પૃથ્વીના છત્રીશ ભેદો કહેલ છે. નાનાપણું નહિ હોવાથી સૂક્ષ્મ પૃથ્વીકાય જીવો એક જ - સૂક્ષ્મ પ્રકારના છે - એમ કહેલ છે. ક્ષેત્રની અપેક્ષાએ સૂક્ષ્મ પૃથ્વીકાય જીવો સર્વલોકમાં છે અને બાદર પૃથ્વીકાય જીવો રત્નપ્રભા પૃથિવી આદિ રૂપ લોકના એક દેશમાં છે. હવે તે પૃથ્વીકાય જીવોના ચાર પ્રકારના કાલવિભાગને હું કહીશ. પ્રવાહની અપેક્ષાએ પૃથ્વીકાય જીવો અનાદિઅનંત છે, કેમ કે - પ્રવાહથી પૃથ્વીકાયિક જીવોનો કદાપિ અસંભવ નથી. વળી તે ભવસ્થિતિ, કાયસ્થિતિ અને રૂપસ્થિતિની અપેક્ષાએ સાદિસાન્ત પણ છે.

પૃથ્વીકાય જીવોની કાર્યસ્થિતિ-પૃથ્વીરૂપ કાયને નહિ છોડનારા અને મરી મરીને ત્યાં જ ઉત્પન્ન થનારા પૃથ્વીકાય જીવોની કાયસ્થિતિ, ઉત્કૃષ્ટ અસંખ્યાત લોકાકાશ પ્રમાણ ઉત્સર્પિણી - અવસર્પિણી રૂપ અસંખ્યાત કાળની, જ્યારે જઘન્યથી અંતર્મુહૂર્ત પ્રમાણવાળી છે.

પૃથ્વીકાય જીવોની ભવસ્થિતિ - ઉત્કૃષ્ટ બાવીશ હજાર વર્ષોનું અને જઘન્ય અંતર્મુહૂર્તનું આયુષ્ય છે.

અંતરકાલદ્વાર-અસંખ્યાત પુદ્‌ગલપરાવર્ત્ત રૂપ અનંતકાળનું અંતર ઉત્કૃષ્ટ છે, જ્યારે જઘન્ય અંતર અંતર્મુહૂર્તનું છે. અર્થાત્ જઘન્ય કે ઉત્કૃષ્ટથી પૂર્વોક્ત કાળ સુધી પૃથ્વી જીવ, બીજી કાયોમાં ફરી ફરીને પૃથ્વીકાયોમાં ઉત્પન્ન થાય છે. આ પૃથ્વીકાય જીવોના વર્ણ-ગંધ-રસ-સ્પર્શ અને સંસ્થાનની અપેક્ષાએ હજારો-ઘણા ઘણા ભેદો છે. (૭૭ થી ૮૩ - ૧૫૧૫ થી ૧૫૨૧)

**દુવિહા આઉજીવા ઉ, સુહુમા બાયરા તહા;**
**પજ્જત્તમપજ્જત્તા, એવમેએ દુહા પુણો. ૮૪**

બાયરા જે ઉ પજ્જત્તા, પંચહા તે પકિત્તિયા;
સુદ્ધોદએ ય ઉસ્સે, હરતણુ મહિયા (હિમે) વિય. ૮૫
એગવિહમણાણત્તા, સુહુમા તત્થ વિયાહિયા;
સુહુમા સવ્વલોગમ્મિ, લોગદેસે ય બાયરા. ૮૬
સન્તઇં પપ્પડણાદીયા, અપજ્જવસિયા વિ ય;
ઠિઇં પડુચ્ચ સાઈયા, સપજ્જવસિયા વિ ય. ૮૭
સત્તેવ સહસ્સાઇં, વાસાણુક્કોસિયા ભવે;
આઉઠિઈ આઊણં, અન્તોમુહુત્તં જહન્નિયા. ૮૮
અસંખકાલમુક્કોસા, અન્તોમુહુત્તં જહન્નિયા;
કાયઠિઈ આઊણં, તં કાયં તુ અમુંચઓ. ૮૯
અણન્તકાલમુક્કોસં, અન્તોમુહુત્તં જહન્નયં;
વિજઢમ્મિ સએ કાએ, આઉજીવાણ અન્તરં. ૯૦
એએસિં વણ્ણઓ ચેવ, ગન્ધઓ રસ-ફાસઓ;
સંઠાણાદેસઓ વા વિ, વિહાણાઇ સહસ્સઓ. ૯૧

**અર્થ :** અપ્કાય જીવો સૂક્ષ્મ અને બાદર ભેદથી બે પ્રકારના છે. સૂક્ષ્મ-બાદર અપ્કાય જીવો પણ પર્યાપ્ત

અને અપર્યાપ્ત ભેદથી બે પ્રકારે છે. જે બાદર અપ્કાય જીવો પર્યાપ્ત છે, તે પાંચ પ્રકારના કહેલ છે. (૧) શુદ્ધોદક-વરસાદનું પાણી, (૨) ઝાકળ, (૩) પ્રાતઃકાળમાં સ્નિગ્ધ પૃથ્વીજન્ય-ઘાસના અગ્રભાગ ઉપર રહેલ જલબિંદુઓ, (૪) ધુમ્મસ-ધૂમર અને (૫) બરફ.

સૂક્ષ્મ અપ્કાય જીવો નાનાપણાનો અભાવ હોઈ એક પ્રકારના છે. સૂક્ષ્મ અપ્કાય જીવો સર્વલોકમાં છે, જ્યારે બાદર અપ્કાય જીવો લોકના દેશમાં છે. અપ્કાય જીવો પ્રવાહની અપેક્ષાએ અનાદિઅનંત છે અને સ્થિતિની અપેક્ષાએ સાદિસાન્ત છે. અપ્કાય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સાત હજાર વર્ષનું અને જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્ત્તનું છે. અપ્કાય જીવોની કાયસ્થિતિ ઉત્કૃષ્ટ અસંખ્ય કાળની અને જઘન્ય અંતર્મુહૂર્ત્તની છે. આ અપ્કાય જીવોના વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાનની અપેક્ષાએ હજારો-ઘણા ઘણા ભેદો છે. (૮૪ થી ૯૧ - ૧૫૨૨ થી ૧૫૨૯)

દુવિહા વણસ્સઈજીવા, સુહુમા બાયરા તહા;
પજ્જત્તમપજ્જત્તા, એવમેએ દુહા પુણો. ૯૨

બાયરા જે ઉ પજ્જત્તા, દુવિહા તે વિયાહિયા;
સાહારણસરીરા ય, પત્તેગા ય તહેવ ય. ૯૩

પત્તેયસરીરા ઉ ણેગહા, તે પકિત્તિયા;
રૂક્ખા ગુચ્છા ય ગુમ્મા ય, લયા વલ્લી તણા તહા. ૯૪

વલયલયા પવ્વયા કુહણા, જલરુહા ઓસહી તહા;
હરિયકાયા ય બોદ્ધવ્વા, પત્તેયા ઈઈ આહિયા. ૯૫

**અર્થ** : વનસ્પતિકાયિક જીવો સૂક્ષ્મ-બાદર ભેદથી બે પ્રકારના છે. તે સૂક્ષ્મ-બાદર વનસ્પતિ જીવો પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદથી બે પ્રકારના છે. જે બાદરપર્યાપ્ત વનસ્પતિ જીવો છે, તે સાધારણ શરીરવાળા (જે અનંત જીવોનું એક શરીર હોય તે) અને પ્રત્યેક શરીરવાળા (એક શરીરમાં એક જીવ હોય તે) - એમ બે પ્રકારના છે. પ્રત્યેક શરીર વનસ્પતિ અનેક

પ્રકારની કહેલ છે. (૧) આંબો વગેરે વૃક્ષો, (૨) જેના પાંદડાં ગુચ્છા રૂપ હોય તે 'ગુચ્છ' રીંગણી આદિ, (૩) જેમાં થડનો વિકાસ ન હોય પણ નીચેની જ ડાળીઓ ફૂટે તે 'ગુલ્મ' બટમોગરો વગેરે, (૪) જે વૃક્ષ કે સ્તંભ આદિના આધારે ઉપર ચઢે તે 'લતા' ચંપકલતા વગેરે, (૫) મોટા ભાગે ભોંય ઉપર પથરાય તે 'વેલા' કાકડીનો વેલો વગેરે, (૬) 'તૃણ' - ઘાસ, જેમ કે - ડાભ વગેરે, (૭) 'લતાવલય' - નારીયેલી-કેળ આદિ, કે જેની છાલ ગોળ હોય તે 'વલય' : તેઓનું બીજી શાખાનો અભાવ હોવાથી 'લતાપણું' : વલયનો આકાર હોય 'વલયપણું' જાણવું. (૮) 'પર્વજ' - પર્વ એટલે ગાંઠોમાંથી પેદા થયેલ શેરડી વગેરે, (૯) 'કુહન' - ભૂમિને ફોડીને નીકળનારી વનસ્પતિ : છત્રના આકારવાળા ભૂમિફોડા વગેરે, (૧૦) 'જલરૂહ' - જલમાં ઉગે તે કમળ આદિ, (૧૧) 'ઔષધિ' - ધાન્યવર્ગ ડાંગર - ઘઉં વગેરે, અને (૧૨) 'હરિતકાય'-શાકભાજી આદિ. આ પ્રમાણે પ્રત્યેક વનસ્પતિકાયના ભેદો કહ્યા. (૯૨ થી ૯૫ - ૧૫૩૦ થી ૧૫૩૩)

સાહારણસરીરા ઉ, ણેગહા તે પકિત્તિયા;
આલુએ મૂલએ ચેવ, સિંગબેરે તહેવ ય. ૯૬

હિરિલી સિરિલી સિસ્સિરિલી, જાવઈ કેયકન્દલી;
પલંડુ-લસણકન્દે ય, કન્દલી ય કુહુવ્વએ. ૯૭

લોહિ ણીહૂ ય થીહૂ ય, તુહગા ય તહેવ ય;
કણ્હે ય વજ્જકંદે ય, કંદે સૂરણએ તહા. ૯૮

અસ્સકણ્ણી ય બોદ્ધવ્વા, સીહકણ્ણી તહેવ ય;
મુસુંઢી ય હલિદ્દા ય, ણેગહા એવમાયઓ. ૯૯

**અર્થ :** તે સાધારણ વનસ્પતિકાય રૂપ સાધારણ શરીરો અનેક પ્રકારના કહેલ છે. (૧) આલુક (ધોળું અને લાલ રતાળું, બટાટા વગેરે), (૨) મૂલક-મૂળો(મૂળાનો કંદ), (૩) શૃંગબેરક-લીલું આદુ - લીલી હળદર - લીલો કચૂરો, (૪) હરિલી, (૫) સિરિલી, (૬) સિસ્સિરિલી, (૭) યાવતિક, (૮) કંદલી (૯) પલાંડુકંદ, (૧૦) લસણકંદ, (૧૧) કંદલી, (૧૨) કુહુવ્રત, (૧૩) લોહિનીકંદ, (૧૪) હુતાક્ષીકંદ, (૧૫)

હુતકંદ, (૧૬) કુહકકંદ, (૧૭) કૃષ્ણકંદ, (૧૮) વ્રજકંદ, (૧૯) સૂરણ - જમીનકંદ, (૨૦) અશ્વકર્ણી, (૨૧) સિંહકર્ણી, (૨૨) મુસંઢી, અને (૨૩) હરિદ્રા; ઈત્યાદિ અનેક પ્રકારના સાધારણ શરીરો જાણવા. (૯૬ થી ૯૯ - ૧૫૩૪ થી ૧૫૩૭)

**એગવિહમણાણત્તા, સુહુમા તત્થ વિયાહિયા;**
**સુહુમા સવ્વલોગમ્મિ, લોગદેસે ય બાયરા. ૧૦૦**

**સંતઇં પપ્પડણાઇયા, અપજ્જવસિયા વિ ય;**
**ઠિઇં પડુચ્ચ સાઈયા, સપજ્જવસિયા વિ ય. ૧૦૧**

**દસ ચેવ સહસ્સાઇં, વાસાણુક્કોસિયં ભવે;**
**વણપ્ફઈણ આઉં તુ, અંતોમુહુત્તં જહન્નયં. ૧૦૨**

**અણન્તકાલમુક્કોસા, અન્તોમુહુત્તં જહન્નગા;**
**કાયઠિઈ પણગાણં, તં કાયં તુ અમુંચઓ. ૧૦૩**

**અસંખકાલમુક્કોસં, અન્તોમુહુત્તં જહન્નયં;**
**વિજઢમ્મિ સએ કાએ, પણગજીવાણ અન્તરં. ૧૦૪**

**એએસિં વણ્ણઓ ચેવ, ગન્ધઓ રસ-ફાસઓ;**
**સંઠાણાદેસઓ વા વિ, વિહાણાઇં સહસ્સસો. ૧૦૫**

**ઇચ્ચેએ થાવરા તિવિહા, સમાસેણ વિયાહિયા;**
**એત્તો ઉ તસે તિવિહે, વોચ્છામિ અણુપુવ્વસો. ૧૦૬**

**અર્થ :** નાનાપણાનો અભાવ હોઈ, ત્યાં સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય જીવો એક પ્રકારના છે. (સર્વ સૂક્ષ્મોનું એકપણું છે, કેમ કે - તમામનું સાધારણ શરીરપણું છે.) તે સૂક્ષ્મો સર્વલોકમાં છે, જ્યારે બાદર સાધારણ વનસ્પતિકાય જીવો લોકના અમુક ભાગમાં છે. પ્રવાહની અપેક્ષાએ વનસ્પતિકાય જીવો અનાદિઅનંત છે. ભવસ્થિતિ-કાયસ્થિતિ રૂપ સ્થિતિની અપેક્ષાએ સાદિઅનંત પણ છે. અહીં વનસ્પતિકાય જીવોનું ઉત્કૃષ્ટ દશ હજાર વર્ષનું આયુષ્ય જે કહેલ છે, તે બાદરપર્યાપ્ત પ્રત્યેક શરીર વનસ્પતિકાય જીવોનું સમજવું. તે સિવાયના સાધારણ વનસ્પતિ વગેરે વનસ્પતિકાય જીવોનું અંતર્મુહૂર્ત્ત જઘન્ય જ આયુષ્ય જાણવું. વળી એ પ્રમાણે પૂર્વોક્ત પૃથ્વી - અપ્‌કાયનું અને કહેવાતા તેજસ્ - વાયુકાયનું ઉત્કૃષ્ટ આયુષ્ય - જયેષ્ઠ સ્થિતિ સમજવી, નહિ કે અપર્યાપ્ત કે સૂક્ષ્મોનું.

કાયસ્થિતિ-પનકોપલક્ષિત વનસ્પતિ રૂપ અનંતકાય (સાધારણ)ના જીવોની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી રૂપ અનંતકાળની છે, જ્યારે જઘન્ય કાયસ્થિતિ અંતર્મુહૂર્ત્તની છે. અહીં સામાન્યથી વનસ્પતિ જીવોની કે નિગોદની અપેક્ષાએ અનંતકાળની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ કહે છે, પરંતુ વિશેષ વિવક્ષામાં પ્રત્યેક વનસ્પતિ અને બાદર નિગોદની સિત્તેર કોડાકોડી સાગરોપમ પ્રમાણવાળી કાયસ્થિતિ છે. સ્પૃષ્ટ વ્યવહાર રાશિવાળા સૂક્ષ્મ નિગોદ જીવોની અસંખ્યાત કાલમાનવાળી કાયસ્થિતિ છે. અસંવ્યવહારિક નિગોદ જીવોની અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી રૂપ અનંતકાળની કાયસ્થિતિ છે. વનસ્પતિકાય જીવોનું અંતરમાન-ઉત્કૃષ્ટ અંતરમાન અસંખ્યાત કાળનું અને જઘન્ય અંતરમાન અંતર્મુહૂર્ત્તનું છે. અર્થાત્ અહીં કેટલાક વનસ્પતિકાય જીવો, વનસ્પતિમાંથી નીકળી, પૃથ્વી વગેરેમાં ભમી, ફરીથી અસંખ્યાત કાળ બાદ વનસ્પતિ રૂપ સ્વકાયમાં પેદા થાય છે. વળી વનસ્પતિ સિવાય

સર્વ સ્થાવર જીવોની પણ કાયસ્થિતિ અસંખ્યાત હોઈ, ઉત્કૃષ્ટ પણ અંતર અસંખ્યાત કાલમાનવાળું છે. આ સ્થાવર જીવોના વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાનની અપેક્ષાએ હજારો - ઘણા ઘણા ભેદો છે. આ ત્રણ પ્રકારના સ્થાવરો સંક્ષેપમાં કહ્યા. હવે ત્રણ પ્રકારના ત્રસ જીવોને હું અનુક્રમે કહીશ. (૧૦૦ થી ૧૦૬ - ૧૫૩૮ થી ૧૫૪૪)

**તેઊ વાઊ ય બોધવ્વા, ઓરાલા ય તસા તહા;**
**ઇચ્ચેતે તસા તિવિહા, તેસિં ભેએ સુણેહ મે. ૧૦૭**

**દુવિહા તેઉજીવા ઉ, સુહુમા બાયરા તહા;**
**પજ્જત્તમપજ્જત્તા, એવમેએ દુહા પુણો. ૧૦૮**

**બાયરા જે ઉ પજ્જત્તા, ણેગહા તે વિયાહિયા;**
**ઇંગાલે મુમ્મુરે અગણી, અચ્ચી જાલા તહેવ ય. ૧૦૯**

**ઉક્કા વિજ્જૂ ય બોધવ્વા, ણેગહા એવમાયઓ;**
**એગવિહમનાણત્તા, સુહુમા તે વિયાહિયા. ૧૧૦**

સુહુમા સવ્વલોગમ્મિ, લોગદેસે ય બાયરા;
એત્તો કાલવિભાગં તુ, તેસિં વોચ્છં ચઉવ્વિહં.૧૧૧

સંતઇં પપ્પાડણાઈયા, અપજ્જવસિયા વિ ય;
ઠિઇં પડુચ્ચ સાઈયા, સપજ્જવસિયા વિ ય. ૧૧૨

તિણ્ણેવ અહોરત્તા, ઉક્કોસેણ વિયાહિયા;
આઉઠિઈ તેઊણં, અન્તોમુહુત્તં જહન્નિયા. ૧૧૩

અસંખકાલમુક્કોસા, અન્તોમુહુત્તં જહન્નગા;
કાયઠિઈ તેઊણં, તં કાયં તુ અમુંચઓ. ૧૧૪

અણન્તકાલમુક્કોસં, અન્તોમુહુત્તં જહન્નયં;
વિજઢમ્મિ સએ કાએ, તેઉજીવાણ અન્તરં. ૧૧૫

એએસિં વણ્ણઓ ચેવ, ગન્ધઓ રસ-ફાસઓ;
સંઠાણાદેસઓ વા વિ, વિહાણાઇં સહસ્સસો. ૧૧૬

**અર્થ :** તેજસ્-અગ્નિ-વાયુકાય (તેજસ્-વાયુનું સ્થાવર નામકર્મનો ઉદય છતાં ગતિની અપેક્ષાએ ત્રસપણું.) ઉદાર-સ્થૂલ-દ્વીન્દ્રિય વગેરે. (ત્રસનામકર્મના ઉદયવાળા દ્વીન્દ્રિયાદિ જીવોનું લબ્ધિથી પણ ત્રસપણું

છે.) ત્રસો ત્રણ પ્રકારના છે. એ ત્રસ જીવોને કહેનાર એવા મારી પાસેથી તમે સાંભળો !

સૂક્ષ્મ-બાદર ભેદથી અગ્નિકાયના જીવો બે પ્રકારના છે. સૂક્ષ્મ-બાદર અગ્નિકાય જીવો પર્યાપ્ત-અપર્યાપ્ત ભેદથી બે પ્રકારના છે. બાદરપર્યાપ્ત અગ્નિકાય જીવો અનેક પ્રકારના કહેલ છે. (૧) ધૂમ અને જ્વાલા વગરનો સળગતા લાકડા રૂપ ભાસ્વર સ્વરૂપવાળો અગ્નિ 'અંગાર' કહેવાય છે, (૨) રાખથી મિશ્રિત અગ્નિના કણ રૂપ અગ્નિ 'મુર્મુર' કહેવાય છે, (૩) પૂર્વોક્ત ભેદથી જુદો વહ્નિ 'અગ્નિ' કહેવાય છે, (૪) અગ્નિના મૂળની સાથે મળેલી અગ્નિની શિખા 'અર્ચિઃ' કહેવાય છે, (૫) છિન્ન મૂળવાળી તેજ અગ્નિશિખા 'જ્વાલા' કહેવાય છે, (૬) આકાશમાં ઉત્પન્ન રેખા - લીસોટા રૂપ અગ્નિ 'ઉલ્કા' કહેવાય છે, અને (૭) આકાશમાં ઉત્પન્ન અગ્નિવિશેષ 'વિદ્યુત' વિજળી કહેવાય છે. સૂક્ષ્મ અગ્નિકાય જીવો અનેકવિધપણાનો અભાવ હોઈ

એક પ્રકારના કહેલ છે. સૂક્ષ્મ અગ્નિકાય જીવો સર્વલોકમાં છે, જ્યારે બાદર અગ્નિકાય જીવો લોકના દેશભાગમાં છે. હવે પછી તે અગ્નિકાય જીવોના ચાર પ્રકારના કાલવિભાગને હું કહીશ. પ્રવાહની અપેક્ષાએ અગ્નિકાય જીવો અનાદિઅનંત છે, જ્યારે સ્થિતિની અપેક્ષાએ સાદિસાન્ત છે. અગ્નિકાય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ અહોરાત્રનું છે અને જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્તનું છે.

કાયસ્થિતિ - અગ્નિકાય જીવોની ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળની અને જઘન્ય અંતર્મુહૂર્તની છે.

અંતરમાન - અગ્નિકાય જીવોનું ઉત્કૃષ્ટ અનંતકાળનું અને જઘન્ય અંતર્મુહૂર્તનું છે.

આ અગ્નિકાય જીવોના વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાનની અપેક્ષાએ ભેદો હજારો - ઘણા ઘણા છે. (૧૦૭ થી ૧૧૬ - ૧૫૪૫ થી ૧૫૫૪)

**દુવિહા વાઉજીવા ઉ, સુહુમા બાયરા તહા;**
**પજ્જત્તમપજ્જત્તા, એવમેએ દુહા પુણો. ૧૧૭**

બાયરા જે ઉ પજ્જત્તા, પંચહા તે પકિત્તિયા;
ઉક્કલિયા મંડલિયા, ઘણ-ગુંજા-સુદ્ધવાયા ય. ૧૧૮

સંવટ્ટગવાએ ય, ણેગહા એવમાયઓ;
એગવિહમણાણત્તા, સુહુમા તત્થ વિયાહિયા. ૧૧૯

સુહુમા સવ્વલોગમ્મિ, લોગદેસે ય બાયરા;
એત્તો કાલવિભાગં તુ, તેસિં વોચ્છં ચઉવ્વિહં.૧૨૦

સન્તઇં પપ્પડણાઈયા, અપજ્જવસિયા વિ ય;
ઠિઇં પડુચ્ચ સાઈયા, સપજ્જવસિયા વિ ય. ૧૨૧

તિન્નેવ સહસ્સાઇં, વાસાણુક્કોસિયા ભવે;
આઉઠિઈ વાઊણં, અન્તોમુહુત્તં જહન્નિયા. ૧૨૨

અસંખકાલમુક્કોસં, અન્તોમુહુત્તં જહન્નયં;
કાયઠિઈ વાઊણં, તં કાયં તુ અમુંચઓ. ૧૨૩

અણન્તકાલમુક્કોસં અન્તોમુહુત્તં જહન્નયં;
વિજઢમ્મિ સએ કાએ, વાઉજીવાણ અન્તરં. ૧૨૪

**એએસિં વણ્ણઓ ચેવ, ગન્ધઓ રસ-ફાસઓ;**
**સંઠાણાદેસઓ વા વિ, વિહાણાઇં સહસ્સસો. ૧૨૫**

**અર્થ :** વાયુકાયના જીવો સૂક્ષ્મ-બાદર ભેદથી બે પ્રકારના છે. સૂક્ષ્મ-બાદર વાયુકાય જીવો પર્યાપ્ત - અપર્યાપ્ત ભેદથી બે પ્રકારના છે. જે બાદરપર્યાપ્ત વાયુકાય જીવો છે, તે પાંચ પ્રકારના કહેલ છે. (૧) 'ઉત્કલિકા' - જે રહી રહીને વાય તે, (૨) 'મંડલિકા' - જે મંડલાકારે વાય તે, (૩) રત્નપ્રભા આદિના આધારભૂત વાયુ-ઘન-ઘાટો વાયુ 'ઘનવાત' કહેવાય છે, (૪) 'ગુંજાવાયુ' ગુંજારવ કરતો વાયુ, (૫) 'શુદ્ધવાયુ' સહજવાયુ-જે મંદ મંદ વહેતો વાય તે, અને (૬) 'સંવર્તકવાયુ' જે બહાર રહેલ તણખલાં વગેરેને પણ વિવક્ષિત ક્ષેત્રની અંદર ઉંચે ચઢાવી ફેંકે છે. આ પ્રમાણે અનેક પ્રકારના વાયુકાય જીવો જાણવા. નાનાપણાનો અભાવ હોઈ સૂક્ષ્મ વાયુકાય જીવો એક પ્રકારના કહેલ છે. સૂક્ષ્મ વાયુકાય જીવો સર્વલોકમાં વ્યાપ્ત છે. બાદર વાયુકાય જીવો લોકના

વિશિષ્ટ ભાગમાં છે. હવે પછી વાયુકાય જીવોના ચાર પ્રકારના કાલવિભાગને હું કહીશ. પ્રવાહની અપેક્ષાએ વાયુકાય જીવો અનાદિઅનંત છે અને સ્થિતિની અપેક્ષાએ સાદિસાન્ત છે. ભવસ્થિતિ-વાયુકાય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ હજાર વર્ષોનું છે અને જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્ત્તનું છે. કાયસ્થિતિ-વાયુકાય જીવોની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અસંખ્યાત કાળની અને જઘન્ય કાયસ્થિતિ અંતર્મુહૂર્ત્તની છે. અંતરમાન-વાયુકાય જીવોનું ઉત્કૃષ્ટ અંતરમાન અનંતકાળનું અને જઘન્ય અંતરમાન અંતર્મુહૂર્ત્તનું છે. આ વાયુકાય જીવોના વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાનની અપેક્ષાએ હજારો-ઘણા ઘણા ભેદો છે. (૧૧૭ થી ૧૨૫ - ૧૫૫૫ થી ૧૫૬૩)

**ઓરાલા તસા જે ઉ, ચઉહા તે પકિત્તિયા;**
**બેઇન્દિય-તેઇન્દિય, ચઉરો પંચિન્દિયા ચેવ. ૧૨૬**

**બેઇન્દિયા ઉ જે જીવા, દુવિહા તે પકિત્તિયા;**
**પજ્જત્તમપજ્જત્તા, તેસિં ભેએ સુણેહ મે. ૧૨૭**

કિમિણો સોમંગલા ચેવ, અલસા માઇવાહચા;
વાસીમુહા ય સિપ્પીચા, સંખા સંખણગા તહા. ૧૨૮

પલ્લોગાણુપલ્લચા ચેવ, તહેવ ય વરાડગા;
જલૂગા જાલગા ચેવ, ચન્દણા ય તહેવ ય. ૧૨૯

ઇઇ બેઇન્દચા એએ-ડણેગહા એવમાદઓ;
લોએગદેસે તે સવ્વે, ન સવ્વત્થ વિચાહિચા. ૧૩૦

સંતઇં પપ્પડણાઈચા, અપજ્જવસિચા વિ ય;
ઠિઇં પડુચ્ચ સાઈચા, સપજ્જવસિચા વિ ય. ૧૩૧

વાસાઇં બારસેવ ઉ, ઉક્કોસેણ વિચાહિચા;
બેઇન્દિયઆઉઠિઈ, અન્તોમુહુત્તં જહન્નિયા. ૧૩૨

સંખેજ્જકાલમુક્કોસા, અન્તોમુહુત્તં જહન્નિયા;
બેઇન્દિયકાયઠિઈ, તં કાયં તુ અમુંચઓ. ૧૩૩

અણન્તકાલમુક્કોસં, અન્તોમુહુત્તં જહન્નયં;
બેઇન્દિયજીવાણં, અન્તરેયં વિચાહિયં. ૧૩૪

એએસિં વણ્ણઓ ચેવ, ગન્ધઓ રસ-ફાસઓ;
સંઠાણાદેસઓ વા વિ, વિહાણાઇં સહસ્સઓ. ૧૩૫

**અર્થ :** હવે ઉદાર એકેન્દ્રિયની અપેક્ષાએ સ્થૂલ ત્રસોને કહે છે. તે ઉદાર ત્રસો ચાર પ્રકારના બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય છે. હવે જે બેઈન્દ્રિય જીવો છે, તે પર્યાપ્ત - અપર્યાપ્ત ભેદથી બે પ્રકારના કહેલ છે. તે ભેદોને કહેવાતા એવા મારી પાસેથી સાંભળો ! (૧) 'કૃમિઓ' - પેટમાં, ફોડલા વગેરેમાં થનારા નાના જીવો (કરમીયા), (૨) 'મંગલા', (૩) અલસિયાં, (૪) 'માતૃવાહક' - ચૂડેલ, (૫) વાંસલાના આકારના મુખવાળા 'વાસીમુખ' જીવો, (૬) 'શુક્તિકા' - મોતીની છીપ, (૭) 'શંખ', (૮) 'શંખનક' - નાના શંખો - શંખલા, (૯) 'પલ્લક', (૧૦) 'અનુપલ્લક', (૧૧) 'વરાટક' - કોડી, (૧૨) 'જલુકા' - જળો, (૧૩) જાલક અને (૧૪) 'ચંદનક' - 'અક્ષ' ( તે શંખ અને કોડાની માફક દરિયામાં ઉત્પન્ન થાય છે. તે નિર્જીવ થતાં સ્થાપનાચાર્ય કરવા માટે ઉપયોગમાં લેવાય છે.) આ પ્રમાણે અનેક પ્રકારના બેઈન્દ્રિય જીવો લોકના એક પ્રદેશમાં છે, પણ સર્વ ઠેકાણે નથી. તે

પ્રવાહની અપેક્ષાએ અનાદિઅનંત છે અને સ્થિતિની અપેક્ષાએ સાદિસાન્ત છે. ભવસ્થિતિ-બેઈન્દ્રિયોનું ઉત્કૃષ્ટ આયુષ્ય બાર વર્ષ અને જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્ત્તનું કહેલ છે. કાયસ્થિતિ-તેજ કાયને નહિ છોડનાર બેઈન્દ્રિય જીવોની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સંખ્યાત કાળ અને જઘન્ય કાયસ્થિતિ અંતર્મુહૂર્ત્તની છે. અંતરમાન-બેઈન્દ્રિય જીવોનું ઉત્કૃષ્ટ અંતરમાન અનંતકાળનું અને જઘન્ય અંતરમાન અંતર્મુહૂર્ત્તનું છે. આ બેઈન્દ્રિય જીવો વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાનની અપેક્ષાએ હજારો-ઘણા ઘણા પ્રકારવાળા છે. (૧૨૬ થી ૧૩૫ - ૧૫૬૪ થી ૧૫૭૩)

**તેઇન્દિયા ઉજે જીવા, દુવિહા તે પકિત્તિયા;**
**પજ્જત્તમપજ્જત્તા, તેસિં ભેએ સુણેહ મે.** ૧૩૬

**કુન્થૂ પિવીલિઉદ્દંસા, ઉક્કલુદ્દેહિયા તહા;**
**તણહાર કટ્ઠહારા ય, માલૂગા પત્તહારગા.** ૧૩૭

**કપ્પાસટ્ઠિમિંજા ય, તિં દુગા તઉસમિંજગા;**
**સતાવરી ય ગુમ્મી ય, બોદ્ધવ્વા ઇન્દગાઇયા.** ૧૩૮

ઇન્દગોવગમાઈયા, ણેગહા એવમાયઓ;
લોએગદેસે તે સવ્વે, ન સવ્વત્થ વિયાહિયા. ૧૩૯

સંતઇં પપ્પડણાઈયા, અપજ્જવસિયા વિ ય;
ઠિઇં પડુચ્ચ સાઈયા, સપજ્જવસિયા વિ ય. ૧૪૦

એગૂણપન્નડહોરત્તા, ઉક્કોસેણ વિયાહિયા;
તેઇન્દિયઆઉ ઠિઈ, અન્તોમુહુત્તં જહન્નિયા. ૧૪૧

સંખેજ્જકાલમુક્કોસા, અન્તોમુહુત્તં જહન્નિયા;
તેઇન્દયકાયઠિઈ, તં કાયં તુ અમુંચઓ. ૧૪૨

અણન્તકાલમુક્કોસં અન્તોમુહુત્તં જહન્નયં;
તેઇન્દિયજીવાણં, અંતરેયં વિયાહિયં. ૧૪૩

એએસિં વણ્ણઓ ચેવ, ગન્ધઓ રસ-ફાસઓ;
સંઠાણાદેસઓ વા વિ, વિહાણાઇં સહસ્સસો. ૧૪૪

**અર્થ :** તેઈન્દ્રિય જીવો પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદથી બે પ્રકારના છે. તે જીવોના ભેદોને કહેનાર મારી પાસેથી સાંભળો ! (૧) 'કુંથું' - કંથવા, તે બહુ જ બારીક ધોળા રંગના હોય છે, (૨) 'પિપીલી' -

કીડી, (૩) 'ઉદ્દંશ' - માંકડ, (૪) 'ઉત્કલિકા', (૫) 'ઉપદેહિકા' - ઊધેઈ અને (૬) તૃણહાર - કાષ્ઠહાર-માલૂક-પત્રહારક-કર્પાસ-અસ્થિમિંજા-તિંદુક-ત્રપુષ-મિંજક-શતાવી-ગુલ્મી (કાનખજુરો)-ઈન્દ્રકાયિક-ઈન્દ્રગોપ (ગોકળગાય). તેમાં કેટલાક પ્રસિદ્ધ અને કેટલાક સંપ્રદાય પ્રમાણે જાણવા. આ પ્રમાણે અનેક પ્રકારના તેઈન્દ્રિય જીવો લોકના એક ભાગમાં તમામ છે, સર્વત્ર નથી - એમ કહેલ છે. પ્રવાહની અપેક્ષાએ તેઈન્દ્રિય જીવો અનાદિઅનંત છે અને સ્થિતિની અપેક્ષાએ સાદિસાન્ત છે. ભવસ્થિતિ-તેઈન્દ્રિય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ઓગણપચાસ અહોરાત્ર-રાત-દિવસોનું અને જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્ત્તનું છે. કાયસ્થિતિ-પોતાની કાયાને નહિ છોડનાર તેઈન્દ્રિય જીવોની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સંખ્યાત કાળ અને જઘન્ય કાયસ્થિતિ અંતર્મુહૂર્ત્તની છે. અંતરમાન-તેઈન્દ્રિય જીવોનું ઉત્કૃષ્ટ અંતરમાન અનંતકાળનું અને જઘન્ય અંતરમાન અંતર્મુહૂર્ત્તનું છે. આ તેઈન્દ્રિય જીવોના

વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાનની અપેક્ષાએ હજારો-ઘણા ઘણા ભેદો છે. (૧૩૬ થી ૧૪૪ - ૧૫૭૪ થી ૧૫૮૨)

**ચઉરિન્દિયા ઉ જે જીવા, દુવિહા તે પકિત્તિયા;**
**પજ્જત્તમપજ્જત્તા, તેસિં ભેએ સુણેહ મે. ૧૪૫**

**અન્ધિયા પોત્તિયા ચેવ, મચ્છિયા મસગા તહા;**
**ભમરે કીડપયંગે ય, ઢેંકુણે કુક્કુણે તહા. ૧૪૬**

**કુક્કુણે સિંગિરીડી ય, નન્દાવત્તે ય વિંચ્છિએ;**
**ડોલે ભિંગરીડી ય, પિરિલી અચ્છિવેહએ. ૧૪૭**

**અચ્છિલે માહએ, અચ્છિરોડએ વિચિત્તે ચિત્તપત્તએ;**
**ઓહિંજલિયા જલકારી ય, નીયા તન્તવગાઈયા. ૧૪૮**

**ઇઇ ચઉરિન્દિયા, એએ ણેગહા એવમાયઓ;**
**લોગસ્સ એગદેસમ્મિ, તે સવ્વે પરિકિત્તિયા. ૧૪૯**

**સંતઇં પપ્પડણાઈયા, અપજ્જવસિયા વિ ય;**
**ઠિઇં પડુચ્ચ સાઈયા, સપજ્જવસિયા વિ ય. ૧૫૦**

**છચ્ચેવ ય માસા ઊ, ઉક્કોસેણ વિયાહિયા;**
**ચઉરિન્દિયઆઉઠિઈ, અન્તોમુહુત્તં જહન્નિયા.૧૫૧**

**સંખેજ્જકાલમુક્કોસં, અન્તોમુહુત્તં જહન્નિયા;**
**ચઉરિન્દિયકાયઠિઈ, તં કાયં તુ અમુંચઓ. ૧૫૨**

**અણન્તકાલમુક્કોસં, અન્તોમુહુત્તં જહન્નયં;**
**ચઉરિન્દિયજીવાણં, અન્તરેયં વિયાહિયં. ૧૫૩**

**એએસિં વણ્ણઓ ચેવ, ગન્ધઓ રસ-ફાસઓ;**
**સંઠાણાદેસઓ વા વિ, વિહાણાઇં સહસ્સસો. ૧૫૪**

**અર્થ :** ચઉરિન્દ્રિય જીવો પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદથી બે પ્રકારના છે. તેના ભેદોને કહેનાર મારી પાસેથી તમે સાંભળો ! અંધિકા, પૌત્તિકા-મક્ષિકા (માખી), ભ્રમર (ભમરો), કીટપતંગ (આગીયો), ઢિંકુણ (બગાઈ), કુંકુણ, કુક્કુટ, શૃંગરીટી, નંદાવર્ત્ત, વૃશ્ચિક (વીંછી), ડોલા (ખડમાંકડી), ભૃંગરીટીકા, ચિરલી, અક્ષિવેધક, અક્ષિલા, માગધ, અક્ષ, રોડક, વિચિત્ર, ચિત્રપત્રક, ઉપધિજલક, જલકારી, નીચક

અને તામ્રક વગેરે. આ પ્રમાણે ચઉરિન્દ્રિય જીવો કહેલા છે, જે સર્વે લોકના એક ભાગમાં કહેલ છે. પ્રવાહની અપેક્ષાએ તે અનાદિઅનંત છે અને સ્થિતિની અપેક્ષાએ તે સાદિસાન્ત છે. ભવસ્થિતિ-ઉત્કૃષ્ટ આયુષ્ય છ મહિનાનું અને જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્ત્તનું છે. કાયસ્થિતિ-તે કાયને નહિ છોડનાર ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સંખ્યાત કાળની અને જઘન્ય કાયસ્થિતિ અંતર્મુહૂર્ત્તની છે. અંતરમાન-ઉત્કૃષ્ટ અંતરમાન અનંતકાળનું અને જઘન્ય અંતરમાન અંતર્મુહૂર્ત્તનું છે. આ ચઉરિન્દ્રિય જીવોના વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાનની અપેક્ષાએ હજારો-ઘણા ઘણા ભેદો છે. (ઉપરના વર્ણનમાં ભેદો કેટલાક પ્રસિદ્ધ છે, જ્યારે કેટલાક તો તે દેશની પ્રસિદ્ધિથી સંપ્રદાય મુજબ સમજવા.) (૧૪૫ થી ૧૫૪ - ૧૫૮૩ થી ૧૫૯૨)

**પંચિન્દિયા ઉ જે જીવા, ચઉવ્વિહા તે વિયાહિયા;**
**નેરઇયા તિરિક્ખા ય, મણુયા દેવા ય આહિયા.**

**૧૫૫**

**નેરઇયા સત્તવિહા, પુઢવીસુ સત્તસુ ભવે;**
**રયણાભ સક્કરાભા, વાલુયાભા ય આહિયા.૧૫૬**

**પંકાભા ધૂમાભા, તમા તમતમા તહા;**
**ઇઇ નેરઇયા એએ, સત્તહા પરિકિત્તિયા. ૧૫૭**

**લોગસ્સ એગદેસમ્મિ, તે સવ્વે ઉ વિયાહિયા;**
**એત્તો કાલવિભાગં તુ, તેસિં વોચ્છં ચઉવ્વિહં.૧૫૮**

**સંતઇં પપ્પડણાઈયા, અપજ્જવસિયા વિ ય;**
**ઠિઇં પડુચ્ચ સાઈયા, સપજ્જવસિયા વિ ય. ૧૫૯**

**અર્થ :** પંચેન્દ્રિય જીવો નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવોના ભેદથી ચાર પ્રકારના કહેલ છે. તે નારકી જીવો સાત પૃથ્વીમાં હોય છે તેથી તેના સાત ભેદો છે.

(૧) રત્નપ્રભા - રત્નકાંડમાં રહેલ અને ભવનપતિના ભવનમાં રહેલ રત્નોની આભા - પ્રભા (રૂપ) જ્યાં છે, તે રત્નપ્રભા નામની પહેલી પૃથ્વી.

(૨) શર્કરાપ્રભા - નાના પાષાણના ખંડ રૂપ શર્કરાના પ્રભા વાળી બીજી પૃથ્વી.

(૩) વાલુકાપ્રભા - રેતીના પ્રભાવાળી ત્રીજી પૃથ્વી.

(૪) પંકપ્રભા - કાદવના પ્રભાવાળી ચોથી પૃથ્વી.

(૫) ધૂમપ્રભા - ધૂમાડાના પ્રભાવાળી પાંચમી પૃથ્વી. અહીં ધૂમાડો નહિ હોવા છતાં તેના સરખા પુદ્‌ગલોના પરિણામનો સંભવ છે.

(૬) તમઃપ્રભા - અંધારાની પ્રભાવાળી છઠ્ઠી પૃથ્વી.

(૭) તમસ્તમઃપ્રભા-મહાતમ-ચારેય તરફ ગાઢ અંધકારની પ્રભાવાળી સાતમી પૃથ્વી.

આ મુજબ આ સાત નારકીઓ સાત પ્રકારની કહી છે. આ તમામ નારકીઓ લોકના અધોલોક રૂપ એકદેશમાં કહેલ છે. પ્રવાહની અપેક્ષાએ નારકી જીવો અનાદિઅનંત છે અને સ્થિતિની અપેક્ષાએ સાદિસાન્ત છે. (૧૫૫ થી ૧૫૯ - ૧૫૯૩ થી ૧૫૯૭)

સાગરોવમમેગં તુ, ઉક્કોસેણ વિયાહિયા;
પઢમાએ જહન્નેણં, દસવાસસહસ્સિયા. ૧૬૦

તિણ્ણેવ સાગરાઊ, ઉક્કોસેણ વિયાહિયા;
દોચ્ચાએ જહન્નેણં, એગં તુ સાગરોવમં. ૧૬૧

સત્તેવ સાગરાઊ, ઉક્કોસેણ વિયાહિયા;
તઇયાએ જહન્નેણં, તિન્નેવ સાગરોવમા. ૧૬૨

દસ સાગરોવમાઊ, ઉક્કોસેણ વિયાહિયા;
ચઉત્થીએ જહન્નેણં, સત્તેવ ઉ સાગરોવમા. ૧૬૩

સત્તરસ સાગરાઊ, ઉક્કોસેણ વિયાહિયા;
પંચમાએ જહન્નેણં, દસ ચેવ ઉ સાગરોવમા. ૧૬૪

બાવીસ સાગરાઊ, ઉક્કોસેણ વિયાહિયા;
છટ્ઠીએ જહન્નેણં, સત્તરસ સાગરોવમા. ૧૬૫

તેત્તીસ સાગરાઊ, ઉક્કોસેણ વિયાહિયા;
સત્તમાએ જહન્નેણં, બાવીસં સાગરોવમા. ૧૬૬

જા ચેવ ઉ આઉઠિઈ, નેરઇયાણં વિયાહિયા;
સા તેસિં કાયઠિઈ, જહન્નુક્કોસિયા ભવે. ૧૬૭

અણન્તકાલમુક્કોસં, અન્તોમુહુત્તં જહન્નયં;
વિજઢમ્મિ સએ કાએ, નેરઇયાણં તુ અન્તરં. ૧૬૮

એએસિં વણ્ણઓ ચેવ, ગન્ધઓ રસ-ફાસઓ;
સંઠાણાદેસઓ વા વિ, વિહાણાઇં સહસ્સસો. ૧૬૯

| અર્થ : સાત નારકીના નામ | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| ૧-રત્નપ્રભા | દશ હજાર વર્ષ | ૧ સાગરોપમ |
| ૨-શર્કરાપ્રભા | ૧ સાગરોપમ | ૩ સાગરોપમ |
| ૩-વાલુકાપ્રભા | ૩ સાગરોપમ | ૭ સાગરોપમ |
| ૪-પંકપ્રભા | ૭ સાગરોપમ | ૧૦ સાગરોપમ |
| ૫-ધૂમપ્રભા | ૧૦ સાગરોપમ | ૧૭ સાગરોપમ |
| ૬-તમપ્રભા | ૧૭ સાગરોપમ | ૨૨ સાગરોપમ |
| ૭-તમસ્તમપ્રભા | ૨૨ સાગરોપમ | ૩૩ સાગરોપમ |

આ પ્રમાણે સાતેય નારકીઓની આયુષ્ય સ્થિતિ - કાયસ્થિતિ જુદી નહિ હોવાથી ભવસ્થિતિ એ જ કાયસ્થિતિ સમજવી, કારણ કે - સાતેય નારકોમાંથી નારકીઓ ગર્ભજ તિર્યંચ અને ગર્ભજ મનુષ્યોમાં જ પેદા થાય છે. નારકી મરીને તરત જ નારકો થતા નથી.

અંતરમાન-ઉત્કૃષ્ટ અંતરમાન અનંતકાળનું અને જઘન્ય અંતરમાન અંતર્મુહૂર્ત્તનું છે, કેમ કે - જ્યારે કોઈ પણ નારકી જીવ, નરકમાંથી નીકળી, ગર્ભજ પર્યાપ્ત મત્સ્યોમાં પેદા થઈ, અંતર્મુહૂર્ત્તના આયુષ્યવાળો પોતાનું આયુષ્ય પૂર્ણ કરી, કિલષ્ટ અધ્યવસાયના કારણે ફરીથી નરકમાં જ ઉત્પન્ન થાય છે. ત્યારે જઘન્ય અંતર અંતર્મુહૂર્ત્તનું થાય છે - એમ જાણવું. આ નારકી જીવોના વર્ણ - ગંધ - રસ - સ્પર્શ - સંસ્થાનની અપેક્ષાએ હજારો - ઘણા ઘણા ભેદો છે. (૧૬૦ થી ૧૬૯ - ૧૫૯૮ થી ૧૬૦૭)

**પંચિન્દિયતિરિક્ખા ઊ, દુવિહા તે વિયાહિયા;**
**સમુચ્છિમતિરિક્ખા ઊ, ગબ્ભવક્કંતિયા તહા.૧૭૦**

**દુવિહા તે ભવે તિવિહા, જલચરા થલચરા તહા;**
**ખહચરા ય બોદ્ધવ્વા, તેસિં ભેએ સુણેહ મે. ૧૭૧**

**મચ્છા ય કચ્છભા યા, ગાહા ય મગરા તહા;**
**સુંસુમારા ય બોદ્ધવ્વા, પંચહા જલચરાડડહિયા. ૧૭૨**

લોએગદેસે તે સવ્વે, ન સવ્વત્થ વિયાહિયા;
એત્તો કાલવિભાગં તુ, તેસિં વોચ્છં ચઉવ્વિહં.૧૭૩

સંતઇં પપ્પડણાઈયા, અપ્પજ્જવસિયા વિ ય;
ઠિઇં પડુચ્ચ સાઈયા, સપજ્જવસિયા વિ ય. ૧૭૪

એગા ય પુવ્વકોડી ઊ, ઉક્કોસેણ વિયાહિયા;
આઉઠિઈ જલયરાણં, અન્તોમુહુત્તં જહન્નિયા.૧૭૫

પુવ્વકોડીપુહુત્તં તુ, ઉક્કોસેણ વિયાહિયા,
કાયઠિઈ જલયરાણં, અન્તોમુહુત્તં જહન્નિયા.૧૭૬

અણન્તકાલમુક્કોસં, અન્તોમુહુત્તં જહન્નયં;
વિજઢમ્મિ સએ કાએ, જલયરાણં તુ અન્તરં.૧૭૭

અર્થ : સંમૂર્ચ્છિમ તિર્યંચ (ઉત્પત્તિને યોગ્ય સંયોગ પ્રાપ્ત થતાં જ દેહના સર્વ અવયવોનું બધી બાજુથી નિર્માણ થઈ જવા રૂપ સંમૂર્ચ્છન ક્રિયાથી જેમનો જન્મ થાય છે તે.) અને ગર્ભજ તિર્યંચો (માતા-પિતાના સંયોગથી શોણિત અને શુક્રનું મિશ્રણ થવા રૂપ ગર્ભધારણની ક્રિયાથી જેમનો જન્મ થાય

છે તે.) - એમ બે ભેદો પંચેન્દ્રિય તિર્યંચોના કહેલ છે. તે બે ભેદોવાળા તિર્યંચો જલચર-સ્થલચર - ખેચર ભેદોથી ત્રણ પ્રકારના છે. જલચરાદિ ભેદોને કહેનાર મારી પાસેથી તમે સાંભળો ! (૧) મત્સ્ય-તમામ જાતિના માછલાં, (૨) કચ્છપ-કાચબાની જાતિ, (૩) ગ્રાહ-ઝુંડ, (૪) સુંસુમાર - મગરમચ્છની જાતિ અને (૫) મકર-મગર. આ પ્રમાણે પાંચ પ્રકારના જલચરો કહેલ છે. આ સર્વે જલચર જીવો લોકના એકદેશમાં છે પણ સર્વત્ર નથી - એમ કહેલ છે. પ્રવાહની અપેક્ષાએ તે અનાદિઅનંત છે અને સ્થિતિની અપેક્ષાએ તે સાદિસાન્ત છે. ભવસ્થિતિ-ઉત્કૃષ્ટ આયુષ્ય એક પૂર્વક્રોડનું અને જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્તનું છે. કાયસ્થિતિ-ઉત્કૃષ્ટ કાયસ્થિતિ પૂર્વક્રોડ પૃથક્ત્વ (બે ક્રોડ પૂર્વથી માંડી આઠ પૂર્વક્રોડ) છે, કારણ કે - પંચેન્દ્રિય તિર્યંચ કે મનુષ્યોના ઉત્કૃષ્ટથી પણ નિરંતર આઠ જ ભવો થાય છે : તેમનું આયુષ્ય મેળવતાં આટલી જ પૂર્વકોટિઓ થાય :

આમાં જુગલિયાઓ ગણવાના નથી : જઘન્ય કાયસ્થિતિ અંતર્મુહૂર્તની છે. અંતરમાન-ઉત્કૃષ્ટ અંતરમાન અનંતકાળનું અને જઘન્ય અંતરમાન અંતર્મુહૂર્તનું છે. (૧૭૦ થી ૧૭૭ - ૧૬૦૮ થી ૧૬૧૫)

**ચઉપ્પયા ય પરિસપ્પા, દુવિહા થલયરા ભવે;**
**ચઉપ્પયા ચઉવિહા ઉ, તે મે કિત્તયઓ સુણ. ૧૭૮**

**એગખુરા દુખુરા ચેવ, ગંડીપય સણપ્પયા;**
**હયમાઈ-ગોણમાઈ, ગયમાઈસીહમાઇણો. ૧૭૯**

**ભુઓરગ-પરિસપ્પા ય, પરિસપ્પા દુવિહા ભવે;**
**ગોહાઈ અહિમાઈયા, એક્કેક્કા ણેગહા ભવે. ૧૮૦**

**લોએગદેસે તે સવ્વે, ન સવ્વત્થ વિયાહિયા;**
**એત્તો કાલવિભાગં તુ, તેસિં વોચ્છં ચઉવ્વિહં. ૧૮૧**

**સંતઇં પપ્પડણાઈયા, અપજ્જવસિયા વિ ય;**
**ઠિઇં પડુચ્ચ સાઈયા, સપજ્જવસિયા વિ ય. ૧૮૨**

**પલિઓવમા ઉ તિન્નિ ઉ, ઉક્કોસેણ વિયાહિયા;**
**આઉઠિઈ થલયરાણં, અન્તોમુહુત્તં જહન્નિયા. ૧૮૩**

પલિઓવમા ઉ તિન્નિ, ઉક્કોસેણ વિયાહિયા;
પુવ્વકોડી પુહુત્તેણં, અંતોમુહુત્તં જહન્નિયા. ૧૮૪

કાયઠિઈ થલચરાણં, અન્તરં તેસિમં ભવે;
કાલંઅણન્તમુક્કોસં, અન્તોમુહુત્તં જહન્નયં. ૧૮૫

વિજઢંમિ સએકાએ, થલચરાણં તુ અંતરં;
ચમ્મે ઉ લોમપક્ખી ય, તઇયા સમુગ્ગપક્ખી ય.
૧૮૬

વિતતપક્ખી ય બોદ્ધવ્વા, પક્ખિણો ય ચઉવ્વિહા;
લોએગદેસે તે સવ્વે, ન સવ્વત્થ વિયાહિયા. ૧૮૭

**અર્થ :** સ્થલચર જીવો ચતુષ્પદ અને પરિસર્પ ભેદથી બે પ્રકારના છે. ચતુષ્પદો ચાર પ્રકારના છે. તે ભેદોને કહેનાર મારી પાસેથી સાંભળો ! (૧) એક ખરીવાળાં - ઘોડા વગેરે, (૨) બે ખરીવાળાં - ઉંટ - ગાય વગેરે, (૩) ગંડીપદા - પદ્મકર્ણિકા અથવા એરણ જેવા ગોળ પગવાળા હાથી વગેરે, અને (૪) સનખપદા - લાંબા નહોરથી યુક્ત પદવાળા સિંહ વગેરે તેમજ ભુજપરિસર્પ અને ઉર:પરિસર્પ ભેદથી બે પ્રકારના

પરિસર્પો સમજવા. (૧) ભુજા વડે ચાલનારા ભુજપરિસર્પ - નોળીયો, ચંદનઘો વગેરે અને (૨) પેટ વડે ચાલનાર ઉર:પરિસર્પ - સાપ વગેરે. તેઓના દરેકના અનેક ભેદો થાય છે - એમ જાણવું. આ સર્વે સ્થલચર જીવો અનાદિઅનંત છે અને સ્થિતિની અપેક્ષાએ સાદિસાન્ત છે. ભવસ્થિતિ-યુગલિક ચતુષ્પદ તિર્યંચોની ઉત્કૃષ્ટ ભવસ્થિતિં ત્રણ પલ્યોપમની છે : ગર્ભજ ભુજપરિસર્પ અને ઉર:પરિસર્પની ભવસ્થિતિ પૂર્વક્રોડની છે : સંમૂર્ચ્છિમ ભુજપરિસર્પની ભવસ્થિતિ બેંતાલીશ હજાર વર્ષની છે : સંમૂર્ચ્છિમ ઉર:પરિસર્પની ભવસ્થિતિ તેપન હજાર વર્ષની છે : સંમૂર્ચ્છિમ સ્થલચરોની ભવસ્થિતિ ચોરાશી હજાર વર્ષની છે, જ્યારે જઘન્ય કાયસ્થિતિ અંતર્મુહૂર્ત્તની છે. કાયસ્થિતિ-યુગલિક ચતુષ્પદ તિર્યંચોની કાયસ્થિતિ ત્રણ પલ્યોપમની અને ભવસ્થિતિ એ જ કાયસ્થિતિ સમજવી, કેમ કે - યુગલિક ભવ પછી તે તરત જ યુગલિક તિર્યંચ તરીકે

જન્મતા નથી. આ સિવાય સ્થલચર ચતુષ્પદ તિર્યંચોની કાયસ્થિતિ ઉત્કર્ષથી પૂર્વક્રોડ પ્રમાણના આયુષ્યવાળા સાત ભવોની થાય છે, માટે પૂર્વકોટિ પૃથક્ત્વ માનવાળી સમજવી અને જઘન્ય કાયસ્થિતિ અંતર્મુહૂર્ત્તવાળી સમજવી. અંતરમાન-ચતુષ્પદ તિર્યંચોનું ઉત્કૃષ્ટ અંતરમાન અનંતકાળનું અને જઘન્ય અંતરમાન અંતર્મુહૂર્ત્તનું છે.

ખેચર પંખીઓ - (૧) રોમજપક્ષી - રૂંવાટીની બનેલી પાંખવાળા, (૨) ચર્મજપક્ષી - ચામડાની બનેલી પાંખવાળા, (૩) સમુદ્ગપક્ષી - નરલોકની બહાર બીડાયેલી પાંખવાળા અને (૪) વિતતપક્ષી - નરલોકની બહાર સતત્ ઉઘાડી પાંખવાળા - એમ ચાર પ્રકારના છે. તે સર્વે ખેચર તિર્યંચો લોકના એકભાગમાં છે પણ સર્વત્ર નથી - એમ કહેલ છે. (૧૭૮ થી ૧૮૭ - ૧૬૧૬ થી ૧૬૨૫)

**સંતઇં પપ્પડણાઇયા, અપજ્જવસિયા વિ ય;**
**ઠિઇં પડુચ્ચ સાઇયા, સપજ્જવસિયા વિ ય. ૧૮૮**

પલિઓવમસ્સ ભાગો, અસંખેજ્જઇમો ભવે;
આઉઠિઈ ખહચરાણં, અન્તોમુહુત્તં જહન્નિયા.૧૮૯
અસંખભાગો પલિયસ્સ, ઉક્કોસેણ ઉ સાહિઓ;
પુવ્વકોડિપુહુત્તેણં, અન્તોમુહુત્તં જહન્નિયા. ૧૯૦
કાય ઠિઈ ખહચરાણં, અન્તરં તેસિમં ભવે;
કાલં અણન્તમુક્કોસં, અન્તોમુહુત્તં જહન્નયં; ૧૯૧
એએસિં વણ્ણઓ ચેવ, ગન્ધઓ રસ-ફાસઓ;
સંઠાણાદેસઓ વા વિ, વિહાણાઇં સહસ્સસો. ૧૯૨

**અર્થ** : પ્રવાહની અપેક્ષાએ ખેચર તિર્યંચો અનાદિઅનંત છે અને સ્થિતિની અપેક્ષાએ સાદિસાન્ત છે. ભવસ્થિતિ - ગર્ભજ યુગલિક પંખીઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલું જાણવું : તે સિવાય ગર્ભજ પખીઓનું પૂર્વક્રોડ વર્ષનું અને સંમૂર્ચ્છિમ પંખીઓનું બહોંતેર હજાર વર્ષનું આયુષ્ય છે : જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્ત્તનું છે. કાયસ્થિતિ-યુગલિક પંખીઓની પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી ઉત્કૃષ્ટ ભવસ્થિતિ એ જ

કાયસ્થિતિ સમજવી : તે સિવાયના ખેચરોની કાયસ્થિતિ પૂર્વકોટિ પૃથક્ત્વની છે : જઘન્ય કાયસ્થિતિ અંતર્મુહૂર્ત્તની છે. અંતરમાન-ઉત્કૃષ્ટ અંતરમાન અનંતકાળનું અને જઘન્ય અંતરમાન અંતર્મુહૂર્ત્તનું છે. આ જલચર-સ્થલચર-ખેચરોના વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાનની અપેક્ષાએ હજારો-ઘણા ઘણા ભેદો છે. (૧૮૮ થી ૧૯૨ - ૧૬૨૬ થી ૧૬૩૦)

**મણુયા દુવિહભેયા ઉ, તે મે કિત્તયઓ સુણ;**
**સંમુચ્છિમા ય મણુયા, ગબ્ભવક્કન્તિયા તહા.** ૧૯૩

**ગબ્ભવક્કન્તિયા જે ઉ, તિવિહા તે વિયાહિયા;**
**અકમ્મ-કમ્મભૂમા ય, અન્તરદ્દીવયા તહા.** ૧૯૪

**પન્નરસ-તીસઇવિહા, ભેયા અટ્ઠવીસઇં;**
**સંખા ઉ કમસો તેસિં, ઇઇ એસા વિયાહિયા.** ૧૯૫

**સંમુચ્છિમાણ એસેવ, ભેઓ હોઇ આહિઓ;**
**લોગસ્સ એગદેસમ્મિ, તે સવ્વે વિ વિયાહિયા.** ૧૯૬

સંતઇં પપ્પડણાઈયા, અપજ્જવસિયા વિ ય;
ઠિઇં પડુચ્ચ સાઈયા, સપજ્જવસિયા વિ ય. ૧૯૭
પલિઓવમાઇં તિન્નિ ઉ, ઉક્કોસેણ વિયાહિયા;
આઉઠિઈ મણુયાણં, અન્તોમુહુત્તં જહન્નિયા. ૧૯૮
પલિઓવમાઇં તિણ્ણિ ઉ, ઉક્કોસેણ વિયાહિયા;
પુવ્વકોડિપુહુત્તેણં, અન્તોમુહુત્તં જહન્નિયા. ૧૯૯
કાયઠિઈ મણુયાણં, અન્તરં તેસિમં ભવે;
અણન્તકાલમુક્કોસં, અન્તોમુહુત્તં જહન્નયં. ૨૦૦
એએસિં વણ્ણઓ ચેવ, ગન્ધઓ રસ-ફાસઓ;
સંઠાણાદેસઓ વા વિ, વિહાણાઈં સહસ્સસો. ૨૦૧

**અર્થ :** સંમૂર્ચ્છિમ મનુષ્ય (જે મન વગરના અને ગર્ભજ મનુષ્યના વમન વગેરે સર્વ અશુચિ સ્થાનકોમાં ઉત્પન્ન થનારા, અંતર્મુહૂર્ત્તના આયુષ્યવાળા અને અપર્યાપ્ત દશામાં મરણ પામનારા છે તે.) અને ગર્ભ જ મનુષ્ય - એમ બે પ્રકારે મનુષ્યો છે. તે બન્નેના ભેદોને કહેનાર મારી પાસેથી સાંભળો ! જે ગર્ભજ મનુષ્યો છે,

તે અકર્મભૂમિ (જ્યાં કૃષિવાણિજ્ય વગેરે કર્મો નથી, તે અકર્મભૂમિ રૂપ હૈમવત વગેરે ક્ષેત્રોમાં ઉત્પન્ન થનારા યુગલિયાઓ આકર્મભૂમિ કહેવાય છે.) ભરતક્ષેત્રમાં પેદા થયે કર્મભૂમિ કહેવાય છે. સમુદ્ર મધ્યરૂપ અંતરમાં જે દ્વીપો, તે અંતરદ્વીપોમાં પેદા થયેલ અંતરદ્વીપજ કહેવાય છે. આમ અકર્મભૂમિ, કર્મભૂમિ અને અંતરદ્વીપ જ ત્રણ પ્રકારના છે. ત્યાં 'કર્મભૂમિ' - પાંચ ભરત, પાંચ ઐરવત, પાંચ મહાવિદેહ રૂપ પંદર કર્મભૂમિમાં પેદા થનાર હોઈ કર્મભૂમિના પંદર ભેદો છે. 'અકર્મભૂમિ' - પાંચ હૈમવત, પાંચ હરિવર્ષ પાંચ રમ્યકવર્ષ, પાંચ હૈરણ્યવત, પાંચ દેવકુરૂ અને પાંચ ઉત્તરકુરૂ મળીને ત્રીશ અકર્મભૂમિમાં પેદા થનાર તે અકર્મભૂમિ છે.

'અંતરદ્વીપજ' - અંતરદ્વીપોની સંખ્યા અઠ્ઠાવીશ હોવાથી અંતરદ્વીપ તેટલા છે. હિમવંત પર્વતના પૂર્વ અને પશ્ચિમ પ્રાન્તમાં ચાર વિદિશામાં ફેલાયેલ કોટિઓમાં ત્રણસો ત્રણસો યોજનો અવગાહીને લંબાઈ

અને પહોળાઈમાં તેટલા જ યોજનવાળા પહેલાના ચાર અંતરદ્વીપો છે. તેના કરતાં એકસો એકસો યોજન વૃદ્ધિવાળી અવગાહનાથી ચારસો ચારસો યોજન લંબાઈ - પહોળાઈવાળા બીજા ૭ અંતરદ્વીપો સમજવા. આ અંતરદ્વીપજોના ઈશાન વગેરે વિદિશાના ક્રમથી પહેલા ચતુષ્કના (૧) એકોરૂક, (૨) આભાષિક, (૩) વૈષાણિક અને (૪) લાંગુલિક : બીજા ચતુષ્કના (૧) હયકર્ણ, (૨) ગજકર્ણ, (૩) ગોકર્ણ અને (૪) શષ્કુલીકર્ણ : ત્રીજા ચતુષ્કના (૧) આદર્શમુખ, (૨) મેષમુખ, (૩) હયમુખ અને (૪) ગજમુખ : ચોથા ચતુષ્કના (૧) અશ્વમુખ, (૨) હસ્તિમુખ, (૩) સિંહમુખ અને (૪) વ્યાઘ્રમુખ : પાંચમા ચતુષ્કના (૧) અશ્વકર્ણ, (૨) સિંહકર્ણ, (૩) ગજકર્ણ અને (૪) કર્ણપ્રાવરણ : છઠ્ઠા ચતુષ્કના (૧) ઉલ્કામુખ, (૨) વિદ્યુન્મુખ, (૩) જિહ્‌વામુખ અને (૪) મેઘમુખ : તેમજ સાતમા ચતુષ્કના (૧) ઘનદંત, (૨) ગૂઢદંત, (૩) શ્રેષ્ઠદંત અને (૪) શુદ્ધદંત : આ દરેકના ચાર ચાર નામો

છે. આ દ્વીપોમાં દ્વીપ નામના સરખા નામવાળા જ જુગલિયાઓ રહે છે.

એવી રીતે આ શિખરીના પણ પૂર્વ અને પશ્ચિમ વિદિશાઓમાં ફેલાયેલ કોટિ (કિનારા)માં પૂર્વોક્ત ન્યાયથી અઠ્ઠાવીશ છે. સર્વની સમતા હોવાથી આના ભેદની વિવક્ષા કરેલ નથી.

સંમૂર્ચ્છિમોનો આ જ ભેદ જે ગર્ભજોનો છે, તે ગર્ભજોના વાત-પિત્તાદિમાં પેદા થાય છે, માટે આ સર્વ મનુષ્યો લોકના એકભાગમાં છે - એમ કહેલ છે. પ્રવાહની અપેક્ષાએ તે અનાદિઅનંત અને સ્થિતિની અપેક્ષાએ તે સાદિસાન્ત છે. ભવસ્થિતિ-યુગલિકોની ઉત્કૃષ્ટ ભવસ્થિતિ ત્રણ પલ્યોપમની અને જઘન્ય ભવસ્થિતિ અંતર્મુહૂર્ત્તની છે, જ્યારે સંમૂર્ચ્છિમ મનુષ્યોની ઉત્કૃષ્ટ-જઘન્ય ભવસ્થિતિ અંતર્મુહૂર્ત્તની છે. કાયસ્થિતિ-યુગલિકોની ભવસ્થિતિ એ જ કાયસ્થિતિ સમજવી. તે સિવાયના મનુષ્યોની કાયસ્થિતિ પૂર્વકોટિ પૃથક્ત્વની છે. અંતરમાન-

ઉત્કૃષ્ટ અંતરમાન અનંતકાળનું અને જઘન્ય અંતરમાન અંતર્મુહૂર્ત્તનું છે. આ મનુષ્યોના વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાનની અપેક્ષાએ હજારો-ઘણા ઘણા ભેદો છે. (૧૯૩ થી ૨૦૧ - ૧૬૩૧ થી ૧૬૩૯)

**દેવા ચઉવ્વિહા વુત્તા, તે મે કિત્તયઓ સુણ;**
**ભોમેજ્જ વાણમન્તર, જોઇસ વેમાણિયા તહા.** **૨૦૨**

**દસહા ઉ ભવણવાસી, અટ્ઠહા વણચારિણો;**
**પંચવિહા જોઇસિયા, દુવિહા વેમાણિયા તહા. ૨૦૩**

**અસુરા નાગસુવણ્ણા, વિજ્જૂ અગ્ગી ય આહિયા;**
**દીવોદહિ દિસા વાયા, થણિયા ભવણવાસિણો.** **૨૦૪**

**પિસાય ભૂયા જક્ખા ય, રક્ખસા કિન્નરા ય કિંપુરિસા;**
**મહોરગા ય ગન્ધવ્વા, અટ્ઠવિહા વાણમન્તરા. ૨૦૫**

**ચન્દા સૂરા ય નક્ખત્તા, ગહા તારાગણા તહા;**
**દિસા વિચારિણો ચેવ, પંચહા જોઇસાલયા. ૨૦૬**

**અર્થ** : ભૌમેય (ભૂમિમાં પેદા થનાર) - ભવનપતિ-વાણવ્યંતર-જ્યોતિષ્ક-વૈમાનિક-એમ ચાર ભેદો દેવના કહેલા છે. તે ભેદોને કહેનાર મારી પાસેથી સાંભળો ! ભવનપતિના દશ, વનચારી-વાણવ્યંતરના આઠ, જયોતિષ્કના પાંચ અને વૈમાનિકના બે પ્રકાર છે. દશ ભવનપતિ - (૧) અસુરકુમાર (કુમારની માફક ક્રીડાપ્રિય હોઈ, વેષ-ભાષા-શસ્ત્ર-યાન વગેરે ભૂષાપરાયણ હોઈ કુમાર કહેવાય છે.), (૨) નાગકુમાર, (૩) સુવર્ણકુમાર, (૪) વિદ્યુત્કુમાર, (૫) અગ્નિકુમાર, (૬) દ્વીપકુમાર, (૭) ઉદધિકુમાર, (૮) દિગ્કુમાર, (૯) વાયુકુમાર અને (૧૦) સ્તનિતકુમાર.

આઠ વ્યંતરો-પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરુષ, મહોરગ અને ગંધર્વ. (બીજા પણ આઠ વાણવ્યંતરોનો આમાં અંતર્ભાવ કરવો.)

પાંચ જ્યોતિષ્કો-ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર, ગ્રહ અને તારા - એમ સ્થિત (મનુષ્યક્ષેત્રની બહાર સ્થિર જ છે.)

અને વિચારી (મેરૂની પ્રદક્ષિણા દેવા રૂપ વિશેષથી ચાલનાર-ચરજ્યોતિષ્ક છે.) છે. (૨૦૨ થી ૨૦૬ - ૧૬૪૦ થી ૧૬૪૪)

**વેમાણિયા ઉ જે દેવા, દુવિહા તે વિયાહિયા;**
**કપ્પોવગા ય બોદ્ધવ્વા, કપ્પાઈયા તહેવ ય. ૨૦૭**

**કપ્પોવગા બારસહા, સોહમ્મીસાણગા તહા;**
**સણંકુમારા માહિંદા, બંભલોગા ય લંતગા. ૨૦૮**

**મહાસુક્કા સહસ્સારા, આણયા પાણયા તહા;**
**આરણા અચ્ચુયા ચેવ, ઇઇ કપ્પોવગા સુરા. ૨૦૯**

**કપ્પાઈયા ઉ જે દેવા, દુવિહા તે વિયાહિયા;**
**ગેવેજ્જાડણુત્તરા ચેવ, ગેવેજ્જા નવવિહા તહિં. ૨૧૦**
**હેટ્ઠિમાહેટ્ઠિમા ચેવ, હેટ્ઠિમા મજ્ઝિમા તહા;**
**હેટ્ઠિમા ઉવરિમા ચેવ, મજ્ઝિમા હેટ્ઠિમા તહા. ૨૧૧**

**મજ્ઝિમા મજ્ઝિમા ચેવ, મજ્ઝિમા ઉવરિમા તહા;**
**ઉવરિમા હેટ્ઠિમા ચેવ, ઉવરિમા મજ્ઝિમા તહા.**
**૨૧૨**

ઉવરિમા ઉવરિમા ચેવ, ઇઇ ગેવેજ્જગા સુરા;
વિજયા વેજયન્તા ચ, જયન્તા અપરાજિયા. ૨૧૩

સવ્વટ્ઠસિદ્ધગા ચેવ, પંચહાડણુત્તરા સુરા;
ઇઇ વેમાણિયા, એએડણેગહા એવમાદઓ. ૨૧૪

લોગસ્સ એગદેસમ્મિ, તે સવ્વે પરિકિત્તિયા;
એત્તો કાલવિભાગં તુ, તેસિં વોચ્છં ચઉવ્વિહં. ૨૧૫

સંતઇં પપ્પડણાઈયા, અપજ્જવસિયા વિ ય;
ઠિઇં પડુચ્ચ સાઈયા, સપજ્જવસિયા વિ ય. ૨૧૬

સાહીયં સાગરં એક્કં, ઉક્કોસેણ ઠિઈ ભવે;
ભોમેજ્જાણ જહન્નેણં, દસવાસસહસ્સિયા. ૨૧૭

પલિઓવમમેગં તુ, ઉક્કોસેણ ઠિઈ ભવે;
વન્તરાણં જહન્નેણં, દસવાસસહસ્સિયા. ૨૧૮

પલિઓવમમેગં તુ એગં, વાસલક્ખેણ સાહિયં;
પલિઓવમટ્ઠભાગો, જોઇસેસુ જહન્નિયા. ૨૧૯

અર્થ : કલ્પોપન્ન (સૌધર્મ વગેરે દેવલોક રૂપ કલ્પોમાં રહેનારા) અર્થાત્ સૌધર્મ વગેરે દેવલોકના દેવો

અને કલ્પાતીત (કલ્પોના ઉપર રહેલ સ્થાનમાં ઉત્પન્નતા હોવાથી) ગ્રૈવેયક-અનુત્તર વિમાનવાસી દેવો, એમ જે વૈમાનિક દેવો છે તે બે પ્રકારના કહેલ છે. કલ્પોપન્ન દેવો સ્વર્ગના નામવાળા બાર પ્રકારના છે. તે આ પ્રમાણે - સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ અને અચ્યુત જાણવા. હવે જે કલ્પાતીત દેવો છે તે બે પ્રકારના ગ્રૈવેયક (ગ્રૈવેયકમાં પેદા થનાર) અને અનુત્તર (અનુત્તરોમાં પેદા થનાર) છે. હવે ગ્રૈવેયકો નવ પ્રકારના છે. ગ્રૈવેયકોમાં ત્રણ ત્રિકો (ત્રણનો સમૂહ) છે. પ્રથમ ત્રિક-અધસ્તન (નીચે રહેલ હોઈ) હોઈ હિટ્ઠિમ કહેવાય છે. પ્રથમ ત્રિકમાં પ્રથમ ગ્રૈવેયક અધસ્તન હોઈ હિટ્ઠિમહિટ્ઠિમ કહેવાય છે. ત્યાં ઉત્પન્ન થનાર દેવો હિટ્ઠિમાહિટ્ઠિમો કહેવાય છે. (૧) હિટ્ઠિમમધ્યમો અને (૨) હિટ્ઠિમઉપરિમો. બીજી ત્રિક-મધ્યમાહિટ્ઠિમો, મધ્યમામધ્યમો અને મધ્યમાઉપરિમો. ત્રીજી ત્રિક-ઉપર રિમાહિટ્ઠિમો,

ઉપરિમામધ્યમો અને ઉપરિમાઉપરિમો. આ પ્રમાણે નવ ગ્રૈવેયક સુરો જાણવા. વિજય-વૈજયંત-જયંત-અપરાજિત-સર્વાર્થસિદ્ધ, એમ પાંચ પ્રકારના અનુત્તર સુરો છે. આ મુજબ આ વૈમાનિક દેવો અનેક પ્રકારના કહેલ છે. આ બધા વૈમાનિક દેવો લોકના એકભાગમાં છે - એમ કહેલ છે. હવે પછી તે દેવોના ચાર પ્રકારના કાલવિભાગને હું કહીશ. પ્રવાહની અપેક્ષાએ તે અનાદિ-અનંત છે અને સ્થિતિની અપેક્ષાએ તે સાદિસાન્ત છે.

ભવસ્થિતિ-ભવનપતિ દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય કાંઈક અધિક એક સાગરોપમનું છે અને જઘન્ય આયુષ્ય દશ હજાર વર્ષનું છે. વ્યંતર દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક પલ્યોપમનું છે અને જઘન્ય આયુષ્ય દશ હજાર વર્ષનું છે. જ્યોતિષી દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય લાખ વર્ષોથી અધિક એક પલ્યોપમનું છે અને જઘન્ય આયુષ્ય એક પલ્યોપમના આઠમા ભાગનું છે.

(આ ઉત્કૃષ્ટ સ્થિતિ ચંદ્રવિમાન દેવોની અને

જઘન્ય સ્થિતિ તારાવિમાનના દેવોની છે - એમ સમજવું.) (૨૦૭ થી ૨૧૯ - ૧૬૪૫ થી ૧૬૫૭)

**દો ચેવ સાગરાઇં, ઉક્કોસેણ વિયાહિયા;**
**સોહમ્મમ્મિ જહન્નેણં, એગં તુ પલિઓવમં. ૨૨૦**

**સાગરા સાહિયા દોણ્ણિ, ઉક્કોસેણ વિયાહિયા;**
**ઈસાણમ્મિ જહન્નેણં, સાહિયં પલિઓવમં. ૨૨૧**

**સાગરાણિ ય સત્તેવ, ઉક્કોસેણ ઠિઈ ભવે;**
**સણંકુમારે જહન્નેણં, દોન્નિ ઊ સાગરોવમા. ૨૨૨**

**સાહિયા સાગરા સત્ત, ઉક્કોસેણ ઠિઈ ભવે;**
**માહિન્દમ્મિ જહન્નેણં, સાહિયા દોન્નિ સાગરા. ૨૨૩**

**દસ ચેવ સાગરાઇં, ઉક્કોસેણ ઠિઈ ભવે;**
**બમ્ભલોએ જહન્નેણં, સત્ત ઊ સાગરોવમા. ૨૨૪**

**ચોદ્દસ ઉ સાગરાઇં, ઉક્કોસેણ ઠિઈ ભવે;**
**લન્તગમ્મિ જહન્નેણં, દસ ઊ સાગરોવમા. ૨૨૫**

**સત્તરસ સાગરાઇં, ઉક્કોસેણ ઠિઈ ભવે;**
**મહાસુક્કે જહન્નેણં, ચોદ્દસ સાગરોવમા. ૨૨૬**

અટ્ઠારસ સાગરાઇં, ઉક્કોસેણ ઠિઈ ભવે;
સહસ્સારે જહન્નેણં, સત્તરસ સાગરોવમા. ૨૨૭

સાગરા અઉણવીસં તુ, ઉક્કોસેણ ઠિઈ ભવે;
આણયમ્મિ જહન્નેણં, અટ્ઠારસ સાગરોવમા. ૨૨૮

વીસં તુ સાગરાઇં, ઉક્કોસેણ ઠિઈ ભવે;
પાણયમ્મિ જહન્નેણં, સાગરા અઉણવીસઈ. ૨૨૯

સાગરા એક્કવીસં તુ, ઉક્કોસેણ ઠિઈ ભવે;
આરણમ્મિ જહન્નેણં, વીસઇં સાગરોવમા. ૨૩૦

બાવીસ સાગરાઇં, ઉક્કોસેણ ઠિઈ ભવે;
અચ્ચુયમ્મિ જહન્નેણં, સાગરા એક્કવીસઇ. ૨૩૧

તેવીસ સાગરાઇં, ઉક્કોસેણ ઠિઈ ભવે;
પઢમમ્મિ જહન્નેણં, બાવીસં સાગરોવમા. ૨૩૨

ચઉવીસ સાગરાઇં, ઉક્કોસેણ ઠિઈ ભવે;
બિઇયમ્મિ જહન્નેણં, તેવીસં, સાગરોવમા. ૨૩૩

પણવીસ સાગરાઇં, ઉક્કોસેણ ઠિઈ ભવે;
તઇયમ્મિ જહન્નેણં, ચઉવીસં સાગરોવમા. ૨૩૪

છવ્વીસ સાગરાઇં, ઉક્કોસેણ ઠિઈ ભવે;
ચઉત્થમ્મિ જહન્નેણં, સાગરા પણવીસઇં. ૨૩૫

સાગરા સત્તવીસં તુ, ઉક્કોસેણ ઠિઈ ભવે;
પંચમમ્મિ જહન્નેણં, સાગરા ઉ છવીસઇં. ૨૩૬

સાગરા અટ્ઠવીસં તુ, ઉક્કોસેણ ઠિઈ ભવે;
છટ્ઠમ્મિ જહન્નેણં, સાગરા સત્તવીસઇં. ૨૩૭

સાગરા અઉણતીસં તુ, ઉક્કોસેણ ઠિઈ ભવે;
સત્તમમ્મિ જહન્નેણં, સાગરા અટ્ઠવીસઇં. ૨૩૮

તીસં તુ સાગરાઇં, ઉક્કોસેણ ઠિઈ ભવે;
અટ્ઠમમ્મિ જહન્નેણં, સાગરા અઉણતીસઇં. ૨૩૯

સાગરા એક્કતીસં તુ, ઉક્કોસેણ ઠિઈ ભવે;
નવમમ્મિ જહન્નેણં, તીસઇં સાગરોવમા. ૨૪૦

તિત્તીસ સાગરાઇં, ઉક્કોસેણ ઠિઈ ભવે;
ચઉસું પિ વિજયાઈસું, જહન્નેણં એગતીસઈં. ૨૪૧

અજહન્નમણુક્કોસં, તિત્તીસં સાગરોવમા;
મહાવિમાણ સવ્વટ્ઠે, ઠિઈ એસા વિયાહિયા. ૨૪૨

જા ચેવ ય આઉઠિઈ, દેવાણં તુ વિયાહિયા;
સા તેસિં કાયઠિઈ, જહન્નમુક્કોસિયા ભવે. ૨૪૩

અણન્તકાલમુક્કોસં, અન્તોમુહુત્તં જહન્નયં;
વિજઢમ્મિ સએ કાએ, દેવાણં હોજ્જ અન્તરં.
૨૪૪

એએસિં વણ્ણઓ ચેવ, ગન્ધઓ રસ-ફાસઓ;
સંઠાણાદેસઓ વા વિ, વિહાણાઇં સહસ્સસો. ૨૪૫

અર્થ :

| ૧૨ દેવલોકનાં નામો | જઘન્ય આયુષ્ય | ઉત્કૃષ્ટ આયુષ્ય |
|---|---|---|
| ૧. સૌધર્મ | ૧ પલ્યોપમ | ૨ સાગરોપમ |
| ૨. ઈશાન | ૧ પલ્યોપમથી અધિક | ૨ સાગરોપમથી અધિક |
| ૩. સનત્કુમાર | ૨ સાગરોપમ | ૭ સાગરોપમ |
| ૪. માહેન્દ્ર | ૨ સાગરોપમથી અધિક | ૭ સાગરોપમથી અધિક |
| ૫. બ્રહ્મલોક | ૭ સાગરોપમ | ૧૦ સાગરોપમ |
| ૬. લાંતક | ૧૦ સાગરોપમ | ૧૪ સાગરોપમ |
| ૭. મહાશુક્ર | ૧૪ સાગરોપમ | ૧૭ સાગરોપમ |
| ૮. સહસ્રાર | ૧૭ સાગરોપમ | ૧૮ સાગરોપમ |

| | | |
|---|---|---|
| ૯. આનત | ૧૮ સાગરોપમ | ૧૯ સાગરોપમ |
| ૧૦. પ્રાણત | ૧૯ સાગરોપમ | ૨૦ સાગરોપમ |
| ૧૧. આરણ | ૨૦ સાગરોપમ | ૨૧ સાગરોપમ |
| ૧૨. અચ્યુત | ૨૧ સાગરોપમ | ૨૨ સાગરોપમ |
| **નવ ગ્રૈવેયકનાં નામો** | **જઘન્ય આયુષ્ય** | **ઉત્કૃષ્ટ આયુષ્ય** |
| ૧. સુદર્શન | ૨૨ સાગરોપમ | ૨૩ સાગરોપમ |
| ૨. સુપ્રતિબદ્ધ | ૨૩ સાગરોપમ | ૨૪ સાગરોપમ |
| ૩. મનોરમ | ૨૪ સાગરોપમ | ૨૫ સાગરોપમ |
| ૪. સર્વતોભદ્ર | ૨૫ સાગરોપમ | ૨૬ સાગરોપમ |
| ૫. સુવિશાલ | ૨૬ સાગરોપમ | ૨૭ સાગરોપમ |
| ૬. સુમનસ | ૨૭ સાગરોપમ | ૨૮ સાગરોપમ |
| ૭. સૌમનસ | ૨૮ સાગરોપમ | ૨૯ સાગરોપમ |
| ૮. પ્રિયંકર | ૨૯ સાગરોપમ | ૩૦ સાગરોપમ |
| ૯. આદિત્ય | ૩૦ સાગરોપમ | ૩૧ સાગરોપમ |

વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત - આ ચાર અનુત્તરોમાં ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમનું અને જઘન્ય એકત્રીશ સાગરોપમનું આયુષ્ય છે. મહા વિમાન

સર્વાર્થસિદ્ધમાં ઉત્કૃષ્ટ કે જઘન્ય તેત્રીશ સાગરોપમનું આયુષ્ય સમજવું. જે દેવોની આયુષ્યસ્થિતિ કહી તે જ ભવસ્થિતિ સમજવી, કેમ કે - દેવો મરીને ફરીથી દેવપણામાં ઉત્પન્ન થતાં નથી.

અંતરદ્વાર - ઉત્કૃષ્ટ અનંતકાળનું અને જઘન્ય અંતર્મુહૂર્ત્તનું અંતરદ્વાર છે. આ દેવોના ભેદો વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાનની અપેક્ષાએ હજારો-ઘણા ઘણા છે. (૨૨૦ થી ૨૪૫ - ૧૬૫૮ થી ૧૬૮૩)

**સંસારત્થા ય સિદ્ધા ય, ઇતિ જીવા વિયાહિયા;**
**રૂવિણો ચેવડરૂવી ય, અજીવા દુવિહા વિ ય. ૨૪૬**

**અર્થ :** સિદ્ધ અને સંસારસ્થ-એમ બે પ્રકારના આ પ્રમાણે જીવો કહેલ છે. અજીવો પણ રૂપી અને અરૂપી ભેદથી બે પ્રકારના છે. (૨૪૬ - ૧૬૮૪)

**ઇતિ જીવમજીવે ય, સોચ્ચા સદ્દહિઊણ ય;**
**સવ્વનયાણ અણુમએ, રમેજ્જા સંજમે મુણી. ૨૪૭**

**અર્થ :** આ પ્રમાણે જીવ અને અજીવોને સાંભળીને તથા તેની શ્રદ્ધા કરીને, જ્ઞાન અને ક્રિયામાં

અંતર્ગત નૈગમ વગેરે સર્વનયસંમત સંયમમાં મુનિ રમે !
(૨૪૭-૧૬૮૫)

**તઓ બહૂણિ વાસાણિ, સામણ્ણમણુપાલિયા;**
**ઇમેણ કમજોએણ, અપ્પાણં સંલિહે મુણી. ૨૪૮**

**બારસેવ ઉ વાસાઇં, સંલેહુક્કોસિયા ભવે;**
**સંવચ્છર મજ્ઝિમિયા, છમ્માસે ય જહન્નિયા. ૨૪૯**

**પઢમે વાસચઉક્કમ્મિ, વિગઇ-નિજ્જૂહણં કરે;**
**બિતિએ વાસચઉક્કમ્મિ, વિચિત્તં તુ તવં ચરે. ૨૫૦**

**એગન્તરમાયામં, કટ્ટૂ સંવચ્છરે દુવે;**
**તઓ સંવચ્છરદ્ધં તુ, નાઇવિગિટ્ઠં તવં ચરે.**
**૨૫૧**

**તઓ સંવચ્છરદ્ધં તુ, વિગિટ્ઠં તુ તવં ચરે;**
**પરિમિયં ચેવ આયામં, તમ્મિ સંવચ્છરે કરે. ૨૫૨**

**કોડીસહિયમાયામં કટ્ટૂ સંવચ્છરે મુણી;**
**માસદ્ધમાસિએણં તુ, આહારેણં તવં ચરે. ૨૫૩**

**અર્થ :** ઘણા વર્ષો સુધી શ્રમણ અવસ્થાનું પાલન

કરી, આ કર્મયોગથી (તપના અનુષ્ઠાન રૂપ યોગ) દ્રવ્ય અને ભાવથી સંલેખના કરે ! દ્રવ્યને અને ભાવને કૃશ - પાતળા કરે ! બાર વર્ષો સુધીની સંલેખના - દ્રવ્યથી શરીરને કૃશ બનાવવા રૂપ અને ભાવથી કષાયોને કૃશ - પાતળા બનાવવા રૂપ સંલેખના ઉત્કૃષ્ટ થાય છે. એક વર્ષની મધ્યમ થાય છે, જ્યારે છ મહિના સુધીની જઘન્ય થાય છે. ઉત્કૃષ્ટ સંલેખનાના ક્રમયોગને કહે છે કે - પહેલાંના ચાર વર્ષોમાં વિચિત્ર તપના પારણામાં વિગઈઓનો ત્યાગ કરે ! બીજા ચાર વર્ષોમાં વિચિત્ર જ - છઠ્ઠ - અઠ્ઠમ આદિ તપ કરે અને પારણામાં સર્વ કલ્પનીય લઈ શકે છે. બે વર્ષોમાં એકાન્તરે ઉપવાસ કરી પારણામાં આયંબીલનો તપ કરે. છ મહિના સુધી અતિ ઉત્કૃષ્ટ અઠ્ઠમ-દશમ વગેરે તપ ન કરે ! છ મહિના સુધી વિકૃષ્ટ - ચતુર્થાદિ ઉત્કૃષ્ટ તપ કરે અને પારણામાં પરિમિત જ આયંબીલ કરે ! બારમે વર્ષે નિરંતર આયંબીલનો તપ કરે ! અર્થાત્ વિવક્ષિત દિને આયંબીલ કરીને ફરીથી બીજા દિવસે આયંબીલનું જ પચ્ચક્ખાણ

કરે છે, તેથી પ્રથમની પર્યંત કોટિ અને બીજાની પ્રારંભ કોટિ - એમ બે કોટિ ભેગી થાય છે. તેથી તે કોટિ સહિત આયંબીલ - નિરંતર આયંબીલ કરીને, બારમે વર્ષે છેવટના માસખમણ કે પાખખમણ દ્વારા ભક્તપરિજ્ઞા આદિ રૂપ અનશન તપ મુનિ કરે ! આ પ્રમાણે અનશન પામનારને પણ મિથ્યાત્વ આદિ અશુભ ભાવનાઓ અનર્થ હેતુ છે, જ્યારે તેનાથી વિપર્યય રૂપ સમ્યક્ત્વ વગેરે શુભ ભાવનાઓ શુભ હેતુ છે - એ વિષયને કહે છે. (૨૪૮ થી ૨૫૩ - ૧૬૮૬ થી ૧૬૯૧)

**કન્દપ્પમાભિઓગં, કિબ્બિસિયં મોહમાસુરુત્તં ચ;**
**એયાઓ દોગ્ગઈઓ, મરણમ્મિ વિરાહિયા હોન્તિ.**
**૨૫૪**

**મિચ્છાદંસણરત્તા, સનિયાણા હુ હિંસગા;**
**ઇય જે મરન્તિ જીવા, તેસિં પુણ દુલ્લહા બોહી.**
**૨૫૫**

**સમ્મદ્દંસણરત્તા, અનિયાણા સુક્કલેસમોગાઢા;**
**ઇય જે મરન્તિ જીવા, સુલભા તેસિં ભવે બોહી. ૨૫૬**

**મિચ્છાદ્દંસણરત્તા, સનિયાણા, કિણ્હલેસમોગાઢા;**
**ઇઇ જે મરંતિ જીવા, તેસિં પુણ દુલ્લહા બોહી.**

**૨૫૭**

**અર્થ** : કંદર્પ ભાવના, આભિયોગ્ય ભાવના, કિલ્બિષ ભાવના, મોહ ભાવના અને આસુર ભાવના - આ પાંચ ભાવનાઓ દુર્ગતિના હેતુ રૂપ હોઈ દુર્ગતિ તરીકે કહેવાય છે. (આ ભાવના કરનારાઓ દુર્ગતિ રૂપ તથાવિધ દેવનિકાયોમાં જ ઉત્પન્ન થાય છે.) મરણકાળે સમ્યગ્દર્શન વગેરેના વિરાધકને આ ભાવનાઓ થાય છે. (આ ભાવના પહેલાં હોય પણ પછી અનંતકાળે શુભ ભાવના થાય, તો સુગતિ પણ થાય.) અતત્ત્વમાં તત્ત્વના આગ્રહ રૂપ મિથ્યાદર્શનમાં આસક્ત, ભોગની પ્રાર્થના કરનારાઓ અને જીવની હિંસા કરનારાઓ - આવા જીવો જે મરે છે, તે જીવોને ફરીથી શ્રી જિનધર્મની પ્રાપ્તિ રૂપ બોધિ દુર્લભ છે. સમ્યગ્દર્શનમાં સુદૃઢ, ભોગની ઈચ્છા વગરના અને શુકલલેશ્યામાં પેસનારા- આવા જીવો જે મરે છે, તે જીવોને બોધિ સુલભ છે.

મિથ્યાદર્શનમાં આસક્ત, ભોગની ઈચ્છાવાળા અને કૃષ્ણલેશ્યામાં પ્રવિષ્ટ (કૃષ્ણલેશ્યા રૂપ વિશિષ્ટ સંકલેશ હોવાથી જ દુર્લભબોધિપણું છે, એટલે પુનરૂક્તિદોષ નથી.) જે જીવો છે, તે જીવોને ફરીથી બોધિ દુર્લભ બને છે. (૨૫૪ થી ૨૫૭ - ૧૬૯૨ થી ૧૬૯૫)

**જિણવયણે અણુરત્તા, જિણવયણં જે કરેન્તિ ભાવેણં;**
**અમલા અસંકિલિટ્ઠા, તે હોન્તિ પરિત્તસંસારી.**

**૨૫૮**

**બાલમરણાણિ બહુસો, અકામમરણાણિ ચેવ ય બહૂણિ;**
**મરિહિન્તિ તે વરાયા, જિણવયણં જે ન યાણન્તિ.**

**૨૫૯**

**અર્થ** : શ્રી જિનવચનમાં અનુરાગવાળા અને ભાવપૂર્વક શ્રી જિનવચનને જે આત્માઓ કરે છે, તે આત્માઓ શ્રદ્ધાની મલિનતાના હેતુભૂત મિથ્યાત્વ વગેરે ભાવમલથી રહિત-અમલો, રાગ વગેરે સંકલેશ વગરના પરિમિત સંસારી બને છે. ફાંસો ખાવો વગેરેના

કારણભૂત અનેક બાલમરણો, ઘણી વાર અનિચ્છા રૂપ ઘણા મરણો તથા અકામ મરણો વડે તે જીવો મરે છે, કે જે બીચારા જીવો શ્રી જિનવચનને જાણતા નથી અને આચરતા નથી. જો આમ છે, તો શ્રી જિનવચન ભાવપૂર્વક આચરવું જોઈએ ! ત્યાં અતિચારનો સંભવ થતાં, આલોચના તેના શ્રવણયોગ્યોને સંભળાવવી. તે શ્રવણયોગ્યો જે હેતુઓથી થાય છે તેને કહે છે. (૨૫૮+૨૫૯-૧૬૯૬+૧૬૯૭)

**બહુઆગમવિન્નાણા, સમાહિઉપ્પાયગા ય ગુણગાહી;**
**એએણ કારણેણં, અરિહા આલોયણં સોઉં. ૨૬૦**

**અર્થ** : સૂત્રની અને અર્થની અપેક્ષાએ ઘણા આગમના વિશિષ્ટ જ્ઞાનધારક, જે દેશ અને કાળ - અભિપ્રાય વગેરેના જાણકાર હોઈ, મધુર વાક્ય આદિથી આલોચકોને સમાધિને જ ઉત્પન્ન કરનાર છે અને ઉપબૃંહણ માટે બીજાઓના સત્ય ગુણને ગ્રહણ કરવાના સ્વભાવવાળા છે, માટે બહુશ્રુતત્વ - સમાધિ-ઉત્પાદકત્વ-ગુણગ્રહણ આદિ કારણોથી આચાર્ય આદિ

આલોચના શ્રવણયોગ્ય થાય છે. (૨૬૦-૧૬૯૮)

**કન્દપ્પ-કોક્કુયાઇં, તહ સીલ-સહાવ-હસણ-વિકહાહિં;**
**વિમ્હાવિન્તો ય પરં, કન્દપ્પં ભાવણં કુણઇ. ૨૬૧**

**અર્થ** : કંદર્પ (અટ્ટહાસ્યપૂર્વક હસવું, ગુરૂ વગેરેની સાથે કઠોર વક્રોક્તિ આદિ રૂપ આલાપો, કામકથા, ઉપદેશ, પ્રસંશા વગેરે કંદર્પ.) કૌકુચ્ય કાયથી અને વચનથી બે પ્રકારનું છે. કાયકૌકુચ્ય-પોતે નહિ હસીને ભવાં, આંખો આદિના વિકારોને એવી રીતે કરે, કે જેથી બીજો હસ્યા જ કરે. તેવી રીતે બોલે, કે જેથી બીજો હસે. નાનાવિધ જીવોના અવાજો કરે છે અને મુખથી વાજિંત્રનું વાદન કરે છે, તે વાક્કૌકુચ્ય કહેવાય છે. જે પ્રકારે બીજાને આશ્ચર્ય ઉત્પન્ન થાય તથા સ્વભાવ, અટ્ટહાસ્ય વગેરે હાસ્ય, પરને આશ્ચર્ય પમાડનાર વિવિધ આલાપના સમુદાય રૂપ વિકથાઓથી તથા શીલસ્વભાવ હાસ્ય વિકથાઓથી બીજાઓને આશ્ચર્ય પેદા કરનાર, કંદર્પ દેવોની ઉત્પત્તિમાં હેતુભૂત કાંદર્પી ભાવનાને કરે છે. (૨૬૧ - ૧૬૯૯)

**મન્તાજોગં કાઉં, ભૂઈકમ્મં ચ જે પઉંજન્તિ;**
**સાય-રસ-ઇડ્ઢિહેઉં, અભિઓગં ભાવણં કુણઇ.**

**૨૬૨**

**અર્થ** : મંત્રો એને યોગો (તથાવિધિ દ્રવ્યસંયોગ રૂપ યોગ)ને કરી ભસ્મથી (માટી - દોરાથી) રક્ષા માટેની ક્રિયા ભૂતિકર્મ-કૌતુક વગેરેનો જે સુખ આદિ માટે પ્રયોગ કરે છે. અર્થાત્ પુષ્ટ આલંબનમાં નિઃસ્પૃહ મુનિને આમ કરનારને પણ દોષ નથી, પરન્તુ શ્રી જિનશાસનની પ્રભાવના રૂપ ગુણ જ થાય છે. તે અભિયોગી ભાવનાને કહે છે. (૨૬૨-૧૭૦૦)

**નાણસ્સ કેવલીણં, ધમ્માયરિયસ્સ સંઘ-સાહૂણં;**
**માઈ અવણ્ણવાઈ, કિબ્બિસિયં ભાવણં કુણઇ.**

**૨૬૩**

**અર્થ** : શ્રુતાદિ જ્ઞાનના, કેવલીઓના, ધર્માચાર્યના તથા સંઘ - સાધુઓના અવર્ણ (નિંદા)વાદી અને માયાવાળો, કિલ્બિષિકી ભાવનાને કરે છે. (૨૬૩-૧૭૦૧)

**અણુબદ્ધરોસપસરો, તહ ય નિમિત્તમ્મિ હોઇ પડિસેવી;**
**એએહિં કારણેહિં, આસુરિયં ભાવણં કુણઇ. ૨૬૪**

**અર્થ :** અવિચ્છિન્ન રોષના ફેલાવાવાળો, તથાચ અપુષ્ટ આલંબનમાં પણ અતીત આદિ નિમિત્તના વિષયમાં ભાષણ કરનારો - ભવિષ્યભાષી - જ્યોતિષીનું કાર્ય કરનારો,, એ બે કારણોથી આસુરી ભાવના કરે છે. (૨૬૪-૧૭૦૨)

**સત્થગ્ગહણં વિસભક્ખણં ચ, જલણં ચ જલપવેસો ય;**
**અણાયારભંડસેવા, જમ્મણ-મરણાણિ બંધન્તિ.**
**૨૬૫**

**અર્થ :** આપઘાતમાં શસ્ત્રનો પ્રયોગ, ઝેરનું ભક્ષણ, અગ્નિપ્રવેશ, જલપ્રવેશ, ભૃગુપાતાદિ અને અનાચાર ભાંડસેવા (હાસ્ય, મોહ આદિથી શાસ્ત્રવિહિત વ્યવહાર રૂપ આચાર વિરૂદ્ધ ઉપકરણોનો પરિભોગ), એ કારણોને સેવનારા જન્મ-મરણોના નિમિત્તભૂત કર્મોને બાંધે છે, કેમ કે

- શસ્ત્રગ્રહણ વગેરે સંકલેશના હેતુભૂત હોઈ અનંત ભવના મૂળ કારણો છે. અહીં ઉન્માર્ગના સેવનથી અને માર્ગનો વિરોધ હોઈ અર્થની અપેક્ષાએ મોહી ભાવના કહેલ છે. આ અશુભ ભાવનાઓનું તાત્કાલિક ફળ દેવદુર્ગતિમાં ગમન અને પરંપર ફળ અનંત સંસારસાગરમાં ભમવાનું છે. (૨૬૫ - ૧૭૦૩)

**ઇતિ પાદુક્કરે બુદ્ધે, નાયએ પરિનિવ્વુએ;**
**છત્તીસં ઉત્તરડજ્ઝાએ, ભવસિદ્ધિયસમ્મએ. ૨૬૬**

**॥ ત્તિ બેમિ. ॥**

**અર્થ** : બુદ્ધ (કેવલજ્ઞાન દ્વારા સકલ વસ્તુતત્ત્વના જાણકાર) જ્ઞાતજ (સિદ્ધાર્થનંદન - જ્ઞાતકુલમાં ઉત્પન્ન થનાર) પરિનિર્વૃત્ત (કષાય વગેરેના તાપના ઉપશમથી પરમ સ્વસ્થ) શ્રી વર્ધમાનસ્વામીએ, ભવસિદ્ધિક રૂપ ભવ્યોને પરમ પ્રિય એવા છત્રીશ ઉત્તાર (પ્રધાન) અધ્યયનો પ્રકાશિત કરેલ છે. આ પ્રમાણે હે જંબૂ ! હું કહું છું.

(૨૬૬-૧૭૦૪)

ધર્મકલ્પવૃક્ષસ્કંધ રૂપ શ્રુતસ્કંધનું નિર્યુક્તિકાર પણ માહાત્મ્ય જણાવતાં કહે છે કે - જે ખરેખર આસન્નસિદ્ધિવાળા, રત્નત્રયીના આરાધક અને ગ્રંથિભેદવાળા ભવ્ય આત્માઓ છે, તે આ છત્રીશ ઉત્તરાધ્યયનોને ભણે છે.

જે અભવસિદ્ધિક (અભવ્ય) અને ગ્રંથિનો ભેદ નહિ કરનારા છે, તે અનંતસંસારી છે. તે સંકિલષ્ટ કર્મવાળાઓ ઉત્તરાધ્યયનના પઠનમાં અભવ્ય - અયોગ્ય છે.

આથી શ્રી જિનકથિત, અર્થભેદ રૂપ, અનંતગમોથી અને શબ્દપર્યાય રૂપ પર્યવોથી સંયુક્ત ઉત્તરાધ્યયનો, ઉપધાન આદિ ઉચિત ક્રિયા રૂપ યોગ પ્રમાણે ગુરુના પ્રસાદથી ભણવા જોઈએ. તેમાં પ્રમાદ કરવો નહિ. શ્રુતના અધ્યયનના અર્થીએ અવશ્ય ગુરૂઓને પસંદ કરવા જોઈએ - એમ અહીં ગર્ભિત સૂચન છે.

વિઘ્નરહિત જે આત્માના આરંભેલ આ ઉત્તરાધ્યયનો મહા મુશ્કેલીએ સમાપ્ત થાય છે, તે ભવ્ય આત્મા આ ઉત્તરાધ્યયનોને મેળવે છે. આ પ્રમાણે પૂર્વ ઋષિઓ કહે છે.

**(ઇઇ જીવાજીવવિભત્તી અજ્ઝયણં સમત્તં (૩૬))**

**॥ સિરિઉત્તરજ્ઝયણ સુયક્ખંધો સમ્મત્તો ॥**

❖ ❖ ❖

- પુસ્તકને પગ લગાડાય નહિ, તેને નીચે મુકાય નહિ.
- પુસ્તકને થૂંક લગાડાય નહિ, તેને પછડાય નહિ.
- પુસ્તક પાસે રાખી ઝાડો કે પેશાબ થાય નહિ.
- પુસ્તક પાસે રાખી ભોજન-નાસ્તો થાય નહિ.
- પુસ્તકને અશુદ્ધ કપડે કે એંઠા મોઢે વંચાય નહિ.
- પુસ્તકને પૂંઠા ચડાવીને વપરાય, પુસ્તકને ફડાય નહિ.
- પુસ્તક કે કાગળ પર બેસાય નહિ, ઓશીકે રખાય નહિ.
- પુસ્તક કે કાગળ બળાય નહિ, ગટરમાં ફેંકાય નહિ.

## જ્ઞાનની આશાતના કરવાથી શું થાય ?

આંધળા, બહેરાં, બોબડા, મૂંગા, લૂલા, લંગડા, પાંગળા, રોગી, દિન, દરિદ્ર, ભિખારી થાય તેમજ માતા-પિતાનો વિયોગ થાય માટે...

જ્ઞાન અને જ્ઞાનીનો હંમેશા વિનય - બહુમાન કરવા પગે લાગવું. જ્ઞાનના કોઈપણ સાધનની અને જ્ઞાનની આશાતના કરવી નહી.

પુસ્તક, કાગળ, પેન્સિલ, પાટી, પેન, સાપડા, શાહી, કલમ વગેરે બધું જ જ્ઞાન કહેવાય.

# સંઘ પૂજન
# સંઘપૂજન એટલે...?

ફક્ત કંકુનું તિલક... ના ભાઈ... ના...
સંઘ પૂજન એટલે સાધર્મિકનું બહુમાન...
આ સાધર્મિકનો આત્મા કદાચ ભાવિનો અરિહંત-સિદ્ધ-ગણધર ભગવંતનો આત્મા હોઈ શકે તેથી જ સંઘ પૂજન એટલે આવા ઉત્કૃષ્ટ આત્માની ભક્તિ...

## સંઘ પૂજન

અહો ! સુકૃતમ્ !!!

પરમકૃપાળુ પરમાત્માનો સંઘ અત્યંત રત્નોની ખાણ છે. એમાં અનેક ભાવિ અરિહંત, ગણધર, આચાર્યો, યુગપ્રધાનો, ઉપાધ્યાયો અને સાધુ ભગવંતોના આત્મા રહેલા છે. ખુદ પરમાત્મા પણ "નમો તિત્થસ્સ" કહી શ્રી સંઘને વંદી પછી - દેશના આપે છે, આવા પુણ્યવંતા સંઘે અમને સંઘપૂજનનો લાભ આપ્યો તેથી કૃતકૃતાર્થની લાગણી અનુભવીએ છીએ...

VIRAL TRADERS, 98248 94933